


ચિંતનરત ગાંધીજી
(ફોટો · જગન મહેતા)
૨૯મી માર્ચ ઈ. ૧૯૩૩

એને હતું મંગલ સ્વપ્ન એક:
પાપોતણાં સૃષ્ટિપુરાણ થાણાં
ઉખેડીને આ પ્રભુની ધરામાં
પુણ્યોતણું નંદન નવ્ય રોપવું.
અને મહાબાળણુ આસુરી બળો
સામે હતાં, તો ય, સદા ય એણે
આયુષ્યના આદિમ પ્હોરથી તે
છેલ્લી ક્ષણો સુધી અદમ્ય તેજે
ઝૂઝ્યા કર્યું...સ્વપ્નની સિદ્ધિ અર્થે.

કરસનદાસ માણેક

[૩૦મી જાન્યુઆરીએ આવતી પહેલી સંવત્સરીના સ્મરણમાં]

કુમાર

અંક ૩૦૧
આવતી કાલનાં નાગરિકોનું માસિક · સંસ્થાપક રવિશંકર રાવળ · તંત્રી · બચુભાઈ રાવત
જાન્યુઆરી '૪૯



ઝરણું

ચિત્રકાર · રસિકલાલ પરીખ

કુમાર
જાન્યુઆરી ૧૯૪૯
અંક ૩૦૧

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તાઓ


લેખો

વિભાગો

ગ્રાહકોને

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી. મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૭ાા; પરદેશમાં રૂ. ૯ાા અથવા ૧૫ શિલિંગ. છુટક નકલના બાર આના.



પ્રાચીન કળામાં હસ્તચિહ્નો તથા આયુધો : આપણાં પ્રાચીન ચિત્રો તથા શિલ્પોમાં મૂર્તિઓના હાથમાં અમુક વસ્તુઓ તથા આયુધો આપેલાં દેખાય છે. એ બધાં હસ્તચિહ્નો પાછળ અમુક સંકેત રહેલા હોય છે. આ ઉપર એવાં કેટલાંક સર્વસામાન્ય પ્રતીકોનો સમૂહ આપ્યો છે, જેનાં નામ, તેના પર લખેલા ક્રમાંક મુજબ આ પ્રમાણે છે: ૧ માળા, ૨ ફળ, ૩ શંખ, ૪–૫ કમળ, ૬ ડમરુ, ૭ વજ્ર, ૮ ખડ્ગ (તલવાર), ૯ પાશ, ૧૦ ભાલો, ૧૧–૧૨ કમળ, ૧૩ આમ્રલૂંબી (આંબાની લૂમ), ૧૪ હાથી, ૧૫ ઢાલ, ૧૬ કમંડળ, ૧૭ છત્ર, ૧૮ પુસ્તક, ૧૯ શંખ, ૨૦ ઘંટ, ૨૧ પાશ, ૨૨ વીણા, ૨૩ બાળક, ૨૪ આમ્રલૂંબી, ૨૫ ભાલો, ૨૬ બાણ, ૨૭ જમૈયો, ૨૮ ધનુષ, ૨૯ ત્રિશૂલ, ૩૦ બાળક, ૩૧ કમળ, ૩૨ કુંભ. (બ્લૉક: શ્રી સારાભાઇ નવાબ સંપાદિત 'ભારતનાં જૈન તીર્થો'માંથી—તેમના સૌજન્યથી)

કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક
જાન્યુઆરી
૧૯૪૯

કોણ ?

કોણ રે આવી વ્હૈ ગયું ?
મનને મારા સીમાઓની પાર જવાને કહી ગયું;
કોણ રે આવી વ્હૈ ગયું ?

પાંપણપીંછી આંખને ખોલી
દેશ તે નવા લાધે,
સોણલેભીડી, પાંખને પેલી
દૂર તે જવા વાધે,
મતવાલી આ મમતા પ્યાલી કોણ રે આવી દૈ ગયું ?
કોણ રે આવી વ્હૈ ગયું ?

આજુબાજુના કોઇ આજે તો
બંધ ના એને બાંધે,
ઊડવા એ તો દિગ્દિગન્તો-
પારના સેતુ સાંધે,
મનખામાંથી માયાને કોઇ છાયા બનાવી લૈ ગયું:
કોણ રે આવી વ્હૈ ગયું ?

પિનાકિન્ ઠાકોર

અ-કારણે

અ-કારણે આજ મારૂં મન ઘેલું ઘેલું થાય!
મૂંગું રહેવા જેમ મનાવું તેમ એ વ્હેલું ગાય!

મારે અધર સ્મિત ફૂટે
તો ઝાકળ થૈને છાય,
(ને) નેણમાંથી જો નીર છૂટે
તો હસી હસી ન્હાય;
વણજોયાંને વ્હાલ કરે ને મુજને એ ના ચ્હાય!
અ-કારણે આજ મારૂં મન ઘેલું ઘેલું થાય!

લોકની માયા શીય કીધી તે
નિજમાં એ ના માય,
(ને) કોઇની છાયા જોઇ લીધી કે
ચરણ ચૂમવા ધાય;
ક્યારેય જે ના નોતરે એને ઘેર એ પ્હેલું જાય!
અ-કારણે આજ મારૂં મન ઘેલું ઘેલું થાય!

નિરંજન ભગત

બંધનજનિત શક્તિ

પાણીમાં રંગ છે ના, તદપિ નિકટના પાળના પથ્થરોથી
બંધાતાં તો ધરે એ નિજ શરગ તણો લીલનો રંગ લીલો;
ને જાણે કે હવે છે અવર નવ કશો છેક ઉપાય, ત્યારે
જન્માવે છે અરે એ કમલ રતુમડાં—શક્તિનાં ત્યાં પ્રતીકો.

પ્રિયકાન્ત મણિયાર

ગોઠ

શિખરિણી

વખાણું છું ઊંચે નજર કરીને ચન્દ્રકિરણો,
વિતાને વેરાયા-રજનીસ્મિત જેવા-ઉડુગણો:
નિહાળીને આશ્રે જંલભરિત ધેનુ નભતણી
કથા આલેખું છું મૃદુ કવનમાં મેઘદૂતની.

ચડું છું આંખોની કરી નિસરણી અદ્રિમુકુટે,
ઉષાને અંબોડે સુરજમુખીનાં ફૂલ ગણતો:
ચડી વાયુઝૂલે દિશ સકલની લેઈ ફુદડી
પડું છું હું પાછો ધરતી પર મારી નનકડી.

નથી સ્પર્શાતાં તે કિરણ લઇ મારે શું કરવું?
કરું શું તારાને ધરતી મૂકી જેને ચમકવું?
અતિ દુર્ગંધી વાદળસમૂહ મારે શું ખપનો?
ઊંચે જોઈ પેલો ગિરિમુકુટ ફૂલે મફતનો!

હવે મારે ઢેફાં, ધૂળશું થઇ છે ગોઠ ગરવી,
ચડાઈ એમાંથી, વિલીન પણ એમાં જ કરવી.

ઈન્દુલાલ ગાંધી

વીર્યવાનને

· અનુષ્ટુપ ·

કાળની જીર્ણ દીવાલો વચ્ચે ઘૂમતું વિશ્વ આ;
નથી કાંઇ કુમાશે કે સહાનુભૂતિથી ભર્યું.

શોક, તાપ, ભય, ચિંતા, દારિદ્ર ને પરાજય,
લોભ, મત્સર ને મોહ, તિરસ્કારે ભર્યું પડ્યું.

પરંતુ એ બધાં વચ્ચે ધ્યેય સન્મુખ રાખીને
માર્ગ જે કાપતો, ધન્ય માનવત્વ કરી જતો.

ઉદ્ધાથી નિજને છેદી, સ્વકર્મે રહીને રત,
તજીને સંશયો સર્વ, આવકારી પ્રઘર્ષણ,

ધપ્યે જાતો, ધપ્યે જાતો, ક્લાન્તિ સર્વ ભૂલી જતો
અમર્ત્યોની જમાતે એ સાધિકાર પ્રવેશતો.

કદિ યે સિદ્ધિની પ્રાપ્તિ સાંભળી બલહીનને?
વિશ્વ તો નમતું આવે ચરણે વીર્યવાનને.

અશોક હર્ષ

રાષ્ટ્રધર્મ

એક રાજ્યના નવાબ અમેરિકાથી એક મોટર લેતા આવ્યા હતા. તેમાં રેડિયો-સેટ વગેરે દરેક સગવડ હતી. અને બીજી અજાયબી એ હતી કે તે જમીન પર ચાલતી ને પાણી પર પણ તરી શકતી ! મોટરની કિંમત પણ ઓછી ન હતી : કેવળ ૩૦,૦૦૦ રૂપિયા !

પરંતુ રાજ્યમાં આવ્યા પછી નવાબને ખરી મુશ્કેલીનું ભાન થયું. રાજ્યભરમાં એક પણ પાકી સડક ન હતી! મોટર ચાલે ક્યાં? ગ્રામ-જનતામાં પણ હાસ્યની એક વિચિત્ર વૃત્તિ હોય છે. લોકો કહેવા લાગ્યા : 'આ મોટર તો તળાવમાં જ તર્યા કરશે.' આ વાત નવાબના કાન સુધી પહોંચી. ગુસ્સો તો ખૂબ ચડયો, પરંતુ વાત સત્ય હોય ત્યારે કોઇની જીભ પકડી શકાય છે ? રાજ્યની આવક એટલી ન હતી કે રેલવે સ્ટેશનથી રાજધાની સુધી પાકી સડક બનાવડાવી શકે. અંતે હારીને નવાબે મોટરને રેલવે સ્ટેશનની નજદીકના ગરાજમાં કેદ કરી દીધી; અને થોડા દિવસ પછી દિલ્હીથી એક એજન્ટ આવ્યો તેની સાથે સોદો થઈ ગયો. નવાબે ત્રીસ હજારની મોટર બાવીસ હજારમાં વેચી નાખી.

આપણા સમાજના ઘણા લોકોની સ્થિતિ આ નવાબ જેવી છે. આપણે વ્યક્તિવાદમાં એટલા મગ્ન છીએ કે આસપાસના સમાજનો આપણને ખ્યાલ જ નથી આવતો. આપણી અંદર એ વિચાર જ પેદા નથી થતો કે જ્યાં સુધી મારા સમાજબંધુ સુખી નહિ થાય ત્યાં સુધી હું સુખી નહિ થઇ શકું.

બીજી એક વૃદ્ધાની ખરી બનેલી વાત છે. એક દિવસ તેણે ઘરમાં મરેલો ઉંદર પડેલો જોયો. માજીએ ચીપિયા વડે તેની પૂંછડી પકડી બારીમાંથી બહાર રસ્તા ઉપર ફેંકી દીધો. એ ત્યાંથી પસાર થતા એક લાલા ભોલારામ ઉપર પડયો. માજીએ તો મુડદાથી છૂટા થઇને ગૌમૂત્રથી બે વખત એ જગ્યાને સાફ કરી ને બીજી વખત સ્નાન કર્યું. બસ, તેણે સમજી લીધુ કે મારું કર્તવ્ય પૂરું થઇ ગયું છે. પણ ખરી રીતે તો તેણે આમ પોતાના ઘરની સફાઇ કરીને શહેરને જ નહિ પણ આખા પ્રાંતને પણ અસ્વચ્છ બનાવી ખેદાનમેદાન કરી નાખ્યો હતો.

પેલો ઉંદર પ્લેગનો હતો. તે જંતુ લાલા ભોલારામના શરીર પર ચડયાં. તે ત્યાંથી રાવલપીંડી થઇને ગુજરાનવાલા ગયાં. ગુજરાનવાલામાંથી એ રોગ કેટલાં યે શહેરોમાં ફેલાયો. પ્રાંતભરમાં સંકટ આવી પડયું. તે એટલે સુધી કે છેલ્લે એ વૃદ્ધાનું ઘર પણ બચવા ન પામ્યું. વૃદ્ધા અને તેનો પરિવાર પ્લેગની ઝપટમાં આવી ગયાં. આ વાત જૂની છે, પણ સત્ય છે.

આ મહાસંકટના શ્રીગણેશ જે વૃદ્ધાથી થયા તેને જો સમસ્ત સમાજનો વિચાર હોત, અને એ પણ ખબર હોત કે પ્લેગના ઉંદરને બાળી નાખવો એ જ ધર્મ છે, તો તે તેને શેરીમાં ન ફેંકત અને પ્લેગ પ્રાંતભરમાં ન ફેલાત. વૃદ્ધાના ઘરમાં જ પ્લેગનાં સઘળાં જંતુ મરી જાત. પરંતુ વૃદ્ધાના મનમાં વ્યક્તિગત સ્વચ્છતાનો ખ્યાલ હતો; તેને સામાજિક સ્વચ્છતાની ચિંતા ન હતી. 'શેરી ભલે ગંદી થઈ જાય, પણ મારું ઘર સાફ રહેવું જોઇએ' એ તેની વૃત્તિ હતી; પરિણામ શું આવ્યું ? ગલી પણ ગંદી થઇ, (ઘર તો અંતે ગંદુ થયું જ,) શહેર અને પ્રાંત પણ ગંદાં થયાં.


કોઈપણ કાર્ય કરતાં પહેલાં આપણે વિચારવું જોઇએ કે, આ કાર્યની અસર બાકીના સમાજ ઉપર કેવી પડશે ? સમાજને માટે ઘાતક તો નહિ થાય ને? જો સમાજને હાનિ પહોંચે છે તો હું પણ સમાજનું એક અંગ હોવાથી મને પણ પરિણામે નુકસાન જ થશે.

એ જ રીતે ધર્મ-વિષયમાં યે જનસાધારણની ધારણા કંઈક વિચિત્ર છે. કેટલાક મહિના પહેલાં લાહોરમાં આયુર્વેદિક વિદ્યાલયની શરણાર્થી છાવણીમાં ડેરા ઈસ્માઈલખાંના કેટલાક પીડિત માણસો આવ્યા હતા. વિદ્યાલયના ઘાસના મેદાનમાં એક સાધ્વી બેઠી હતી. તેનાં કપડાં ગેરૂઆ રંગનાં હતાં. મુખ પર એક વિશેષ પ્રકારનું તેજ હતું. આસપાસ લોકોની મેદની હતી. તેને તે ઉપદેશ આપી રહી હતી: 'આપણે બધા પોતપોતાનાં ધર્મ-કર્મ કરીએ છીએ, પરંતુ એક વાતનો વિચાર નથી કરતા કે સૌનો મળીને પણ કોઇ ધર્મ છે. એ ધર્મ ભૂલી જવાથી આજે આપણી આ દુર્દશા થઈ છે. હું નથી જાણતી કે તમને આ ખ્યાલમાં આવે છે કે નહિ. હું તો મારી ભૂલ સારીરીતે સમજી છું. ડેરા ઈસ્માઈલખાંની નજીક પહાડપુરમાં મેં એક મોટો આશ્રમ સ્થાપ્યો હતો. હજારો રૂપિયાનો એના ઉપર ખર્ચ થયો હતો. અનેક સાધુ-સાધ્વી ત્યાં રહેતાં. પણ કોઇને એ ખ્યાલમાં ન આવ્યું કે આની રક્ષાનો પણ પ્રબંધ કરવો જોઇએ. હું પણ એ વખતે યોગાભ્યાસમાં બેઠી રહી. એ વિચાર ન આવ્યો કે, જો મારો સમાજ બલવાન નહિ હોય તો પછી આ યોગાભ્યાસ શા કામનો ? મેં વ્યક્તિગત ધર્મપાલન કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ સમાજધર્મની પરવા ન કરી. એનું કડવું ફળ આજે આપણે સૌ ભોગવી રહ્યાં છીએ. મારી યોગસાધના, આશ્રમ-શાંતિ તથા ભજનકીર્તન સર્વ ધૂળમાં મળી ગયાં.' આટલું બોલતાં એ સાધ્વીની આંખમાંથી આંસુ ચાલ્યાં. લોકો એકબીજાની સામે જોઈ રહ્યા.

કેટલાક 'ધર્મિષ્ઠો' કહે છે: 'આ દુનિયામાં આવું તો ચાલ્યા જ કરવાનું. અંતે આપણે પરલોક તો સંભાળવો જોઇએ ને ?' પણ જે માણસો આ લોકમાં સફળ નથી થયા એ પરલોકમાં કેમ સફળતા પ્રાપ્ત કરશે ?

આ લોકમાં સફળતા પ્રાપ્ત કરવી એનો અર્થ એ નથી કે બેંકમાં સારી રીતે પૈસો એકઠો કરી લેવો, બેચાર દુકાન અને મકાન તૈયાર કરી લેવાં, પુત્ર-પુત્રીના વિવાહ સમયે લાખો રૂપિયા ખર્ચી નાખવા. પરંતુ 'આ લોકમાં સફળતા'નો અર્થ એ છે કે, સમાજના હિતને માટે નિષ્કામ કર્મવૃત્તિ. આનું બીજું નામ છે 'સામાજિક ભાવના.' આ જ રાષ્ટ્રીય કાર્ય છે. એ કાર્ય ઈશ્વરી પણ છે; કેમકે સમાજ ઈશ્વરનું જ એક સ્વરૂપ છે. જેને સમાજના નાનામાં નાના અને ગરીબમાં ગરીબ લોકમાં ભગવાન દેખાય છે એનાં જ્ઞાનચક્ષુ ખુલી ગયાં, તેણે આત્માનું દર્શન કરી લીધું ને પરમાત્માને પ્રાપ્ત કરી લીધો. એ રાષ્ટ્રધર્મ જ સર્વથી ઉચ્ચ ધર્મકર્તવ્ય છે. એ વગર સમાજ આગળ નહિ જઈ શકે. અને જ્યાં સમાજ આગળ નથી જઇ શકતો ત્યાં સમાજની કોઇપણ વ્યક્તિ પણ ઉન્નતિ નથી મેળવી શકતી.

ધર્મવીર



આપણે આપણી આઝાદી પ્રામાણિકપણે ને આબરૂભેર લીધી છે ને તે જ પ્રામાણિકતા તથા આબરૂભેર આપણે તેને ટકાવવી જોઇએ. આપણે એવાં કામ કરી બતાવીએ કે આખી દુનિયાને કહેવું પડે કે આ લાયક લોકો છે. —ગાંધીજી

અનંત લક્ષ્મણ કાન્હેરે

બંગાળમાં ક્રાંતિકારી પ્રવૃત્તિએ જોર પકડયું તે પહેલાં મહારાષ્ટ્રમાં યુવાનોમાં ક્રાંતિની ભાવના ફેલાવા માંડેલી અને ગુપ્ત મંડળોની સ્થાપના થએલી. ૧૮૯૭માં ચાફેકર બંધુઓએ પિસ્તોલનો પહેલો ધડાકો કરી હિંદભરના શાંત નભોમંડળમાં જે ખળભળાટ મચાવી મૂક્યો ત્યારથી જ મહારાષ્ટ્રના જુવાનોમાં ક્રાંતિનો નવો પવન વાવો શરૂ થએલો. આગ, ક્રાંતિનાં જે બી યુવાનોનાં મનમાં વવાયાં તેને ઉછેરવાનું ને તેનો વિકાસ કરવાનું કામ કર્યું 'કાળ' પત્રના સમર્થ તંત્રી શિવરામ મહાદેવ પરાંજપેની કલમે. તે કાળે લો૰ ટિળકના 'કેસરી' કરતાં પણ 'કાળ' વધુ નિર્ભયતાથી સ્વાતંત્ર્યવાદ તથા ક્રાંતિવાદનો પુરસ્કાર કરતું. નાનાનાના સુધારાની પાછળ શક્તિ વેડફી ન દેતાં સંપૂર્ણ રાજકીય સ્વાતંત્ર્યના ધ્યેયની જ ઘોષણા કરવી જોઇએ એવી પરાંજપેની વિચારસરણીએ ઘણા યુવાનોને આકર્ષ્યા હતા. એ રીતે આકર્ષાએલાઓમાં પોતાની કુશાગ્ર મેધાને કારણે નાશિકમાં રહેતા વિનાયક દામોદર સાવરકર મોખરે આવતા હતા. નાશિકમાં તેમણે તેજસ્વી યુવકોનું એક વર્તુળ તૈયાર કરીને પોતાની એ સ્વાતંત્ર્યભાવનાનો પ્રચાર કરવા માંડયો. તેમને લાગ્યું કે હિંદને હાલના સંજોગોમાં સ્વાતંત્ર્ય મેળવી આપવું હોય તો સશસ્ત્ર ક્રાંતિ સિવાય બીજો ઉપાય નહોતો. પણ સશસ્ત્ર ક્રાંતિ એ કંઈ રમતવાત નહોતી. સૌ પહેલાં તો યુવાનોને તૈયાર કરવા જોઇએ અને તે માટે ગુપ્ત મંડળો સ્થાપવાં જોઇએ તથા શસ્ત્રાસ્ત્રો ભેગાં કરવાં જોઇએ. પોતાના ખાસ દિલોજાન મિત્રોમાં આ ગુપ્ત મંડળ સ્થાપવાની તેમણે વાત કરી અને મિત્રોએ તેને સંમતિ આપતાં ૧૮૯૯ના નવેમ્બરમાં મહારાષ્ટ્રમાં પહેલી ક્રાંતિકારી ગુપ્ત સંસ્થાનો પાયો નંખાયો. એ મંડળનું નામ 'રાષ્ટ્રભક્તસમૂહ' રાખવામાં આવ્યું અને તેનો સાંકેતિક શબ્દ 'રામહરિ' નક્કી થયો.

આ ગુપ્ત મંડળની સ્થાપના થયા પછી તેને વિસ્તૃત બનાવવા તેમાં નવાનવા વિશ્વાસુ માણસોની ભરતી કરવાનું ઠરાવવામાં આવ્યું. એ માટે જેમાંથી ચુનંદા યુવકોની પસંદગી કરી શકાય એવા એક પ્રકટ અને વ્યાપક મંડળની જરૂર લાગી. આથી ઇ.૧૯૦૦ના જાન્યુઆરીની પહેલીએ 'મિત્રમેળા' નામની એક પ્રકટ સંસ્થા સ્થાપવામાં આવી. આમ 'મિત્રમેળા' એ ખરી રીતે તો 'રાષ્ટ્રભક્ત સમૂહ'ની ખુલ્લી રીતે કાર્ય કરનારી શાખા જ હતી. એ 'મિત્રમેળા' દ્વારા વિવિધ કાર્યક્રમો શરુ કરવામાં આવ્યા. દર અઠવાડિયે તેની સભાઓ ભરાવા લાગી. તેમાં સભ્યોને દેશની પરિસ્થિતિનું તથા બીજી બાબતોનું જ્ઞાન મળે એ દૃષ્ટિથી વ્યાખ્યાનો અપાતાં. શાળામાંથી જે આવશ્યક જ્ઞાન વિદ્યાર્થીઓને ન મળતું તે આ અઠવાડિક બેઠકોમાં મળી રહેતું. એ સિવાય દરેક સભ્યની ઓછામાં ઓછી જ્ઞાનમર્યાદા નક્કી કરવા દરેકે ૨૦-૨૫ વિશિષ્ટ પુસ્તકો વાંચવાં જ જોઇએ એવો નિયમ કરવામાં આવ્યો. વળી 'મિત્રમેળા' મારફત લો૰ ટિળકે શરૂ કરેલા શિવજયંત્યુત્સવ અને ગણેશોત્સવ ખૂબ મોટા પ્રમાણમાં ઉત્સાહથી ઊજવાવા લાગ્યા. તેમાં સ્વાતંત્ર્યની ભાવનાથી છલકાતાં ભાષણો થતાં તથા દેશભક્તિથી સભર ગીતો ગવાતાં. સાથેસાથે સમાજસેવાનાં કાર્યો પણ 'મિત્રમેળા'એ ઉપાડયાં. ૧૯૦૦ની સાલમાં નાશિકમાં થએલા પ્લેગ વખતે શબને સ્મશાનમાં લઈ જઈ તેના અંત્યવિધિનું વિકટ કાર્ય પણ એ મંડળે કરેલું.

ધીમેધીમે આ 'મિત્રમેળા'ની શાખાઓ આસપાસનાં ગામોમાં પણ સ્થપાવા લાગી, અને ૧૯૦૪ સુધીમાં તો મહારાષ્ટ્રનાં ઘણાખરાં મહત્ત્વનાં સ્થાનો તેણે વ્યાપી લીધાં. આ બધી શાખાઓમાં એકસૂત્રતા જળવાઈ રહે તે માટે સર્વ શાખાના પ્રતિનિધિઓની એક સભા ૧૯૦૪માં નાશિકમાં ભરવામાં આવી. જેમાં ઘણી વાટાઘાટને અંતે તેનું નામ બદલીને 'અભિનવ ભારત' રાખવામાં આવ્યું. જેમ બંગાળની ક્રાંતિકારી ચળવળનાં બી રોપવાનું તથા તેને પોષણ આપી તેનું સમર્થન કરવાનું કાર્ય ત્યાંનાં 'યુગાંતર', 'સંધ્યા' આદિ પત્રોએ કર્યું તેમ મહારાષ્ટ્રમાં 'વિહારી' પત્રે કરેલું.

ઇ. ૧૯૦૬માં સરદારસિંગ રાણાએ જાહેર કરેલી શિવાજી શિષ્યવૃત્તિ મેળવીને સાવરકર ઇંગ્લંડ ગયા ત્યાં પણ તેમણે 'અભિનવ ભારત'ની શાખા સ્થાપી. તેમાં લાલા હરદયાળ, સેનાપતિ બાપટ, મદનલાલ ધીંગરા ઇત્યાદિ મુખ્ય હતા. તેના તરફથી ઇંગ્લંડમાં જાહેર કાર્યક્રમો થતા ખરા, પણ તેનું મુખ્ય કાર્ય હિંદમાં શસ્ત્રાસ્ત્રો પહોંચાડવાનું હતું. તે માટે બૉંબ બનાવવાની વિદ્યા શીખવા હેમચન્દ્ર દાસ તથા હોતીલાલ વર્માને પારીસ મોકલવામાં આવ્યા. ત્યાં રશિયન ક્રાંતિકારો પાસેથી 'બૉંબ-ફૉર્મ્યુલા' મેળવી ઇંગ્લંડ આવ્યા ને બ્રિટિશ સરકારની ચકોર નજર ચૂકવીને બંને હિંદ પણ આવી પહોંચ્યા ને બૉંબ વિદ્યા દેશમાં ફેલાવી દીધી. તે પછી હિંદમાં ક્રાંતિકારી ચળવળને એક સૂત્રમાં પરોવવા ૧૯૦૮ના માર્ચમાં સેનાપતિ બાપટ તથા લાલા હરદયાળને પણ હિંદ મોકલવામાં આવ્યા. મદ્રાસમાં સુબ્રહ્મણ્ય શિવ અને ચિદંબરમ્ પિલ્લે પણ જુવાનોમાં જાગૃતિ આણવા જહાલ પ્રચાર કરતા હતા. સરકારને પણ આ બધી ક્રાંતિકારી પ્રવૃત્તિની ગંધ આવી ગઈ હોઇને તે પણ તેને કચડી નાખવા કટિબદ્ધ બની.

૧૯૦૮ના અરસામાં 'ઇન્ડિયા હાઉસ'માં રસોઇયા તરીકે એક ચતુર્ભુજ નામનો ગુજરાતી રસોઈઓ આવ્યો. સાવરકરે તેને ધીમેધીમે વિશ્વાસમાં લીધો. તે 'અભિનવ ભારત'નાં ઘણાં કામો કરતો. વિવિધ સ્થળે મોકલાતી ગુપ્ત પત્રિકાઓ ઉપર નામો લખવાં તથા તેને જુદીજુદી પોસ્ટ ઑફિસોમાં નાખી આવવી ઈત્યાદિ કામો તેને સોંપાતાં. જે 'બૉંબ મૅન્યુઅલ' પારીસથી લાવવામાં આવ્યું હતું તેની સાઈક્લોસ્ટાઇલ મશીન ઉપર કેટલીક નકલો આ ચતુર્ભુજ તથા બીજા એક માણસ પાસે કરાવીને તે ૨૦ પાનાની ચોપડી ટપાલ માર્ગે પણ હિંદમાં વિવિધ સ્થળે મોકલવામાં આવી હતી.

પરંતુ શસ્ત્રાસ્ત્રો પોસ્ટથી હિંદ મોકલવાં અશક્ય હોવાથી હિંદ જવા નીકળતા દરેક હિંદી સાથે તે મોકલાતાં. એ રીતે પંજાબના માજી મુખ્ય પ્રધાન સર સિકંદર હયાતખાન સાથે પણ પિસ્તોલકારતૂસ તથા ક્રાંતિકારી પત્રિકાઓ આદિ સાહિત્ય મોકલાએલું. પણ પિસ્તોલોનો સૌથી મોટો અને મહત્ત્વનો જથ્થો તો ચતુર્ભુજ સાથે રવાના થએલો. પારીસમાં ખાસ માણસો મોકલીને ૨૧ બ્રાઉનિંગ પિસ્તોલો તથા કારતૂસોની પેટીઓ ખરીદીને ઇંગ્લંડ લાવી રાખેલી. પણ આ સ્ફોટક સાહિત્ય સરકારના હાથમાં પકડાયા વગર કેવીરીતે મોકલવું એ એક મોટો કોયડો હતો, કારણ બંગાળમાં બારીન્દ્રના 'યુગાંતર' પક્ષે બૉંબની જે ધમધમાટી બોલાવી દીધેલી તથા ખુદ લંડનમાં જ મદનલાલે જે ધડાકો કરેલો તેથી બ્રિટિશ સરકાર હવે ખૂબ જ જાગૃત બની હતી. આખરે ચતુર્ભુજને આ કામ

માટે તૈયાર કરવામાં આવ્યો. તેની બૅગમાં તળિયાની નીચે એક ખાસ ચોર ખાનું રાખવામાં આવેલું. આથી આખી બૅગ ખાલી કરવામાં આવે તોપણ તળિયા નીચેની પિસ્તોલો નજરે ન પડે. ૧૯૦૯ની ત્રીજી માર્ચે ઇટાલિયન સ્ટીમર દ્વારા ચતુર્ભુજ મુંબાઈ પહોંચ્યો. દરમ્યાનમાં ઇંગ્લંડથી હિંદ તરફ પિસ્તોલો મોકલાઈ રહ્યા-ની માહિતી હિંદની પોલિસને મળી ગએલી હોવાથી તેઓ કડક રીતે દરેકની જડતી લેતા હતા. એ રીતે ચતુર્ભુજની પણ જડતી લેવાઈ. પણ પોલીસને પેલી પિસ્તોલો જડી નહિ ને ચતુર્ભુજે હેમખેમ મુંબાઇ ઊતરીને તે પિસ્તોલો સૂચના પ્રમાણે યોગ્ય સ્થળે પહોંચાડી દીધી.

નાશિકમાંની 'અભિનવ ભારત'ની પ્રવૃત્તિને મૂળમાંથી ઉખેડી નાખવા માટે ૧૯૦૭ના ડિસેમ્બરમાં સરકારે કલેકટર તરીકે જૅકસ-નની નિમણુક કરી હતી. જૅકસનને મરાઠી અને સંસ્કૃત ભાષા સારી આવડતી હોવાથી તે શ્લેષમાં 'પંડિત જૅકસન' તરીકે ઓળખાતો. તેણે ઉપરઉપરથી મીઠી બોલી બોલીને અંદરખાનેથી કડક ઉપાય લેવાની નીતિ અખત્યાર કરી. સૌ પહેલાં તો ગણેશ સાવરકરને રાજદ્રોહી કવિતા પ્રકટ કરવા માટે કેસ ચલાવીને અંદામાન ધકેલી દીધા. પછી દરેક શાળામાં વ્યાપેલી 'અભિનવ ભારત'ની શાખા ઉખેડી કાઢવા જાસૂસો તથા પોલિસોને નીમી દીધા. આમ ૧૫-૨૦ મહિના કડક હાથે કામ લીધા પછી જૅકસનને વિશ્વાસ બેઠો કે જે હેતુ માટે પોતાની નિમણૂક થઇ હતી તે સફળ થયો છે. જે દિવસે તેનું ખૂન થયું તે જ દિવસે બપોરે તેણે ઉદ્‌ગાર કાઢ્યા હતા કે 'હું નાશિક આવ્યો ત્યારે સરકાર અને લોકો વચ્ચે જે બેદિલી હતી તે નષ્ટ થઈ હોવાથી તથા બંનેનાં મન સાફ થયાં હોવાથી મને સમાધાન થાય છે.' નાશિકમાં આવ્યે જૅકસનને બે વરસ થઇ ગયાં હોવાથી તથા અસંતોષ દૂર થએલો હોવાથી હવે જૅકસનની મુંબાઇ બદલી થઈ હતી. પોતાની પત્નીને તેણે મુંબાઇ રવાના કરી દીધી હતી ને પોતે પણ નાતાલની રજાઓમાં મુંબાઇ જવાનો હતો.

પરંતુ 'અભિનવ ભારત'ના સભ્યો એને જવા દે તેમ નહોતા. જૅકસનના અત્યાચાર તથા ગણેશ સાવરકરને તેણે અપાવેલી કડક શિક્ષાને કારણે તેઓ એવા ખળભળી ઊઠેલા કે તેમણે જૅકસનનું ખૂન કરવાનો નિર્ણય કરી તે કાર્ય અનંત લક્ષ્મણ કાન્હેરે નામના ૧૯ વર્ષના એક નવજવાનને સોંપ્યું. આ પહેલાં કાન્હેરેના ધૈર્યની પરીક્ષા કરવા માટે તેને સળગતા દીવાની ઓગનીને પકડવાનું કહેવામાં આવેલું અને કાન્હેરેએ જરા યે થડકયા વગર તે પકડીને પોતાના ખમીરનો પરચો આપેલો. કાન્હેરે અગાઉ ઔરંગાબાદ પોતાના મામાને ત્યાં રહેતો હતો અને આર્ટ્‌સ સ્કૂલમાં ભણતો હતો. તેનું શરીર તો સાધારણ બાંધાનું હતું, પણ દેખાવ આકર્ષક ને સ્વભાવ રંગીલો હતો. છતાં તેની સાહસિક વૃત્તિ તથા સહનશીલતા માટે 'અભિનવ ભારત'ના વર્તુળમાં તે જાણીતો હતો. ૧૯૦૯ના સપ્ટેમ્બર-માં તેણે નાશિક આવીને પિસ્તોલ ચલાવવાની રીત શીખી લીધી તથા સરકારી કચેરીમાં જઈ જૅકસનને જોઇ પણ આવ્યો.

જૅકસન નાશિક છોડીને જવાનો હોવાથી તેને માનપત્રો આપ-વાના કાર્યક્રમો નાશિકમાં થવા લાગ્યા હતા. તે વખતે કિર્લોસ્કર નાટકમંડળ નાશિક આવેલું હોઈ તેનો 'શારદા' ખેલ તે કાળે ખૂબ જાણીતો હતો. તે નાટક બુધવાર તા. ૨૨-૧૨-૧૯૦૯ના રોજ હતો. પણ જૅકસનની ખાસ વિનતિથી તે મંગળવારે રાખવામાં આવ્યો.

ત્રણ વર્ષ સુધી 'કુમાર' ભેટ

તમારી રસવૃત્તિ અને વિવેચનશક્તિને ઉત્તેજતી
એક નવી ઇનામી હરીફાઇ

બે વર્ષ તથા એક વર્ષના લવાજમનાં બીજાં બે વધારાનાં ઈનામો

૩૦૦મા અંકમાં તમને શું ગમ્યું અને તે શા માટે ?

'કુમાર'નો ૩૦૦મો અંક જોઇને પ્રસન્ન થએલા એક સદ્‌ભાવી મિત્રે એ અંકમાં આવેલી સર્વ કૃતિઓ પૈકી–એટલેકે ચિત્રો, કાવ્યો, વાર્તાઓ, લેખો આદિમાંથી–કઈ કૃતિ પોતાને સૌથી શ્રેષ્ઠ લાગી અને તે શા માટે, એ વિષય પર અભિપ્રાયો લખી મોકલનાર 'કુમાર'ના ગ્રાહકો માટે પોતા તરફથી ત્રણ ઈનામો આપવાનો પ્રસ્તાવ મૂકયો છે, જેની વિગતો નીચે મુજબ છે:

(૧) 'કુમાર'ના ૩૦૦મા અંકમાં આવેલી સર્વ કૃતિઓ—ચિત્ર, કાવ્ય, વાર્તા, લેખ આદિ પૈકી જે કોઈ પોતાને સર્વશ્રેષ્ઠ લાગી હોય તે ગમે તે '**એક**' કૃતિ વિષેનો એ અભિપ્રાય હોવો જોઇએ.

(૨) ભાગ લેનાર 'કુમાર'ના ૧૯૪૯ના પૂરા વર્ષના ગ્રાહક હોવા જોઇએ, અને પોતાના લખાણની નીચે પોતાના પૂરા નામ-સરનામા સાથે પોતાનો ગ્રાહકનંબર અવશ્ય લખેલો હોવો જોઇએ.

(૩) લખાણ ટૂંકું અને ૧૦૦ શબ્દોથી વધારે લાંબું હરગીઝ ન હોવું જોઇએ; નહિતર રદ ગણાશે.

(૪) તારીખ ૧લી માર્ચ ૧૯૪૯ પહેલાં લખાણ 'કુમાર'ના તંત્રીને સરનામે પહોંચી જવું જોઇએ.

(૫) નિર્ણાયકો તરીકે શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ (સહતંત્રી 'પ્રજાબંધુ'), શ્રી ઉમાશંકર જોષી (તંત્રી 'સંસ્કૃતિ') અને 'કુમાર'ના તંત્રી રહેશે.

(૬) સર્વથી શ્રેષ્ઠ ઉત્તર મોકલનારને 'કુમાર' ત્રણ વરસ સુધી, બીજા નંબરે આવનારને 'કુમાર' બે વર્ષ સુધી અને ત્રીજા આવનારને એક વર્ષ સુધી 'કુમાર' ભેટ મોકલાશે.

(૭) આ ભેટની મુદત ઈ. ૧૯૫૦ના જાન્યુઆરીથી ગણાશે અને તે 'કુમાર'ના અંકો સિવાય બીજા કોઈ પણ રૂપમાં આપવામાં નહિ આવે.

'અભિનવ ભારત'ના આગેવાનોએ તે જ વખતે જૅકસનનું ખૂન કરવાનું ઠરાવી તે પ્રમાણે તૈયારી કરવા માંડી. અનંત કાન્હેરેની સાથે મદદનીશ તરીકે કૃષ્ણજી ગોપાળ કર્વે તથા વિનાયકનારાયણ દેશપાંડે નામના બે યુવાનોને પણ આપવામાં આવ્યા, જેથી જો કાન્હેરેથી તે કામ પૂરું ન થાય તો તેઓ પૂરું કરી દે. કાન્હેરેને તો ખાત્રી હતી કે આ બનાવ પછી પોતાને ફાંસીએ જ ચડાવવામાં આવશે, તેથી તેણે તા. ૧૫મીએ પોતાનો છેલ્લો ફોટો પણ પડાવેલો. તા. ૨૧મીએ રાતના ૮—૮॥ વાગ્યે બે પિસ્તોલોથી સજ્જ થઇ તે વિજયાનંદ થીએટરમાં દાખલ થયો. કર્વે અને દેશપાંડે પણ પોતપોતાના સ્થાને તૈયાર હતા. નાટક જોવા બેશુમાર ગિરદી થઈ હતી. પરંતુ નાટક શરૂ થવા છતાં જૅકસન સાહેબ બીજા કાર્યક્રમોમાં રોકાયા હોવાને કારણે આવી શકયા નહોતા. કાન્હેરેએ સૌથી આગળની ખુરશી પર જૅકસન સાહેબની પાસે જ બેસવાની ટિકિટ લીધેલી હતી. ખુરશી પર બેઠાં-બેઠાં જૅકસનની રાહ જોવા કરતાં મોડા આવનારા જૅકસન પર બારણામાંથી જ હુમલો કરવો સરળ થઈ પડશે એમ માની કાન્હેરે બહાર થીએટરના ઓટલા પર આવી બેઠો. બરાબર ૯॥ વાગ્યે જૅકસન આવી પહોંચ્યો અને હસતાંબોલતાંવાતો પ્રવેશદ્વારમાં દાખલ થયો. તેની સાથે જૅક્ષી નામનો એક અંગ્રેજ તથા બે અંગ્રેજ સ્ત્રીઓ હતી. હજી તો જૅકસન ખુરશી પાસે જઇ મોડું થવા માટે દિલગીરી પ્રદર્શિત કરે છે ત્યાં તો કાન્હેરે તેની પીઠ પાછળ જઈ પહોંચ્યો અને આંખના પલકારામાં ખીસામાંથી પિસ્તોલ કાઢીને તેની પીઠ પર ગોળી છોડી. એટલાથી જ કામ પતે એમ નહિ લાગવાથી ફરી આગળ આવીને જૅકસનની સામે બીજી ગોળીઓ છોડવા માંડી. એ રીતે કુલ સાત ગોળીઓ છોડયા પછી આત્મહત્યા કરવાના ઇરાદાથી પિસ્તોલની નળી પોતાના માથા તરફ ફેરવી. પણ એટલામાં તો ડેપ્યુટી કલેકટર ઓપકરે તેનો હાથ પકડી લીધો. કાન્હેરેએ બીજા હાથે ખીસામાંની બીજી પિસ્તોલ કાઢવાનો પ્રયત્ન કર્યો, ત્યાં પેલા જૅક્ષી નામના અંગ્રેજે ધસી આવી તેનો એ હાથ પણ પકડી લીધો. હવે કાન્હેરે શાંત બની ઊભો રહ્યો. સામે જ છિન્નવિછિન્ન થએલો જૅકસનનો દેહ પડયો હતો. તે તો તત્કાળ મૃત્યુ પામ્યો હતો.

પિસ્તોલના આ એકાએક ધડાકાથી આખું થીએટર ધ્રૂજી ઊઠયું. લોકો નાસભાગ કરવા લાગ્યા. તરત પોલીસે આવી થીએટરને ઘેરો ઘાલી દરેકની જડતી લીધી અને તેમાં કર્વે ને દેશપાંડે પણ પકડાઇ ગયા. જેલમાં કાન્હેરે તથા બીજા પર કાવતરાની બધી હકીકત કઢાવવા ઘણા જુલમ કરવામાં આવ્યા. કાન્હેરેના માથા પર દંડાઓના પ્રહાર પણ કરવામાં આવતા. પણ એ નિર્ભય જુવાનનો જવાબ એક જ હતો: 'મેં મારું કર્તવ્ય કર્યું છે.' જેલવાસ દરમિયાનના તેના નીડર વર્તનથી દરેક જણ ચકિત થઈ જતો. આખરે કાન્હેરે, કર્વે અને દેશપાંડે પર કેસ શરૂ થયો અને ત્રણેને સજા આપવામાં આવી. હસતાં-હસતાં ત્રણેએ તે સ્વીકારી લીધી અને ૧૯૧૦ના એપ્રિલની ૧૯મીએ ત્રણેને થાણાની જેલમાં ફાંસીએ ચડાવવામાં આવ્યા. આમ માતૃભૂમિના સ્વાતંત્ર્ય-યજ્ઞમાં ત્રણ વધુ આહુતિ હોમાઈ.

ઠંડી વીરતા

હું કોલંબિયા યુનિવર્સિટીમાં શીખવતો હતો તે વખતે ૧૯૧૪ની પાનખરમાં રેજિનાલ્ડ પૅજેટ નામનો એક યુવાન તેના શિક્ષણ માટે મારી સલાહ લેવા આવ્યો. સામાન્ય વિદ્યાર્થી કરતાં તેનામાં એ સલાહ માટે અત્યંત તીવ્ર આતુરતા જણાતી હતી. હજી પણ એનો પાતળિયો દેહ, તેજસ્વી આંખો અને ચપળ ચહેરો મારી આંખ આગળ રમે છે. પણ એ આવેલો પૈડાંવાળી ખુરશીમાં બેસીને. તેના બંને પગ નિર્જીવ—નકામા થઇ ગયા હતા.

તેણે કહ્યું કે 'મારો અભ્યાસ પૂરો કરવાનો બધો ખર્ચ તો મારા મિત્રોએ ઉઠાવી લીધો છે, પણ ખરો પ્રશ્ન તો આખો યે અભ્યાસ અઢી વરસમાં પૂરો કેમ કરી લેવો તે છે.'

'કેમ? તે પછી તમે શું કરવાના છો?' મેં પૂછ્યું. આછું સ્મિત કરી એણે જવાબ આપ્યો: 'તે પછી હું મરી જવાનો છું!'

હું અવાક્ થઈ ગયો. પણ તરત જ એણે મને સમજણ પાડી. તેને વરત્રનો પક્ષઘાત લાગુ પડયો હતો, જે નિશ્ચિતપણે ધીમેધીમે આગળ વધતો જઈ તેના એક પછી એક અંગોને ગ્રસતો નિર્જીવ કરતો જતો હતો. આથી તેના હાથ હવે માત્ર બે વરસ લગી જ કામ આપી શકે તેમ હતા. તેનાં મન-બુદ્ધિ અને વાચા તો અંત સુધી સાબૂત રહેવાનાં હતાં; પણ પક્ષઘાત આગળ વધતોવધતો હૃદય સુધી પહોંચે એટલે મોત નિશ્ચિત હતું!

એટલે એ દરમ્યાનકાળના ટૂંકા ગાળાનો ઉત્તમમાં ઉત્તમ ઉપયોગ કેમ કરી લેવો એ જ જાણવાની એની ઈંતેજારી હતી. વાત પૂરી કરીને પોતાની ખુરશીનાં પૈડાં ફેરવતો એ મારા ખંડની બહાર નીકળ્યો ત્યારે હું અચરજનો માર્યો ઢીલો ઢફ થઇ ગયો હતો.

પછીનાં બે વરસ લગી સમસ્ત વિદ્યાર્થીસમૂહમાં તે સૌથી તેજસ્વી વિદ્યાર્થી હતો. એ દરમ્યાન કોઈએ કદી તેને મોંએથી તેની આ દુઃસહ કરુણ હાલત વિષે ફરિયાદનો હરફ સરખો યે સાંભળ્યો ન હતો. એનો બહાદુર જીવ મેં કદી જોયો નથી. અને જીવનને માણવાનો એનો દિલભર ઉમંગ જોઈને તો અમે સૌ શરમિંદા બનતા.

માત્ર એની કમનસીબીની એક નિરાશા તેને સાલતી. બીજા વિદ્યાર્થીઓ મોટા થયે લગ્ન કરીને બાળકોના પિતા થઇ વંશવેલો ચાલુ રાખવાની અભિલાષા સેવતા, તેની એને માટે નિરાશા હતી.

જેમજેમ હું તેને વધુ ઓળખતો ગયો તેમતેમ એ જે અગવડો વેઠતો હતો એ જાણીને હું અજબ થઈ ગયો. એક નાની ઓરડીમાં તે રહેતો, અને એક કાબેલ નર્સ, દિવસના ભાગમાં પોતે નવરી પડે ત્યારે, તેની સારવાર કરવા આવી જતી. તે એના કરતાં ઉંમરે થોડી મોટી હતી. તેના તરફ એ બહુ આભારવશ રહેતો એ પણ મેં જાણ્યું.

છેલ્લા છ માસમાં તો એ ઝડપથી લેવાવા માંડયો. છેલ્લા પખવાડિયામાં તો તે વર્ગમાં પણ નહિ આવેલો, અને અમારા વર્ગો ચિંતાતુર રહેલા. અંત આવી ગયો ત્યારે કૉલેજનું પ્રાર્થના-મંદિર તેને અંજલિ આપવા આવેલા સહાધ્યાયીઓથી ઉભરાઇ ગએલું.


અંતિમ હુમલાના પહેલા સમાચાર મને મળ્યા ત્યારથી હું રોજ એની ખબર કાઢવા જતો. મરણ સમયે એના ચહેરા પર પ્રકાશી ઊઠેલી વિજયભરી શાંતિ જોઇને હું દંગ થઈ ગયો. તેની નિષ્ઠાવાન નર્સ ધીમુંધીમું રડી રહી હતી. ધપ્યા આવતા મૃત્યુની જે અડગ ધીરજથી તેણે પ્રતીક્ષા કરી હતી તેની એણે મને વાત કરી.

અને આ કથાની સૌથી આશ્ચર્યજનક હકીકત તો મેં પાછળથી તેની પાસેથી જાણી: એને છેવટની શાંતિ આપવા અને પોતાની તેના પ્રત્યેની પ્રેમભક્તિ વ્યક્ત કરવા એ નર્સે એની સાથે લગ્ન કર્યું હતું; અને એ મૃત્યુ પામ્યો ત્યારે તેને એ પણ જાણ થઈ ગઈ હતી કે તેનો વંશવેલો ચાલુ રહ્યો હતો: તે એક પુત્રનો પિતા થયો હતો.

['માઈ લાઇફ ઍઝ અ ટીચર' નામના જૉન અર્સ્કિનના પુસ્તકમાંથી 'રીડર્સ ડાઈજેસ્ટે' તારવેલી કથાનો અનુવાદ]

પૉલ રિશાર

—ત્યારે અને આજે



પૉલ રિશાર ઈ. ૧૯૨૧માં (સ્કેચ · શ્રી રવિશંકર રાવળ)

ન્યૂ યૉર્કમાં એક શુક્રવારે સાંજે પાંચ વાગે ભાઈ હરિ ગોવિલનો ટેલિફોન આવ્યો કે શનિ-રવિ મારે એમની સાથે 'ગ્રાન્ડ વ્યૂ' નામના ગામડામાં એમને ઘેર ગાળવાના છે. સાથેસાથે એ પણ સમાચાર આપ્યા કે એ વખતે શ્રી પોલ રિશાર પણ શનિ ને રવિ બન્ને દિવસો અમારી સાથે જ રહેશે. આ ખબરે મારા મનમાં કલ્પનાનો ઘુમ્મટ રચ્યો અને ઘણાં વર્ષોની દબાએલી સ્મૃતિ આપોઆપ ઉપસી આવી.

પૉલ રિશારને પહેલાં જોયા હતા ઈ. ૧૯૨૧ની અમદાવાદની કૉંગ્રેસમાં. હું મળ્યો ત્યારે એ શ્રીમતી સરોજિની નાયડુ સાથે વાતો કરતા હતા. સફેદ ટાગોરિયન જભ્ભો, લાંબા વાળ અને દાઢીમૂછો અને આંખોની શાંત તેજસ્વિતા એ બધું જોતાં મને પ્રથમ તો રવીન્દ્રનાથ ટાગોરની જ ભ્રાંતિ થઇ. છબિનું આટલું બધું સામ્ય અજનબીયાને આશ્ચર્ય પમાડે એવું હતું. મેં તો સરોજિનીદેવીને પણ પહેલી વાર જ જોયાં, એટલે એ વખતે મારી આંખો વિમાસણમાં પડી હતી. સરોજિનીદેવીનું ચારુ લાવણ્ય જોવું કે પૉલ રિશારની શાંત તેજસ્વી પ્રતિભાને નમન કરવું એ તાત્કાલિક તો સૂઝ્યું પણ નહિ. અણઘડ જુવાનની જેમ હું તો સૌંદર્યનાં બન્ને સ્વરૂપોને માત્ર જોઇ જ રહ્યો હતો.

પછી તો પૉલ રિશાર, જૈન તપસ્વી શ્રી કેસર વિજયજી મહારાજને મળવા આવ્યા ત્યારે એમના વધુ પરિચયમાં આવવાનો લાભ મળ્યો. પૉલ રિશારનું ત્યારે બેવડું આકર્ષણ હતું. પહેલું એમનું પોતાનું વ્યક્તિત્વ જ અસામાન્ય હતું. એમની તેજસ્વી, સૂક્ષ્મ ને ચંચળ પ્રજ્ઞા આંજી નાખે એવો સ્વૈર વિહાર કરતી. અને એમની ભાવોદ્રેકતા ગમે તેવા કઠણ હૃદયને પણ ભક્તજન બનાવી દે એટલી સમર્થ અને તીવ્ર હતી. બીજું આકર્ષણ એઓ શ્રી અરવિંદ પાસે થોડાંક વર્ષ રહીને એમની સાથેસાથે 'આર્ય'નું સંપાદન કરીને પૉંડીચેરીથી પૂર્ણયોગનું રહસ્ય લઇને કદાચ આવ્યા હશે એવી માન્યતા હતી. આ ઉપરાંત તે વખતે એમનાં પત્ની શ્રીમતી મીરા રિશારે પણ શ્રી અરવિંદની પૂર્ણયોગની સાધના સ્વીકારી હતી. વળી એવી અફવા પણ આવી હતી કે એ પતિ પત્ની વચ્ચે સાધના વિષે મૂળગત મતભેદ થવાથી હવે બન્ને જણાં કાયમ માટે છુટાં થવાનાં હતાં. આમ એમના નામની આસપાસ કૌતુકપ્રિયતાનો એક એવો અંચળો વીંટળાએલો હતો કે એને કારણે એમનું વ્યક્તિત્વ રહસ્યમય ને રંગદર્શી બની ગયું હતું.

એટલે એમની બધી વાતચિત વખતે, ચર્ચાઓ વખતે કે ધ્યાન વખતે હું જિજ્ઞાસુની મુગ્ધ વૃત્તિથી એમના વ્યક્તિત્વની પ્રતિભા પીતો. મને પણ એમનું આકર્ષણ બહુ જ ઊંડું હતું, એટલે વડોદરાથી એમની સાથે ભરૂચ અને ઝાડેશ્વરનો પ્રવાસ પણ માથે લીધો. આજે આ અનુભવોને પા સદી જેટલો સમય થયો છે, છતાં મારી સ્મૃતિનો ઢગલો વિખેરીને હું સ્પષ્ટ જોઉં છું કે મારા સમગ્ર માનસ ઉપર એમની અસર એક મનોજીવી મરમીની હતી. એમણે જ મારા અંતરનાં કમાડ ઉઘાડીને એમાં શ્રી અરવિંદ વિષેની જિજ્ઞાસા રોપી હતી. એમાંથી જ આખરે ભક્તિનો છોડ ઊગ્યો અને હું શ્રી અરવિંદની જીવનદૃષ્ટિનો કંઈક પ્રસાદ પામ્યો. મારે મન મીરા રિશાર જે તે વખતે એક ફ્રેન્ચ સાધક સન્નારી હતાં તેમણે મારા પૉંડિચેરીનિવાસ દરમ્યાન માતાનું પાવનકારી સ્થાન લીધું. મારા જીવનમાં આવેલા એ અતિ સૂચક સમયરંગનો યશ શ્રી પૉલ રિશારને છે.

૭ (જાન્યુઆરી ૧૯૪૯)

આમ, મારા ભૂતકાળનાં સ્મરણોની પોટલી લઈને હું એ શુક્રવારની વરસાદ વરસતી સંધ્યાએ 'ગ્રાન્ડ વ્યૂ' પહોંચ્યો. ન્યૂ યૉર્કથી ગ્રાન્ડ વ્યૂ લગભગ પંદરેક માઇલ હશે. જ્યૉર્જ વૉશિંગ્ટન પૂલ ઉપર થઈને જતી બસનો એ આખો ય રસ્તો બહુ જ રમણીય છે. જીવન નીચોવી નાખનારા ન્યૂ યૉર્કના ભયંકર ઝડપભર્યા અને ધમાલિયા વાતાવરણમાંથી પૂલ ઓળંગીને જ્યારે આ બસ ન્યૂ જર્સી સ્ટેટની હદમાં થઇને હડસનને કિનારેકિનારે ચાલી જાય છે ત્યારે જે શાંતિ અને નિર્જનતાને માટે મન તલસી રહ્યું હોય છે તેનો જ સાક્ષાત્કાર થાય છે. મુક્ત આકાશ નીરખવા ટેવાએલી મારી દૃષ્ટિની વચ્ચે આવતા ન્યૂ યૉર્કના આકાશી મહેલોનો અહીં સદંતર અભાવ જોઇને મારું હૈયું હરખાતું હતું. પિયરમૉન્ટ ગામથી સહેજ આગળ તો મસ્તપતી હડસન વિશાળ પટ ધારણ કરીને જાણે સાગરની સખી હોવાનો ગર્વ કરે છે. આ માનિની સરિતાને હું જરા દૃષ્ટિ ભરીને નીરખું ન નીરખું ત્યાં તો હરિ ગોવિલનો સફેદ મહેલ આવી પહોંચ્યો.

ટેકરી ઉપર ઊભેલો આ સફેદ મહેલ કંઈ હરિ ગોવિલનો પોતાનો નથી. હરિ તો અહીં સ્વજન તરીકે રહે છે એટલું જ. એના માલિક તો છે શ્રી વાસુદેવ ભટ્ટાચાર્ય. એમનું લાડનું નામ તો પંડિત આચાર્ય, અને એ જ નામે એ આખા અમેરિકામાં વિખ્યાત છે. હિંદના આદિ ક્રાંતિકારોમાંના એક શ્રી ખુદીરામ બોઝના સાથીદાર આ વાસુદેવ ભટ્ટાચાર્ય પાંત્રીસચાળીસ વર્ષ પહેલાં અમેરિકા નાસી આવ્યા હતા. આજે તો એ અમેરિકન નાગરિક છે. પ્રાણાયામના આચાર્ય છે, ઘણા

અમેરિકન રાજપુરુષો અને સંસ્કારી શ્રીમંતોના મિત્ર છે, પણ સૌથી વધુ તો એ અમેરિકા આવતા હિંદીઓનું મોટું આશ્વાસન છે. એમને વિષે 'કુમાર'માં જુદો લેખ લખી શકાય એટલી રોમાંચક એમના જીવનની કથા છે.

આ સફેદ મહેલના બગીચામાં ચાર છ ખુરશીઓ પર જુદાંજુદાં સ્ત્રીપુરુષો બેઠાં છે. વરસાદ રહી ગયો છે અને હડસનની પેલેપાર ઝૂકી રહેલી ક્ષિતિજમાંથી ચંદ્ર નીકળીને ઊંચે આવ્યો છે. તારાઓ વિનાના



વૈષ્ણવ જન

આદર્શ માનવીનું આલેખન કરતું મહાત્માજીનું પ્રિય ભજન

વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે,
પર દુઃખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે.
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે,
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે.
સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પર સ્ત્રી જેને માત રે,
જિહ્વા થકી અસત્ય ન બોલે, પર ધન નવ ઝાલે હાથ રે.
મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢવૈરાગ્ય જેના મનમાં રે,
રામનામ શું તાળી રે લાગી, સકળતીરથ તેના તનમાં રે.
વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે,
ભણે નરસૈંયો તેનું દરશન કરતાં કુળ એકોતેર તાર્યા રે.



ગયા જાન્યુઆરીમાં થએલા મહાત્માજીના દેહવિલય પછી ફેબ્રુઆરીના શોકાંકમાં 'વૈષ્ણવ જન'નું એમનું પ્રિય ભજન ઉપરના રૂપમાં છાપેલું તે વાચકોમાં ખૂબ હૃદયસ્પર્શી નીવડેલું. તે પરથી મહાત્માજી તથા નરસિંહ મહેતાનાં રેખાંકનો સાથે અમે ઉપરના માપનાં પોસ્ટ કાર્ડ પ્રકટ કરેલાં તેની ખૂબ ખપત થઈ. માનવતાનો ઉન્નત આદર્શ પ્રબોધતા એ ભજનનાં કાર્ડ સંખ્યાબંધ નકલો અનેકોએ પોતાના સ્નેહીસંબંધીઓ, મિત્રો તથા બાળકોમાં વહેંચી; અને અમુક સાર્વજનિક સંસ્થાઓ તથા શાળાઓએ તો પોતાના સભ્યો તથા વિદ્યાર્થીઓ દરેકને મોટી સંખ્યામાં વહેંચી. મહાત્માજીની આગામી પ્રથમ સંવત્સરીએ એ રીતે તેનો પ્રચાર થાય તથા સંસ્થાઓ, શાળાઓ આદિ તેને છૂટથી વહેંચી શકે એ સર્વથા ઉચિત ગણાશે. આ ઉદ્દેશથી અમે પહેલેથી જ તેની કિંમત પણ અત્યંત માફકસર રાખેલી છેઃ એક ડઝન કાર્ડના છ આના. પોસ્ટેજ એક આનો.

નિરભ્ર નિરંકુશ આકાશમાં ચંદ્રની એકલતા પૃથ્વી ઉપર શૂન્યતા બનીને ટપકી રહી છે. એ શૂન્કારને વેધતો હરિનો અવાજ આવ્યો: 'આવો આવો, પૉલ રિશાર ક્યારના તમારી વાટ જુએ છે.' જોયા પૉલ રિશાર. હાથ મેળવ્યા. ચાંદનીના અસ્પષ્ટ અજવાળામાં આંખો પણ મળી. તદ્દન જુદું જ સ્વરૂપ. દેહ તો એ જ, પણ એનો ઘાટ જ જુદો. છેલ્લામાં છેલ્લી ઢબનાં કોટ પાટલુનમાં સજ્જ થઇને, બહુ જ ખૂબીથી બાંધેલી રંગીન ટાઈની નૉટની ઉપર ઝૂકી રહેલા ચિબુકને આંગળી અડકાડીને જીવંત નરદેહ ઊભો છે. એ જ અણિયાળું નાક, વિશાળ કપાળ, નાના વાળ, સફેદ ભરાવદાર મૂછો અને ચમકતી ચકોર આંખો. એ જ મૃદુ મોહક અવાજ. ૧૯૨૧માં જોએલા ઋષિ જેવા, કવિ જેવા અને કંઇક અસામાન્યતાની છાપ પાડનાર પૉલ રિશાર, અને આજે સૌમ્ય સજ્જન ને તદ્દન સામાન્યતાનો પડઘો પાડનાર પૉલ રિશાર! પણ માણસથી ઓછું કંઇ ભૂતકાળમાં જીવાય છે? જીવવાનું તો એને વર્તમાનમાં જ ને? એટલે હું ગઈ કાલ છોડીને આજમાં ઊતરી આવ્યો.

પછી તો સાથે જમ્યા અને આખી રાત ગુફતેગો કરી. હરિ ગોવિલ તો મધરાતે હારીને સૂઇ ગયા. પશ્ચિમનાં સાહિત્ય, કલા અને ફિલસૂફીનો એમનો જીવંત અભ્યાસ, પૂર્વની વિચારણા સાથેની એમની મહોબ્બત, પૂર્વ અને પશ્ચિમની સંસ્કારિતાનો વિવેકભર્યો સમન્વય, ઇશ્વર એ વ્યક્તિ નથી પણ સત્ત્વ છે એ સિદ્ધાંતના પાયા ઉપર રચાએલી આખી ચિંતનધારા, અને આ માન્યતાનું પ્રતિપાદન કરવા મથતી સૂક્ષ્મ બુદ્ધિ, એ બધું અનુભવીને બાહ્ય સ્વરૂપે બદલાએલા પૉલ રિશાર અંતર સ્વરૂપે તો હતા એવા જ લાગ્યા: બુદ્ધિના વર્ચસ્વથી મનોજીવી મેધાવિ; મરમી થવા મથતા જીવનના અનુભવી લડવૈયા, સંઘર્ષમાંથી સંવાદિતા સર્જાવવાની કોઇ અંતરપ્રેરણાની ચાવી શોધતા, હૃદય શાંતિ માટે આકાશપાતાળ એક કરવું પડે તો કરવાની મુરાદ સેવતા આ બુદ્ધિના બાદશાહે મારા અંતરમાં પડેલા શ્રી અરવિંદ વિષેના પ્રેમને પણ છેડી જોયો. જે જિજ્ઞાસા એમણે પા સદી પહેલાં વાવી હતી તેમાંથી એમણે આસ્થા ઊગેલી જોઈ. એમની જે શંકા હતી તે જ મારી શ્રદ્ધા હતી.

આ શ્રદ્ધાપૂર્વક મારા અંતઃકરણે શ્વાસ હેઠો મૂક્યો. પૉલ રિશાર ત્યારે હતા તેવા જ આજે છે.

કિશનસિંહ ચાવડા

મિતાહાર વિષે ચીની કહેવતો

ખાવામાં જેમ વધુ વાનીઓ તેમ દવામાં વધુ ઔષધોની જરૂર રહેવાની.
મારી થાળીમાં જેટલો ઓછો ભાર, એટલો મારી ઉમરનો ભાર મને ઓછો લાગે છે.
આપણે યુદ્ધથી, ઝેરથી કે હત્યાથી મરેલાઓની નોંધ લઇએ છીએ, પણ મિતાહારની ઉપેક્ષાથી મરેલાઓની નોંધ નથી લેતા.



કાષ્ઠનો ઘોડો

ચિત્રક અને લેખક
રવિશંકર રાવળ

**ગુજરાતના ઘરઘરના ખજાના સમી
આબાલવૃદ્ધ જનસામાન્યને રસ અને પ્રમોદ આપતી
રાજા વિક્રમની વીરતા અને ચાતુરીની જાણીતી વાર્તાઓ પર શ્રી રવિશંકર રાવળે એવાં
જ કલ્પનાતોષક ચિત્રો આલેખીને તૈયાર કરેલી મનોરમ માળામાંની એક વાનગી.**

પરદુઃખભંજન મહારાજા વિક્રમ માગશર શુદ ચોથનું વ્રત કરી, બ્રાહ્મણોને દાન આપી, સાથે કોઈ પણ સેવક ન લેતાં પાસેના એક શિવમંદિરમાં એકાંતમાં ધ્યાન કરવા ગયા.

દેવાલયમાં પ્રવેશ કરતાં જુએ છે તો કોઈ માનવી હાથમાં ખડ્ગ લઈ શિવના બાણ ઉપર કમળપૂજા માટે મસ્તક કાપવા તૈયાર થઈ રહ્યો છે. રાજાએ ઝડપ કરી તેનો હાથ પકડી લીધો અને એમ કરવાનું કારણ પૂછ્યું. પેલા માણસે કહ્યું: ‘ભાઇ, તું તારે રસ્તે જા. મને મારું કામ કરવા દે. લોકો વિક્રમને પરદુઃખભંજન કહે છે, પણ તે અહીં આવે નહિ અને મારું દુઃખ ભાંગે નહિ; એટલે હવે શંકર પાસે જીવ આપી સુખી થાઉં છું અને આવતે ભવ ધાર્યું થશે.’

એટલે રાજાએ તુરત કહ્યું: ‘ભાઇ, તું તારી આ હઠ હવે છોડી દે. હું જ રાજા વિક્રમ છું અને મને તારી વાત કહે. તારું દુઃખ નહિ જાય તો હું અને તું બંને અહીં સાથે કમળપૂજા કરીશું.’

આથી ખુશ થઇ પેલો માણસ પોતાની વાત કહેવા લાગ્યો:

‘હું કનોજનો બ્રાહ્મણ છું. મારે ઘેર એકવાર એક સાધુ આવ્યો. તેણે શ્વેતબિંદુ રામેશ્વર તરફ દક્ષિણમાં મલબાર કરીને દેશ છે, ત્યાં સ્ત્રીઓનું રાજ છે તેની વાત કરી. એ સ્ત્રીઓમાં બહુ અભિમાન છે. કોઇ પુરુષનું ત્યાં ચાલતું નથી. સ્ત્રીઓ તેમના પર અધિકાર ભોગવે છે. તેઓમાં ઇંદુમતી કરીને એક સ્ત્રી છે તે પદ્મિનીસ્વરૂપ છે, પણ કોઈ પુરુષને દાદ દેતી નથી. તેથી તેનાં માતાપિતાએ કહ્યું કે પુરુષજાતિ સાથે વેર રાખવું ઠીક નથી. માટે તને પોતાને ઠીક લાગે તેવો પતિ મેળવી લગ્ન કરી લે. એ પરથી તેણે ઘરનાં ચાર તોરણ આગળ ચાર પડદા નંખાવ્યા ને શરત કરી કે પહેલે તોરણે જે કોઇ વણબોલાવ્યો પુરુષ આવીને ઊભો રહે અને આવકાર પામે તો એ નારીને વરે; નહિ તો સવાર થતાં તેને પકડી તેનું નાક વીંધી બહાર કાઢી મૂકે.

જોગીની આ વાત સાંભળી મેં નિશ્ચય કર્યો કે હું હજુ જુવાન છું, માટે દક્ષિણ દેશની આ નારીને પરણી લાવું. એમ વિચારી હું ત્યાં ગયો. તેનાં ચારે તોરણો આગળ ચાર પંખી હતાં: એક પર પોપટ, બીજી પર મેના, ત્રીજી પર મોર અને ચોથીએ ઢેલ.

હું તેને બારણે જઈ ઊભો રહ્યો, પણ મને કોઇએ આવકાર આપ્યો નહિ. આખી રાત એમ ઊભો રહ્યો ને છેવટે સવારે નાક કાપી કાઢી મૂક્યો. હવે હું લોકોને શું મોં દેખાડું; માટે આત્મહત્યા કરી રહ્યો છું.’

રાજાએ કહ્યું: ‘ધીરજ ધર ભાઇ, હું ત્યાં જઈ, તે સ્ત્રીનો ગર્વ ઉતારી તારા માટે લઇ આવીશ. તું અહીં રોકાઈ જા.’

બીજે દિવસે રાજ્યનો બંદોબસ્ત કરી વિક્રમરાજા મલબાર ગયા. ત્યાં તેને જાણ થઈ કે એ સ્ત્રી પુરુષો પર બહુ જુલમ ગુજારે છે. આથી વિક્રમે વિચાર્યું કે તેને યુક્તિથી વશ કરવી પડશે.

ધીરજ રાખી તે ઈન્દુમતીને બારણે ઊભા રહ્યો, પણ કોઇ યે તેની સાથે બોલ્યું નહિ. રાજાએ તો વૈતાળનું સ્મરણ કર્યું એટલે તે હાજર થયો. રાજાએ તેને સૂચના આપી તે પ્રમાણે તેણે પહેલો પોપટમાં પ્રવેશ કર્યો અને બોલ્યો: ‘પધારો, પધારો, વિક્રમરાજા! અહીં તમને કોઈ ઓળખતું નથી, નહિ તો જરૂર તમને ખૂબ આદર-માન આપત; પરંતુ આપ અહીં આસન લઈ બેસો અને વાત કરો.’

રાજાએ કહ્યું: ‘ખાનદાનીની રીત એવી છે કે જ્યાં આવકાર મળે ત્યાં જ જવાય; પરંતુ અહીં કોઈ બોલાવતું નથી. ઘરમાંથી કોઈ બોલે તો હું બેસું.’ પાસે એક દાસી હતી તેણે તે સાંભળ્યું એટલે અંદર જઈ બાઇને કહ્યું કે કોઈ અદ્ભુત પુરુષ આવ્યો છે. તેનું અપમાન ન કરો અને તેની વાતો કેવી છે તે સાંભળો. તે પરથી બાઇએ ભાવથી સાદ કરી બેસવા કહ્યું અને દાસીએ પડદો છોડી રાજાને પહેલા તોરણે બેસાડયો. રાજાએ પોપટને કહ્યું: ‘બીજું કોઇ ન બોલે તોપણ તારે વાતમાં હોંકારો દેવો.’ પોપટે હા કહી એટલે રાજાએ વાત માંડી:

કોકણમાં કેરલપાટણ નામનું નગર છે. ત્યાંનો રાજા કપુરસિંહ બહુ ધાર્મિક ને પવિત્ર પુરુષ હતો. તેને પચાસ વર્ષ થયાં છતાં પુત્ર થયો નહોતો, એટલે તેણે પંડિતો અને વિદ્વાનોને પૂછીને શિવજીનું પૂજનયજન કર્યું; તેથી શિવ પ્રસન્ન થયા ને નવ માસે તેની રાણીએ અતિ સ્વરૂપવાન પુત્રને જન્મ આપ્યો. તે સાત વર્ષનો થયો ત્યારે તેને ભણવાને નિશાળે મૂક્યો. ત્યાં તેને એક સુતારના પુત્ર સાથે મૈત્રી થઇ. બંને ભાઈ હોય એવી પ્રીતિથી તેઓ સાથે ફરતા ને ભણતા. એકમેકને છોડે જ નહિ. રાજાને આ ગમતું નહોતું, એટલે ઘણીવાર તેને દૂર કરવા કહેતા. પણ કુંવરે પ્રતિજ્ઞા કરી કે કોઈ પોતાના મિત્રને હેરાન કરશે તો પોતે જીવ આપશે. આથી કોઈએ તેને કશું કહ્યું નહિ. પણ સુતારનો પુત્ર સમજ્યો કે પોતે પોતાની વિદ્યા વધારવાને પર-દેશ જવું જોઈએ. આથી કુંવર પાસે તેણે રજા માગી ને કહ્યું કે ‘હું પર-દેશથી નવાનવા હુન્નરો શીખી લાવીશ.’ કુંવરે કહ્યું: ‘ભલે; પણ મારે માટે કોઈ અજબ ચીજ લેતો આવજે.’

સુતાર લાંબો પંથ કરી દૂર સાગરપાર એક મહાન વિશ્વકર્મા શિલ્પીને ત્યાં જઈ રહ્યો ને આઠ વર્ષ સુધી ગુરુની સેવા કરી અનેક અનેક પ્રકારનાં હુન્નર અને કારીગરી શીખ્યો અને ગુરુને પણ રળીને ખૂબ કમાણી આપી. ત્યારે ગુરુએ કહ્યું: ‘ભાઇ, તું હવે શિલ્પવિદ્યા-માં કુશળ થયો છે માટે ઘેર જા.’ તે વખતે સુતારે કહ્યું: ‘મારા ગામ-નો રાજપુત્ર મારો મિત્ર છે. તેણે કોઈ અજબ કરામતની ચીજ મંગાવી છે, તે મળે તો જ મારું જવાનું શોભે.’ ગુરુએ કહ્યું: ‘તારી ઈચ્છા હું પૂર્ણ કરીશ.’ એમ કહી તેમણે પોતાના ઘરના ભોંયરામાંથી એક કાષ્ઠનો ઘોડો કાઢયો અને તેને કહ્યું: ‘આ કળથી ચાલતો ઘોડો આકાશમાં ઊડે છે અને જેમ દોરી ચલાવો તેમ જાય છે.’ ઘોડાનું પેટ ખોલી સુતારે બધા સંચા જોઇ જાણી લીધા અને ગુરુને પ્રણામ કરી દેશ તરફ સંચર્યો. તેના કુટુંબનાં માણસો તેને જોઈ ખૂબ રાજી થયાં. રાજાના કુંવરને ખબર પડી એટલે તે ઉમંગથી તેને મળવા આવ્યો. બંને મિત્રો ભેટી પડયા અને સાથે બેસીને વાતે વળગ્યા. કુંવરે પૂછ્યું: ‘મારા માટે તું શું લાવ્યો છે?’ ત્યારે સુતારે કહ્યું કે ‘હું એક કાષ્ઠનો આકાશગામી અશ્વ લાવ્યો છું, (અનુ. પૃ. ૨૪મે)

લેખક : અમૃતલાલ વ. પંડ્યા ★
ઇન્સ્ટીટ્યૂટ ઑવ આર્કીઑલૉજી • વલ્લભ વિદ્યાનગર • આણંદ

ગુજરાતનું સર્જન


હિંદનાં આજના નકશામાં ગુજરાતનો જેવો ઘાટ છે તેવું તેનું અસ્તિત્વ જ ન હતું. હિંદનો ઘાટ જુદો હતો ને સૌરાષ્ટ્રને સ્થળે તો દરિયો હતો. પૃથ્વીના દોઢ અબજ વર્ષના આયુષ્યમાં ગુજરાતની એ સર્જનક્રિયા કેવી રીતે થઈ અને ગુજરાતનું કલેવર કેવી રીતે તથા શાનું શાનું ઘડાયું તે ભૂ-રચનાની અત્યંત રસમય ક્રિયાની મહત્ત્વની હકીકતો સરળરીતે સમજાવતી ઉપયોગી લેખમાળા


આજથી લગભગ ૮૦ કરોડ અને ૫૦ લાખ વર્ષ પૂર્વે, દક્ષિણ હિંદના આંગણે ધારવાડ વર્ગના અને ગુજરાતના આંગણે અરાવલ્લી ને ચાંપાનેર વર્ગના અનિજપૂર્વ ખડકો રચાઇને તૈયાર થયા. એવામાં પૃથ્વીની સપાટી ડોલવા લાગી. ભીષણ ધરતીકંપોની પરંપરા શરુ થઈ. ધરતીકંપ મોજાંઓની પરંપરા રૂપે આવે છે ને તેનાથી સપાટી પર કરચલીઓ પડી જાય છે. આ ધરતીકંપોની ભીષણતાનો ખ્યાલ આટલી હકીકત પરથી આવશે કે અરાવલ્લી ખડકોની રચાએલી સપાટી પર જે મોટામાં મોટી કરચલી પડી તેની લંબાઈ બે ત્રણ હજાર માઇલ, ને ઊંચાઈ હાલના હિમાલય જેટલી થઇ ! આમ અરાવલ્લી પર્વત રચાયો. આખી પૃથ્વીના પટ પર જે થોડા જૂનામાં જૂના પર્વતો છે તેમાં અરાવલ્લી મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ગુજરાતની કાયાના ઘડતરનો પ્રારંભ આ અરાવલ્લી પર્વતની રચનાથી થાય છે.

હિંદના ભૂસ્તરીય ઇતિહાસને ડૉ. વૅગનરે રજૂ કરેલી પૃથ્વીના ખંડોની પ્રારંભિક વહેંચણીમાં ઘટાવી નહિ શકીએ. એની સમજ માટે તો આપણે એમ માનીને આગળ ચાલવાનું છે કે પૃથ્વીના ભૂખંડો હાલ જ્યાં છે ત્યાં જ પ્રારંભથી રહ્યા છે. એ મુજબના પૃથ્વીના આદિ ખંડો આ પૃષ્ઠ નીચે આપેલા નકશામાં દર્શાવેલા છે.

આ નકશા પરથી જણાશે કે હિંદ તે વખતે આજના રૂપે આખું નહોતું. તે વખતે તો માત્ર નીચલો દ્વીપકલ્પ હતો. જે ઉત્તરે રજપુતાનાથી શરુ થતો. રજપુતાનાની ઉત્તરે ટેથીસ સમુદ્ર પ્રસરેલો હતો અને ટેથીસની ઉત્તરે અંગારાલૅન્ડ નામનો એક બીજો ભૂખંડ હતો. સાઈબીરિયા અને યુરોપનો ઉત્તરાર્ધ આ અંગારાલૅન્ડના જ અવશેષો છે. આ દ્વીપકલ્પીય હિંદ ગૉંડવાના લૅન્ડના ભૂખંડમાં સમાઇ જતો હતો અને તેના ઉત્તર દરિયાકાંઠાને અડકતો તેનો એક પ્રદેશ હતો.

આ પ્રદેશ પર અરાવલ્લી પર્વતમાળા પૂર્વોત્તરથી દક્ષિણ-પશ્ચિમ તરફ લંબાતી હતી. એનો પૂર્વોત્તર છેડો હાલ હિમાલયને તળીએ દટાઇ ગયો છે. ત્યાંથી માંડી દક્ષિણ-પશ્ચિમમાં એ પર્વતમાળા, હાલ જે પ્રદેશો રજપુતાના, ઉત્તર ગુજરાત અને પૂર્વ સૌરાષ્ટ્રના નામે ઓળખાય છે તેમના પર થઇ, ગૉંડવાના લૅન્ડ પર ખૂબ દૂર સુધી પ્રસરેલી હતી. ઈ. ૧૯૩૫માં સર એસ. સેવેલની આગેવાની માં 'જૉન મરે એકસ્પીડીશન' નામની વિદ્વાનોની ભૌગોલિક શોધખોળ કરનારી ટુકડીએ એક ખાસ આગબોટમાં હિંદી મહાસાગરની સપાટીને





અરાવલ્લી પવત

લગતી શોધખોળ ચલાવેલી[1]. તેના પરિણામે એ જાણવા મળ્યું છે કે અરાવલ્લી પર્વત હિંદી મહાસાગરના તળિયા પર છેક ચેગોસ બેટો સુધી પ્રસરેલો છે. (તેવી જ રીતે તેની સમાંતર એક બીજી પર્વતમાળા ચાલે છે જેની નોંધ હવે પછી આપણે લઈશું)


લગભગ એ જ સમયે અરાવલ્લીના પડોશમાં જ બે બીજી પર્વતમાળાઓ રચાઇ. એક સાતપુડા અને બીજી પૂર્વી ઘાટ કહેવાય છે તે, કે જે આજે મદ્રાસ ઇલાકામાં કોરોમંડળ (ચોલગંડલમ્) કાંઠાની સમાંતરે પ્રસરેલી છે.

આ સમયના ભરતખંડનું ભૂપૃષ્ઠ કેવું હતું તેનો આછો ખ્યાલ હવે જોઈએ. ઉત્તર હિંદ અને રજપુતાનામાંના અરાવલ્લી પર્વત સિવાયના બધા ભાગો ટેથીસ સમુદ્ર તળે હતા; તો વળી બુંદેલખંડની દક્ષિણનો પ્રદેશ તથા સોન અને નર્મદા નદીના વિસ્તારો વળી 'બીજાવર સમુદ્ર' નામે એક બીજા સાગરમાં ડુબેલા હતા. એની દક્ષિણ-પૂર્વે, હાલ જ્યાં બંગાળનો અખાત છે ત્યાં પણ દરિયો હતો. આ દરિયો ગૉંડવાના લૅન્ડની દક્ષિણે પ્રસરેલા મહાસાગરના ઉત્તર ભાગનો એક મોટો અખાત હતો. આ બધા સાગરો મીઠા પાણીના હતા. અરાવલ્લી પર્વત રચાયા પછી તેના પર વરસાદનાં પાણી, મોસમ, હવા વગેરેની અસર થવા લાગી ને તેથી હિમાલય જેવડી ઊંચી આ પર્વતમાળાની કાયા ધીમેધીમે ઘસાવા લાગીને તે માટી, પથરા, રેતી વગેરે રૂપે તેની અડખેપડખે પ્રસરેલા મીઠા પાણીના સમુદ્રમાં ભરાવા લાગી. એના પરિણામે વળી પાછા ત્યાં પડબંધ ખડકો રચાવા લાગ્યા, જે પાછળથી શેકાઇને રૂપાંતર પામ્યા. આ ખડકો 'દીલ્હી કવાર્ટ્ઝાઇટ (Delhi Quartzite)[2]ના નામથી ઓળખાય છે, કારણકે દિલ્હીને આંગણે આવેલી ટેકરીઓ આ જ ખડકની બનેલી છે.

દિલ્હીથી અજમેર થઇ અમદાવાદ સુધી ૫૮૦ માઈલ લાંબી જે મીટર ગેજ રેલવે લાઇન ચાલે છે તે અરાવલ્લીની સમાનાંતર ચાલે છે. ખરી રીતે અરાવલ્લી પર્વત દિલ્હીથી જ શરૂ થાય છે ને આબુ સ્ટેશન આવતાં તે માળા પૂર્વ તરફ વળી જાય છે અને ત્યાંથી દાંતા, ઇડર વગેરે રાજ્યોમાં થઈ પંચમહાલ જિલ્લામાં પ્રવેશ કરે છે. અહીં ગોધરા ને દાહોદની વચ્ચેથી પસાર થઇ, જાંબુઘોડા ને છોટાઉદેપુર રાજ્યના વચલા ભાગને રોકતી આ પર્વતમાળા ધીમેધીમે નીચી થતી જઇ અલીરાજપુર રાજ્યમાં અદૃશ્ય થાય છે અને ત્યાંથી તેનું સ્થાન વિન્ધ્ય પર્વત લે છે, જે પૂર્વ દિશામાં બનારસની નજીક મીરજાપુર સુધી લંબાય છે. આ પ્રમાણે અરાવલ્લી અને વિન્ધ્ય પર્વતમાળાથી એક અર્ધવર્તુળાકાર પર્વતમાળા રચાતી. આપણા આર્ય પૂર્વજોએ તેનો આ આકાર જોઇ તેને 'પારિયાત્ર'નું નામ આપેલું. આ પારિયાત્ર પર્વત આર્યાવર્તનો દક્ષિણ સીમાડો ગણાતો. 'અરાવલ્લી'નું શુદ્ધ દેશી નામ 'અડાવળા' છે જે તેની તળેટીના મારવાડના વિસ્તારમાં પ્રચલિત છે. અડાવળા એટલે 'આડવાળો (ઓથ કરનારો) પર્વત.' એ શબ્દ અંગ્રેજીમાં લખાતાં તેનો ઉચ્ચાર અરાવલ્લી થયો.

અહીં આ ધ્યાનમાં રાખવાનું કે વિન્ધ્ય પર્વતની તો અહીં પ્રસંગોપાત ચર્ચા કરી છે. પણ આપણે હાલ જે જમાનાની વાત કરીએ છીએ તે જમાનામાં વિન્ધ્ય પર્વતનું અસ્તિત્વ નહોતું. વળી વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોતાં અરાવલ્લી પર્વતમાળા આબુ આગળથી ખરેખર પૂર્વ તરફ વળી જતી નથી. એ તો તેના બાહ્ય દેખાવ પરથી આપણને એમ જણાય છે. અરાવલ્લી પર્વતમાળા શરૂમાં તો પૂર્વોત્તરથી સીધી દક્ષિણ-પશ્ચિમે જતી હતી, પણ કાળાંતરે આબુના સાન્નિધ્યમાં તેની કાયામાં તૂટ* (Fault) પડી અને તેનો બાકીનો દક્ષિણ-પશ્ચિમનો ભાગ નીચે ધસી ગયો. આ બનાવ કયારે બન્યો તે હાલ કહી શકાતું નથી. શકય છે કે ગૉંડવાના લૅન્ડ ડૂબ્યો તેના પરિણામે જમીન નીચી ગઈ ને તેની સાથે અરાવલ્લી પર્વતમાળા પણ તૂટીને સમુદ્રમાં ડૂબી ગઈ હોય. એટલે આબુથી પૂર્વ તરફ તેનો જે ભાગ જતો દેખાય છે તે તેની પહોળાઈનો કપાએલો ભાગ છે, જે ધોવાણ(Erosion)ની અસરથી નાના નાના પર્વતોમાં વહેંચાઈ ગયો છે.

દિલ્હી-કવાર્ટ્ઝાઈટની રચના થયા પછી ફરી ધરતીકંપોની પરંપરા આવી, અને જ્યાં દિલ્હી કવાર્ટ્ઝાઈટ રચાયા હતા તે સાગરની સપાટી પણ કરચલીવાળી બનીને અરાવલ્લીના પડખે આવી તેના જ કલેવરનું એક અંગ બની રહી. આમ આજથી આશરે ૭૫ કરોડ વર્ષ પહેલાં અરાવલ્લી પર્વત વધુ મોટો બન્યો. આ પ્રમાણે અરાવલ્લીની કાયા જે રચાઇ તે નીચે જણાવેલા ખડકોથી ઘડાએલી છે. જેમાં તેની



કવાર્ટ્ઝાઇટ અને શેલમાં ભળેલા મૅંગેનીઝની કાચી ધાતુથી સમૃદ્ધ શિવરાજપુરની ખાણ

૧ વિસ્તૃત અહેવાલ માટે કલકત્તાની એશીઆટિક સોસાએટી ઑવ બૅંગાલે આ શોધખોળના બહાર પાડેલા રીપોર્ટો જુઓ: 'Geographic & Oceanographic Research in Indian Waters.'

૨ કવાર્ટ્ઝાઇટ એ શેકાઈને ખૂબ કઠણ બની ગએલો રેતીનો પત્થર હોય છે. તે ફિક્કા પ્રકારના અનેક રંગોનો થાય છે. ઉત્તર ગુજરાતમાં તે પુષ્કળ થાય છે. પૂર્વ ગુજરાતમાં ગોધરા અને બારીઆ પ્રદેશમાં તે ઘણો છે. એ પડબંધ રચનામાં મળી આવે છે. ગોધરા-દાહોદ વચ્ચે રેલવે લાઈન આ પત્થરોના ડુંગરોને કાપીને આગળ ગઈ છે. છોટાઉદેપુર તરફ પણ એ થાય છે. પૂર્વ પ્રસ્તર યુગના આદિ માનવો હિંદ ને આફ્રિકામાં મુખ્યત્વે આ કવાર્ટ્ઝાઇટનાં જ હથિયાર બનાવતા. સાબરમતી ખીણમાં ગળી આવેલાં આવાં હથિયારો આ જ પત્થરનાં છે.

સામે, ખડક સમૂહમાંથી નીકળતી ધાતુઓ વગેરે પણ દર્શાવી છેઃ

(૩) દિલ્હી ખડકવર્ગ જાડાઇ ૩૦,૦૦૦ ફીટ	ઇડર ગ્રેનાઇટ. (અબરખ, મૅંગેનીઝ); એરનપુરા ગ્રેનાઈટ(અબરખ); અલ્વર ક્વાર્ટ્‌ઝાઈટ.
(૨) રાયાલો ખડકવર્ગ	રાયાલોના ચૂર્ણ પાષાણો ને આરસ (મકરાણાના આરસ પત્થર); સોજત શેલ્સ; ગોડવાડ શીસ્ટ (અબરખ).
(૧) અરવલ્લી ખડકવર્ગ જાડાઈ ૧૦,૦૦૦ ફીટ	ફીલાઈટ, નાઈસ વગેરે (તાંબુ, સીસું, નિકલ, કોબાલ્ટ); ચાંપાનેર ખડકસમૂહ (મોતીપુરાનો લીલો આરસ, સોનગીરનો પારો, લાલ સ્લેટ-પત્થર).

નોંધઃ સ્ફટિક(ક્વાર્ટ્‌ઝ)ની રગો(vains)માંથી સોનું મળી આવે છે. આ રગો પંચમહાલ જિલ્લો, સંખેડા વિસ્તાર ને છોટાઉદેપુર પ્રદેશમાં ઠેકઠેકાણે પ્રસરેલી છે. ખાસ કરી દાહોદની આજુબાજુ ઘણી છે.

વિન્ધ્ય-વેળુ પાષાણ

આ પરિવર્તનો પછી અરાવલ્લી પર્વતની પૂર્વ દિશાના ઘણા મોટા વિસ્તાર ઉપર સાગર ફરી વળ્યો. આ સાગરના અસ્તિત્વ દરમ્યાન લાખો વર્ષ સુધી ભૂગર્ભના કાંઈ જ ઉપદ્રવો ન થયા. એટલે તેના પાણીમાં ખૂબ જ ઝીણા પોતવાળા ખડકો બંધાયા. આ ખડકો પૃથ્વીના પેટાળની ગરમીથી શેકાઈ રૂપાંતર પામી 'વિન્ધ્ય-વેળુ' પાષાણ બની રહ્યા. આ ખડકની જાડાઇ ૧૪,૦૦૦ ફુટ જેટલી છે.

વિન્ધ્ય-વેળુ પાષાણ રંગે મુખ્યત્વે ગુલાબી, આછો લાલ ને અમુક અંશે હલકો રાખોડીઓ હોય છે. બારીકમાં બારીક સ્થાપત્ય અને ટકાઉપણા માટે આ વિન્ધ્ય-વેળુ પાષાણની જોડનો હિંદમાં બીજો પત્થર નથી. એનો મુખ્ય વિસ્તારપ્રદેશ મધ્ય હિંદનો માળવાની પૂર્વે આવેલો બુંદેલખંડ અને પૂર્વ રજપુતાનાના કેટલાક વિસ્તારો છે. આ કારણે એ જ પ્રદેશોમાં હિંદના પ્રાચીન સ્થાપત્યના ઉત્તમમાં ઉત્તમ નમૂનાઓ મળી આવે છે. ભારહુત, સાંચી, બેસનગર, ખજુરાહો, એડન, ધમનાર, મંદસોર વગેરે હિંદનાં પ્રાચીન સ્થાપત્યમંડિત આ પ્રખ્યાત સ્થળો આ વિન્ધ્ય-વેળુ પાષાણના પ્રદેશમાં આવેલા છે.

એ પાષાણનો થોડો વિસ્તાર ગુજરાતમાં તેના મારવાડ સાથે મળતા સીમાડા પર આવેલો છે. અહીં તે 'મલાણી પાષાણ' તરીકે ઓળખાય છે.


વિન્ધ્ય-વેળુ પાષાણની રચના પૂરી થવા આવી હતી એટલામાં, આજથી આશરે ૪૫ કરોડ વર્ષ પૂર્વે, ફરી ભરતખંડની ભૂમિ કંપાયમાન બની.[3] ધરતીકંપો પર ધરતીકંપો થવા લાગ્યા ને આપણો અરાવલ્લી વધુ ઊંચો થયો. જાણે કે અરાવલ્લીના ઉત્થાન માટે જ આ ભૂગર્ભના ઉપદ્રવો થતા ન હોય! પણ અરાવલ્લીની રચના હવે પૂરી થઈ હતી.

આ બનાવની સાથે હિંદી દ્વીપકલ્પની રચનાનું એક પ્રકરણ પુરું થાય છે. આ પ્રદેશના આંગણે ધરતીકંપોની આ છેલ્લી પરંપરા હતી. ૪૫ કરોડ વર્ષ પૂર્વના એ જમાનાથી માંડીને અત્યાર સુધી તે પછી હિંદી દ્વીપકલ્પ અચળ રહ્યો છે. ત્યારથી આજ સુધી ધરતીકંપોએ તેને ફરી હલાવ્યો નથી. અને ત્યારથી તેનો મોટો ભાગ ભૂમિ તરીકે જ રહેતો આવ્યો છે. માત્ર દરિયાની સપાટી ઊંચાનીચી થયા કર્યાને પરિણામે તેના કંઠાર પ્રદેશના મધ્ય ભાગમાં રહેજસાજ જલ ને સ્થળના ફેરફારો થયા છે, પણ તે ચિરંજીવી રહ્યા નથી.

આ બધો વખત દરમ્યાન પૃથ્વીના પટ પર પ્રાણીઓનું અસ્તિત્વ હજી પ્રકટ્યું ન હતું. જો કે વિન્ધ્ય-વેળુ પાષાણની રચનાના જમાનામાં હાડકાં વગરનાં પ્રાણીઓ અસ્તિત્વમાં આવી ગયાં હોવાનું મનાય છે, પણ તેમના અવશેષો સ્પષ્ટ રૂપે હજી પરખાયા નથી.

જીવનની ઉષા

પણ હવે જીવકલ્પની ઉષા પ્રગટે છે ને એ ઉષાના ઝાંખા પ્રકાશમાં દેખાય છે કે દ્વીપકલ્પીય હિંદ, કે જેમાં આપણા ગુજરાતનો પણ સમાવેશ થઈ જતો તે, અગાઉની જેમ ગૉંડવાના લૅન્ડનો એક પ્રદેશ છે. આ પ્રદેશ પર ક્યાંય દરિયાની નિશાની દેખાતી નથી. દરિયો તો હવે અગાઉની જેમ એની ઉત્તરે જતો રહ્યો છે. આ દરિયો તે ટેથીસ એ આપણે જાણી ચૂકયા છીએ. આપણો હિમાલય-પ્રદેશ આ સાગરમાં હજી ડૂબેલો પડ્યો છે. બ્રહ્મદેશ, આસામ, કાશ્મીર, હઝારા, અફઘાનિસ્તાન, બલુચિસ્તાન વગેરે બધા હજી પાણીમાં ગરકાવ છે. એ સમુદ્રનાં જળમાં હવે જીવન જન્મે છે ને ઉછરવા લાગે છે. પહેલાં મત્સ્યો અને બીજાં જળચરો અસ્તિત્વમાં આવે છે ને સાગરની અંદરની દુનિયાનું દૃષ્ય કાંઈક આવું બની રહે છે :



ડેવોનિયમ યુગમાં પૃથ્વી પર પ્રવર્તતી જીવસૃષ્ટિ

યુગો પછી યુગો વીતતા જાય છે અને સમયની કૂચ સાથે જીવનજગત પણ આગે કદમ માંડી રહ્યું છે. (ચાલુ)


[3] જમીનની સપાટીમાં ભૂગર્ભના ઉપદ્રવોને લઇ જે ચીરાડો (cracks) પડે તેને ભૂસ્તરશાસ્ત્રીઓ તૂટ (Fault) કહે છે. આવી તૂટોથી જમીનના જે કકડા પડે છે તે એકબીજાથી ઊંચાનીચા થઇ જતાં ડુંગરો અને ખીણો રચાય છે. નર્મદા અને તાપીની ખીણો તથા વિન્ધ્યાચલ, સાતપુડા, સહ્યાદ્રિ વગેરે પર્વતોની રચના આવી જ રીતે થઇ છે.

[હવેના હપતામાં ગૉંડવાના લૅન્ડ તથા તેમાં હિન્દ અને ગુજરાતનું સ્થાન નિર્દેશતી હકીકત આવશે.]

ગુજરાત સાહિત્ય સભા તરફની વાર્ષિક વાઙ્મયસમીક્ષા

ચાલુ વર્ષે નીચેના સમીક્ષકોને સોંપવામાં આવી છે: લલિત વાઙ્મય માટે-શ્રી રામપ્રસાદ શુકલ, ૯ નૂતન સોસાએટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬ અને લલિતેતર વાઙ્મય માટે-પ્રો૦ નરસિંહ મૂ૰ શાહ, ૧૯ પ્રીતમનગર, એલિસબ્રિજ, અમદાવાદ-૬. સૌ લેખક-પ્રકાશકને સાહિત્ય સભાની આગ્રહપૂર્વક વિનતિ છે કે તેમના તરફથી પ્રગટ થતાં પ્રકાશનો પ્રકટ થાય કે તરત ઉપર જણાવેલાં સરનામાં પ્રમાણે તે તે વિભાગના સમીક્ષકને મોકલી તેઓ આભારી કરશે, જેથી સમીક્ષકને સમીક્ષાના કાર્યમાં સરળતા થાય.

ચાંપાનેરમાંની જુમા મસ્જિદની છતમાંનું સમૃદ્ધ શિલ્પ



ગુજરાતની મુસ્લિમ જાહોજલાલીના શ્રેષ્ઠ કાળનાં શિલ્પસ્થાપત્યના બેનમૂન પણ બિસ્માર અવશેષો વડે
દક્ષિણના વિજયનગરના મહારાજ્યનાં ભવ્ય ખંડેરોની કરુણ યાદ આપતું
ગુજરાતનું એક સદીનું અલ્પજીવી પાટનગર

ચાંપાનેર

હવે દંતકથાને મૂકીને પાછા ઇતિહાસ તરફ જઇએ. સુલતાન મહમૂદ બેગડો નવા ચાંપાનેરને ખૂબ શણગારે છે ને તે ગુજરાતનું એક સુંદર શહેર બની રહે છે. એનો રાજગઢ અમદાવાદના ભદ્ર કરતાં વધુ મજબૂત ને સુંદર બને છે. અને એનું નામ 'જહાં-પનાહ' (જગતનો આશ્રય)અપાય છે.જુમા મસ્જિદ વગેરે મકાનો એવાં સુંદર બંધાય છે કે ગુજરાતના મુસલમાન સમયનાં મકાનોમાં સૌથી ઉત્તમ મકાનો ગણી શકાય એવાં તેનાં બાંધકામ થાય છે. એનું વર્ણન આગળ કરીશું. કિલ્લો વધારે મજબૂત બને છે અને હિંદમાં સર્વથી પહેલો તોપોથી સુરક્ષિત કિલ્લો પાવાગઢનો બને છે. મહમૂદ બેગડા પછી એનો સંસ્કારી પુત્ર[1] મુજફ્ફર હલીમ ગાદીએ આવે છે. એનો સમય ચાંપાનેરનો સંપૂર્ણ મધ્યાહ્નનો સમય છે. ચાંપાનેરની આસપાસ નવી જાતના બાગબગીચા બને છે. હાલોલ ચાંપાનેરનું પરું બની રહે છે. હાલુ કે હાલુલ નામના સુતારે એક ખુરાસાની કારીગર પાસેથી બગીચાની કલા શીખી લઈ બાદશાહને તાજુબ કર્યો હતો, એ ઉપરથી એ બાગનું નામ બાદશાહે બાગે હાલુલ પાડયું.[2] મુઝફ્ફર પછી તેનો પુત્ર સિકંદર સુલતાન થયો, પણ એનું ચાંપાનેરમાં ખૂન થયું. એ અને એના બે ભાઇઓ બાગે હાલુલમાં દફન થયા છે. તેમની કબરો આજે હાલોલમાં છે.

બહાદુરશાહને નસાડી હુમાયૂંએ ચાંપાનેર જીત્યું

સિકંદર પછી એનો ભાઈ બહાદુરશાહ ગુજરાતનો પ્રતાપી બાદશાહ હતો.[3] પણ એ ઉતાવળિયો ને અવિચારી હતો. એણે મુઘલ બાદશાહ હુમાયૂં સાથે વેર વધાર્યું અને હુમાયૂંએ માળવામાંથી ચાંપાનેર આવીને પાવાગઢનો કિલ્લો લીધો. બહાદુર નાસતોનાસતો ચાંપાનેરથી ખંભાત થઈ વહાણમાં દીવ જતો રહ્યો. કેટલાક વખત પહેલાં બહાદુરશાહે દીવથી એક ઘણી મોટી તોપ પાવાગઢના કિલ્લા માટે લીધી હતી. તેનું નામ 'બહાદુરશાહી' હતું, પણ હુમાયૂંની ચઢાઇ ને ઘેરા વખતે એ કિલ્લા ઉપર ચડી શકી નહોતી. આ વખતે પાવાગઢનો કિલ્લો ઇખ્તિયારખાન અને રાજા નરસિંહદેવ—જેમને બહાદુરશાહે ખાનજહાનનો ઈલ્કાબ આપ્યો હતો તેમના તાબામાં હતો. બહાદુરશાહનો તોપખાનાનો નિષ્ણાત રૂમીખાન નામે અમીર ફૂટીને હુમાયૂંને મળેલો. એણે કિલ્લાની નીચે પડેલી બહાદુરશાહી તોપ દુરસ્ત કરી તેના જ ગોળાથી કિલ્લાનો દરવાજો તોડી પાડયો. પણ પછી કિલ્લા પરથી ફિરંગીખાન નામના તોપચીએ એક ગોળો એવો છોડયો કે બહાદુરશાહી તોપની અંદર જઇને એણે તોપને તોડી નાખી. રાજા નરસિંહદેવ આ વખતે મરણ પામ્યો, અને રાત્રે અનાજ લેવા જતા બસો કોળીઓ પકડાતાં કિલ્લામાં જવાનો છૂપો રસ્તો

૧: શત્રુંજય તીર્થોદ્ધારપ્રબંધમાં આ બાદશાહનાં ન્યાય અને સંસ્કારનાં વખાણ કરેલાં છે. ૨: મિરાતે સિકંદરી. ૩: બહાદુરશાહનો રાજ્યાભિષેક ચાંપાનેરમાં વિક્રમ સંવત ૧૫૮૩ના ભાદ્રપદ સુદ બીજ ને ગુરુવારે થયો હતો એમ શત્રુંજય તીર્થોદ્ધારપ્રબંધમાં લખેલું છે.

હુમાયૂંના લશ્કરે જાણી લીધો. હુમાયૂં પોતે થોડા માણસો સાથે ખીલા ઠોકીને કિલ્લા ઉપર ચઢ્યો હતો એમ પણ કહેવાય છે.[૪] કહેવાય છે કે ચાંપાનેરનો કિલ્લો એ સમયમાં એવો દુસ્તર કહેવાતો કે ઉપરથી એક ડોસી પત્થર ગબડાવે તો યે નીચેના લશ્કરનો ઘાણ નીકળી જાય.[૫] હુમાયૂંએ પ્રમાણમાં કિલ્લો સહેલાઇથી લીધો એનું કારણ એ કે ગુજરાતની તોપો જ ગુજરાતના કિલ્લા સામે વપરાઈ અને બહાદુરશાહ એની બરોબર વ્યવસ્થા કરી શક્યો નહિ. બહાદુરશાહ કિંમતી ખજાનો પોતાની સાથે લઈ ગયો હતો છતાં હુમાયૂંના હાથમાં પણ મોટો ખજાનો આવ્યો.

પડતીનો ઇતિહાસ

બહાદુરશાહના મરણથી જ ચાંપાનેર-પાવાગઢની પડતીનો ત્રીજો અંક શરુ થયો. પાટનગરની કચેરીઓ અમદાવાદ પાછી ગઈ. માળવા ઉપર ગુજરાતની સત્તાને લીધે અને બન્ને દેશની હદ ઉપર એનું સ્થાન હોવાને લીધે ચાંપાનેર-પાવાગઢનું મહત્ત્વ હતું. માળવા મુઘલ સત્તામાં જુદો પ્રાંત બન્યું અને કોઈ મોટો ધોરી વેપારમાર્ગ ચાંપાનેર પાસેથી જતો નહોતો તેથી મુઘલ સત્તા જામતાં પહેલાંથી જ આ સ્થળની વસતિ ઓછી થઇ ને મહત્ત્વ ઘટી ગયું અને પડતી શરુ થઈ. મુઘલ ગુજરાતનો ચાંપાનેર માત્ર એક જિલ્લો હતું.[૬]

જહાંગીરના સમયમાં હુમાયૂંના પુસ્તકખાતાના દરોગા મઝુના પુત્ર સિકંદરે મીરાતે સિકંદરી નામે ગુજરાતનો એક ઇતિહાસ લખ્યો છે. એ ઇતિહાસકારનો પિતા હુમાયૂં સાથે ઉપર્યુક્ત બનાવોનો સાક્ષી હતો, ને સિકંદર પોતે પણ ગુજરાતના અમીરો અને સંતોમાં લાગવગવાળો હતો. એણે સોળમી સદીના અંતભાગમાં જ ગુજરાતની સ્વતંત્ર મુસલમાન સલ્તનતના છેવટના ભાગમાં અને અકબરની સત્તાની શરુઆતમાં ચાંપાનેરની થઈ ગએલી પડતીનું વર્ણન કર્યું છે તે જોવા જેવું છે. સિકંદર લખે છે કે : સુલતાને 'જહાંપનાહ' કોટ બંધાવી મોટું શહેર વસાવ્યું ને અમીરો, વઝીરો તથા વેપારી વાણિયાઓની ઈમારતો બંધાઈ. શહેરની આસપાસ બાગ અને વાડીઓ થઇ. અનેક જાતનાં ફળ ત્યાં થતાં એનું લંબાણ વર્ણન તેણે કર્યું છે. સુખડનાં ઝાડ થતાં અને ઈમારતમાં લોક સુખડનું લાકડું વાપરતા. અમદાવાદને વિસારે પાડે (સુંદરતામાં) એવું ચાંપાનેર શહેર થયું. ત્યાંના ફુલબાગ જોઇ જોનારના મનની દિલગીરી જતી રહે. આ વર્ણન કરીને પછી કહે છે કે: 'સુબહાનઅલ્લા ! ભવ્ય ચાંપાનેરની શું આ સ્થિતિ કે અત્યારે તે વાઘ તથા વરુનું રહેઠાણ થઇ પડ્યું છે! ત્યાંની ઈમારતો અત્યારે ખંડેર થઈ પડી છે, ત્યાંના રહેવાસીઓ નાબૂદ થઈ ગયા છે, ત્યાંનું પાણી ઝેર જેવું થઈ ગયું છે અને આબોહવા આદમીના બદનમાંથી શક્તિનો નાશ કરે છે ! સુશોભિત વાડીઓમાં કાંટા ઊગ્યા છે અને હસતા બગીચાનાં જંગલ થઇ ગયાં છે. સુખડનાં વૃક્ષોનું નામનિશાન નથી ! ખરે કુરાને શરીફમાં લખેલું ફળીભૂત થયું છે કે 'ખુદાના કીર્તિવંત તથા કૃપાવંત મુખ સિવાય દુનિયાની દરેક ચીજ આખરે ફના થશે.' ઈ. સ. ૧૬૧૧માં જ્યારે સિકંદરે ઇતિહાસ લખ્યો ત્યારે આ સ્થિતિ હતી. એટલે આશરે પોણી સદીમાં જ આ શહેરની સ્થિતિ બગડી ચૂકી હતી. એ વખતે તો મુઘલ પ્રાંતનું એ જિલ્લાનું મથક હતું.[૭] છતાં વેપાર અને રાજધાની જવાથી સ્થિતિ ઝડપથી બગડી. એમ કહે છે કે આસપાસનાં જંગલોમાં હાથી હતા અને જહાંગીરના સમયમાં ૭૩ હાથી પકડાએલા. મુઘલો પાસેથી મરાઠા સરદાર કથાજી કદમભાંડેના ભાઈ કૃષ્ણાજીએ પાવાગઢ લઈ લીધો અને એમાં રહીને એ ગુજરાતમાં લૂંટ કરતો. એ પછી ઇ.સ.૧૮૫૩ સુધી સિંધિયાને પાવાગઢનો કબજો મળ્યો.[૮] એ પછી બ્રિટિશના હાથમાં તે આવ્યો. તેમણે ચાંપાનેર ફરી વસાવવાના પ્રયત્ન કર્યા, પણ તેમાં સફળતા ન મળી અને પરિણામે ચાંપાનેર આજ સુધી ખંડેરોનું શહેર રહ્યું છે. માત્ર એક નાનું ગામડું યાત્રાળુઓ માટે વસી રહ્યું છે. ફરી વસાવવામાં મળેલી નિષ્ફળતા અને એની આજની સ્થિતિ જોતાં માતાજીના શાપની વાત દંતકથા માનીએ તોપણ જાણે ચાંપાનેર શાપિત ભૂમિ હોય એવું ભાન થાય છે.

ચાંપાનેર-પાવાગઢના ઇતિહાસનો આ કરુણ અંત. હવે એ સ્થળ અને એનો ઇતિહાસ એક સર્વાંગપૂર્ણ મહાકાવ્ય બનાવે છે તેની આજની સ્થિતિનું વર્ણન કરીએ. આજની સ્થિતિનું વર્ણન એટલે એનાં ખંડેરોનું, એની ભવ્યતાનું, પડતાંપડતાં રહેલા એના મહાન દુર્ગનું, એના ઉપર રહેલાં કાલિકા માતાનું, અને એ બધાંની સમગ્ર સુંદરતાનું વર્ણન. આજે ગુજરાતીને એનું દૃશ્ય એમાં રહેલા બધા રસો ઉત્પન્ન કરે એવું છે. એની સમગ્રતામાં એના જેવું ભવ્ય અને સુંદર ગુજરાતમાં તો આજે એકે સ્થાન નથી. એના ઇતિહાસે જે ઝડપી ચડતીપડતી જોઈ એવી બીજાં સ્થાનોના ઇતિહાસમાં નથી. એનાં ખંડેરોમાં જે અનુપમ લાલિત્ય ભરેલું છે તે પણ બીજે ક્યાંય નથી.


'બાગે હાલુલ'—હાલોલ

ચાંપાનેર જવા માટે રેલવેને બદલે હાલોલથી જાંબુઘોડા જતી સડકને રસ્તે જવું વધારે સારું છે. ચાંપાનેરની હદ હાલોલથી શરુ થાય છે અને પાવાગઢનો દેખાવ રમ્ય તેમજ ભવ્ય લાગે છે. આગળ જોયું તેમ હાલોલ પોતે જ ચાંપાનેરનું પરું અને બગીચો હતું. સુલતાન સિકંદર અને એના બે ભાઈઓની કબરોનો રોજો હાલોલમાં છે. આ રોજો ગુજરાતના રોજાઓમાં ઉત્તમ બાંધણીનો ગણાય તેવો છે. બીજા રોજાઓ પાટડાની બાંધણીને લીધે સુંદર છતાં નીચા લાગે છે, જ્યારે ગુજરાત સલ્તનતના પાછલા ભાગમાં બંધાએલા રોજાઓ કમાનની બાંધણીને લીધે ઊંચા લાગે છે અને અલંકારને લીધે સુંદર પણ લાગે છે. અમદાવાદમાં મીર અબુ તુરાબનો રોજો સાદો પણ એ જાતનો અને મહેમદાવાદ પાસે સૈયદ મુબારકનો રોજો પણ એ જ જાતનો છે. હાલોલનો સિકંદરનો રોજો એ જાતનો છતાં વધારે બુલંદ અને વધારે અલંકારવાળો છે. હાલ એના ઉપરનો ઘૂમટ પડી ગએલો છે અને આસપાસ જંગલ જેવું છે. હાલોલમાં સાત કૂવા નવ દેવડા નામે એક બેઠકવાળો કૂવો પણ મહેમદાવાદના ભમરિયા કૂવાને કાંઇક મળતો છે તે જોવા જેવો છે. પહેલાં એના ઉપર ઘૂમટ હશે ત્યારે ભવ્ય હશે. બાગે હાલુલના મધ્ય ભાગમાં એ હોય એમ સંભવ છે. હાલ એ કૂવો ખેતરોમાં હવડ પડેલો છે.

આજનું ચાંપાનેર અને તેનાં ખંડેરો

હાલોલથી બે માઈલ ચાલતાં ચાંપાનેરના બહારકોટનો દરવાજો આવે છે અને જેમ પાસે જઇએ તેમ પાવાગઢની મનોહરતા વધતી જાય છે. જાણે એક ઉપવનમાં ચાલતા હોઇએ એમ લાગે છે. આસ-

૪ : આ વર્ણન તબકાતે અકબરી કરતાં સિકંદરીમાં વિગતથી આપેલું છે. હુમાયૂંના સમયના વર્ણન માટે સિકંદરી કાંઈક વધારે વિગત ચોક્કસાઇથી આપે છે એમ લાગે છે. ૫ :મુન્વર-ઉલ-મુલ્ક સૈયદ જલાલુદ્દીન બુખારી આ પ્રમાણે કહેતા એમ મિરાતે સિકંદરી લખે છે અને જણાવે છે કે હુમાયૂંનું નસીબ સારું હતું તેથી જ તે જીત મેળવી શક્યો. ૬: મીરાતે અહમદી. ૭ : અકબરના વખતમાં પણ ચાંપાનેરનાં ફળ વખણાતાં. ત્યાં અગર વગેરે સુગંધી પદાર્થો પણ થતા એમ 'આઇને અકબરી'નો કર્તા અબુલ ફઝલ લખે છે. ૮ : સરદાર પાટણકરે એકવાર તોફાનીપણામાં જુમા મસ્જિદ તરફ તોપ ફોડીને એક મિનારાને નુકસાન કર્યું છે (પંચમહાલ ગેઝેટીઅર).




ચાંપાનેરની આ જુમા મસ્જિદ ગુજરાતના મુસ્લિમ સ્થાપત્યના સ્મરણસ્તંભ સમી છે. અમદાવાદની જુમા મસ્જિદ વિશાળ છે, ને હિંદુ મંદિરોની ઢબે માળ બાંધીને પ્રકાશ લાવવાની રીત એમાં છે, પણ ચાંપાનેરની આ જુમા મસ્જિદમાં તો તે રીત સંપૂર્ણ કલાએ પહોંચી છે. ઉપરાંત, મસ્જિદની સ્થાપત્ય-માંડણી કેવી ઉઠાવદાર છે તેનો ખ્યાલ આ ચિત્ર આપે છે. (ફોટો · શ્રીદામ ભટ્ટ)

પાસ ખંડેરો નજરે પડે છે. જંગલમાં ઝાડની વચ્ચે દૂરદૂર મસ્જિદોના મિનારા ડોકિયાં કરતા દેખાય છે. જમણી બાજુ પાવાગઢની કરાડો વધુ ને વધુ ભવ્ય લાગતી જાય છે. એની ઉત્તરે રજપુત ચાંપાનેરના કોટની દીવાલો મુસલમાનોએ સમરાવેલી કોઈ કોઈ જગાએ દેખાય છે. બાકી રજપુત ચાંપાનેરનું કાંઇ દેખાતું નથી.[૯] બહારના દરવાજાથી એકાદ માઈલ ચાલ્યા પછી ચાંપાનેરનો અંદરનો 'જહાંપનાહ' કિલ્લો આવે છે. એની ઊંચી મજબૂત ભીંતો અને સવ્ય-અપસવ્ય દરવાજાઓ આજે પણ જોતાં રોમાંચ ઉત્પન્ન કરે છે. આ કિલ્લો એ અમદાવાદના ભદ્રના કિલ્લાની પેઠે શહેરનો દરબારગઢ છે. દરવાજામાં પેસતાં રાજગઢને લગતી મસ્જિદ ઊભી છે. એને 'શહેરકી મસ્જિદ' કહે છે, પણ ખરીરીતે અમદાવાદમાં ગુજરાત કલબ સામે રાજકુટુંબની જે મસ્જિદ ઊભી છે એ જાતની આ પણ રાજકુટુંબની મસ્જિદ છે. આ લંબચોરસ કિલ્લાની વચ્ચે માંડવી છે અને એની સામે બીજો સવ્ય-અપસવ્ય દરવાજો પહેલા દરવાજા જેવો જ ભવ્ય છે. એ દરવાજાની બહાર ચાંપાનેર શહેરની ખરી મસ્જિદ—જુમામસ્જિદ છે, જે ગુજરાતનાં મુસલમાન સમયનાં મકાનોમાં સર્વોત્તમ ગણાય એવી હોવાથી એનું જુદું વર્ણન કરીશું. એ બાજુથી ચાંપાનેર શહેરના આજના રેલવે સ્ટેશને જવાય છે. જુમામસ્જિદ પાસેથી વચ્ચે ચાંપાનેરનો કિલ્લો અને એની પાછળ ઊભેલો પાવાગઢ એ દૃશ્ય એટલું તો ભવ્ય લાગે છે કે હૃદયમાં એક સાથે અનેક ભાવ ઉત્પન્ન કરે છે. પ્રાતઃકાલ, મધ્યાહ્ન અને સાયંકાલે આ દૃશ્યની મનોહરતા જુદીજુદી દેખાય છે. સાંજે એ ભયાનક લાગે છે. આ દૃશ્ય જોઇને કોઇ પણ ગુજરાતી કોમીભાવ ભૂલી ભૂતકાળના ગૌરવમાં ડૂબે તો આશ્ચર્ય નથી. આસપાસ દૂરદૂર સુધી ચાંપાનેરનાં ખંડેરો મોટા વિસ્તારમાં પડેલાં છે. વાવો, તળાવો, પાયાઓ, ભીંતો, મસ્જિદો, રોજાઓ ઠેરઠેર દેખાય છે, અને એવાં બીજાં હજારો જંગલમાં સંતાએલાં પડયાં હશે. આખા ચાંપાનેર માટે સરકારનું પુરાતત્ત્વખાતું એક ખાસ શાખા ખોલે તો જ ચાંપાનેરની ખરી ભવ્યતાનો ખ્યાલ આવી શકે.

જુમામસ્જિદ

ચાંપાનેરની જુમા મસ્જિદ ગુજરાતના મુસલમાન સ્થાપત્યના એક અગત્યના સ્મરણસ્તંભ જેવી છે. અમદાવાદમાં અનેક સુંદર મસ્જિદો છે. ત્યાંની જુમામસ્જિદ વિશાળ છે. પણ ચાંપાનેરની જુમામસ્જિદમાં એના બાંધનારાઓએ એમની બધી કલા વાપરી નાખી છે. એના સવિસ્તર વર્ણન માટે તો જુદો સચિત્ર લેખ જોઇએ. ગુજરાતનાં હિંદુ મંદિરોની માળ બાંધીને પ્રકાશ લાવવાની રીત અમદાવાદની જુમામસ્જિદમાં દેખાય છે તે ચાંપાનેરમાં સંપૂર્ણ કલાએ પહોંચી છે.[૧૦] મસ્જિદના મિનારા, ઝરૂખા, જાળીઓ ને ગોખ અનુપમ કારીગીરીવાળાં છે. એના આંગણાનો કોટ અને પ્રવેશદ્વારનો નમૂનો તો ગુજરાતભરમાં આટલો સુંદર કોઈ જગાએ નથી. (જુઓ પૃ. ૧૮ પરનું ચિત્ર) મહમૂદ બેગડાએ જાણે અમદાવાદના સ્થાપત્યની ભૂલો

૯: રજપુત ચાંપાનેર પર્વતની ઉત્તરે એને અડકીને હતું. આ રસ્તે આવતાં કસબણ તળાવ અને ખુનપીર માટે શ્રી રમગુલાલ વસંતલાલ દેસાઇ કૃત 'પાવાગઢ'નું પુસ્તક અગર 'પંચમહાલ ગેઝેટીઅર' જોવું. ૧૦: અમદાવાદની જુમામસ્જિદ કરતાં આ મસ્જિદ કદમાં પોણી છે.



સુંદર સ્થાપત્ય અને ઉત્કૃષ્ટ શિલ્પવાળો ચાંપાનેરના કોટ બહાર જંગલમાં આવેલો એક જીર્ણ રોજો (વધુ ચિત્રો પૃ. ૧૯મે)

સુધારી ચાંપાનેરને અમદાવાદથી પણ ચડી જાય તેવું કરવા ધાર્યું હોય એમ આ મસ્જિદને જોઇને લાગે છે.[૧૧] 'શહેરકી મસ્જિદ' અને 'નગીના મસ્જિદ' પ્રમાણમાં સાદી છે.[૧૨] કોટની બહાર જંગલમાં એક જીર્ણ રોજો છે. એના થાંભલાની કોતરણી એવી તો ઝીણી અને સંપૂર્ણ છે કે એવો રોજો અમદાવાદમાં પણ જોવામાં આવતો નથી. એના થાંભલાની કારીગરીને અમદાવાદની સીદી સૈયદની મસ્જિદની બારીક કોતરણીવાળી જગવિખ્યાત જાળીઓની કારીગરી સાથે વિવેચકો સરખાવે છે (જુઓ ઉપરનું તથા પૃ. ૧૯ પરનાં ચિત્રો).[૧૩]

પાવાગઢ અને એના ઉપરનાં ખંડેરો

હવે પાવાગઢ ઉપર ચડવા માંડીએ. પાવાગઢ ઉપર કેટલાંક તળાવો બહુ સુંદર છે. એમાં પહેલું હીના તળાવ જંગલમાં દેખાય છે. વચ્ચે એક ખંડેર છે તેને હીના મહેલ કહે છે. આખુંયે દૃશ્ય ઘણું મનોહર છે. ચડતાંચડતાં પાછળ નજર કરતાં નીચે ચાંપાનેરનું દૃશ્ય વળી અનેકવિધ ભાવ જન્માવે છે. જેમ ચડીએ તેમ ગુજરાતના આ એક વખતના સર્વોત્તમ કિલ્લાની મજબૂત દીવાલો અને દરવાજાઓ આવતા જાય છે. કિલ્લાના રક્ષણ માટે આ દરવાજાઓ અને બુરજોમાં કેટલાયે વીરોએ પ્રાણ અર્પણ કર્યાં હશે એ લાગણી રોમાંચ ઉપજાવે છે. 'અટક', 'બુઢિયો', 'ભાળાકળ' વગેરે દરવાજાઓ એક એકની ઉપર આવતા જાય છે, અને કિલ્લાના બચાવની ભિન્નભિન્ન શ્રેણીઓ બતાવે છે. છેવટે સદનશાહના દરવાજા પછી પાવાગઢની મધ્યમાં અવાય છે અને ત્યાં કાંઇક મેદાન જેવું છે. અહીં સિંધિયા અને અંગ્રેજના સમયની લડાઇ વખતે આ દરવાજાની ઉપર થએલા તોપ-બંદુકના મારાનાં ચિહ્નો આજે પણ દેખાય છે. એક પછી એક બચાવના કોટની અને દરવાજાઓની શ્રેણીઓ જોતાં, નીચેનો ભાગ શત્રુને હાથ જાય તો ઉપરના ભાગમાં રહેલું ઘેરાએલું લશ્કર સફળતાથી સામનો કરી શકે એવી આખાયે કિલ્લાની રચના છે. બચાવનાં આટલાં વિપુલ સાધનોવાળો કિલ્લો ગુજરાતમાં બીજો નથી.

પાવાગઢની મધ્યમાં માચી હવેલીનું સ્થાન મરાઠાઓએ બંધાવેલું છે. મકાન છેક સામાન્ય છે, પણ પાવાગઢની અનેકવિધ મનોહરતાનો પૂરો સ્વાદ લેવા માચીમાં રહેવું પડે. રહેવા માટે એ જગા યોગ્ય અને ઉત્તમ છે. એની પાછળ તેલ જેવા રંગનું તેલિયું તળાવ છે.. એક બાજુ ખાપરા ઝવેરીના મહેલના નામે ઓળખાતું,

---

૧૧: કલાવિવેચક પર્સી બ્રાઉન આ પ્રમાણે માને છે. પણ સર જૅાન માર્શલ આ મસ્જિદનાં વખાણ કરવા છતાં ટીકા પણ કરે છે અને એના મિનારા બધો દેખાવ બગાડી નાખે છે એમ કહે છે. સર જૅાન માર્શલ મસ્જિદને છેડે મિનારા હોય તે ઠીક ગણે છે, આ એક મતભેદનો વિષય છે. વચ્ચેનો ભાગ ઊંચો લેવાથી મિનારા કાંઈ ખરાબ નથી લાગતા. ૧૨: નગીના મસ્જિદ ધોળા પથ્થરની છે. ૧૩: બર્જેસ લખે છે કે સુશોભનની સમૃદ્ધિ અને વૈવિધ્યમાં અમદાવાદની જાળીઓને બાદ કરતાં, આ બાર થાંભલાઓની તોલે આવે એવું શિલ્પ બીજે ભાગ્યે જ છે.

ઊંડી ખીણ ઉપર લટકી રહ્યું હોય એવું પગથિયાંવાળું મકાન છે. ખરી રીતે આજે તો એ માત્ર પગથિયાં જ છે. એકવાર એ કોઇ મહેલનો ભાગ હશે. એનાં ભિન્ન-ભિન્ન નામ અને ઉપયોગ કહેવાય છે. પણ એમાંથી જે ખીણ દેખાય છે તે ખૂબ ઊંડી અને ઘણી જ ભયાનક દેખાય છે. એ ખીણમાં વિશ્વામિત્રી નદીનું મૂળ છે. બીજી બાજુ 'ઝુલન બદન' ને 'નાગર હવેલી' નામનાં સ્થાન છે. જરા ઉપર જતાં મકાઇ કોઠાર છે[14] તેમાં ઘેરા વખતે અનાજ અને પાણી ભરવાની ગોઠવણ છે. હવે ઉપર ચડતાં ચડાવ ઘણો ભારે આવે છે ને બચાવની બીજી શ્રેણીઓ શરૂ થાય છે. ડાબી બાજુ ભદ્રકાલિનું શિખર ફંટાય છે, અને એને છેડે ભદ્રકાલિનું નાનું મંદિર કાલિકાના મંદિર તરફ પૂંઠ ફેરવીને ઉભું છે.[15] ભદ્રકાલિ જતાં રસ્તામાં ભોંયરાં અને મહેલનાં ખંડેરો આવે છે અને બીજી ઉંડી ખીણ પણ દેખાય છે. પરંતુ એ ખીણ વધારે ઊંડી છતાં વિશ્વામિત્રીના મૂળવાળી ખીણ જેટલી ભયાનક લાગતી નથી. આ ખીણ ઉપર પણ એક કરાડ ઉપર ઝૂકીને ઊભેલો મહેલ છે. એને પતાઈ રાવળનો મહેલ કહે છે.[16]

સર્વથી ઊંચું શિખર

આ શિખર પરથી પાછા ફરીને ઉપર ચડવું શરૂ કરતાં પાછા દરવાજાઓ આવવા માંડે છે અને રક્ષણ માટે આ કિલ્લામાં કેટલી બાંધણી કરી હશે એનો ખ્યાલ આપે છે. મકાઈ કોઠારના દરવાજા પછી, પર્વતનો જાણે બીજો ભાગ હોય એમ એક ખીણ પસાર કરી સામેના ઊંચા શિખર ઉપર જવું પડે છે. આ ખીણ પર પહેલાં લાકડાનો ખસેડી લેવાય એવો પૂલ હતો. હાલ પથ્થરથી ખીણ પુરાઇ ગયા જેવી છે ને પૂલ પણ ચણેલો કર્યો છે. આ પૂલ ખસેડી લેતાં હુમલો કરનાર લશ્કરને આગળ જવું ઘણું જ મુશ્કેલ બને, ને અંદરનું લશ્કર છેલ્લી બચાવ-શ્રેણીમાં પેસી બચાવ કરે. આગળ જતાં 'તારા દરવાજો', 'સુરજ દરવાજો' અને છેવટે 'ટંકારખાનાંનો દરવાજો' આવે છે. પાવાગઢના બધા દરવાજા કમાનવાળા મુસલમાન ઢબના છે છતાં આ ઉપરના શિખરમાં હિંદુ ઢબના દરવાજા પણ છે. અહીં પર્વતની ઊંચી સપાટી અને મેદાન આવે છે. છેવટના બચાવ વખતે લશ્કર અહીં આવતું હશે અને રાજા વગેરેના મહેલો પણ અહીં હશે. અહીં 'છાશિયું' નામે તળાવ છે અને તેની આગળ જતાં દૂધ જેવું શ્વેત 'દૂધિયું તળાવ' આવે છે. આ તળાવ પાવાગઢના સર્વોચ્ચ શિખરની તળેટીમાં છે. બંને તળાવોવાળા સપાટીના આ શિખરને મહમૂદ બેગડાએ 'મૌલિયા' શિખર નામ આપેલું. છેક ઊંચા શિખર ઉપર પહેલાં રસ્તો વિકટ હશે એમ સમજાય છે. હાલ જે ૨૨૬ પગથિયાં છે તે મહાદજી સિંધિયાએ બંધાવેલાં છે. દૂધિયા તળાવની નજીકમાં જૈનોનાં જીર્ણોદ્ધાર થએલાં મંદિરો છે. એક સમયે અહીં જૈન મંદિરો હશે અને મુસલમાન સમયમાં તે તદ્દન જમીનદોસ્ત નહિ કરાયાં હોય એમ લાગે છે. દૂધિયા તળાવ આગળનો બધો યે દેખાવ અત્યંત રમ્ય લાગે છે. છેવટના શિખર ઉપર 'પાવાવાળી મા' કાલિકાનું મંદિર છે. મંદિર નાનું ને સાદું છે. મંદિરમાં ત્રણ મૂર્તિઓ છે: એક તરફ મહાકાલિની આખી મૂર્તિ, બીજી બાજુ બહુચરમાતાની આંગી અને વચ્ચે પાવાગઢની અધિષ્ઠાત્રી કાલિકાનું મુખ છે. મંદિરની ઉપર સદનશાહ પીરનું સ્થાન છે. આ સ્થાન શા કારણથી થયું એ માટે આધારભૂત માહિતી મળતી નથી. દંતકથા કહે છે કે પતાઇ ઉપર રોષે ભરાએલાં માતાજી ભૂમિમાં ઊતરતાં હતાં ત્યારે સાધુ સદનશાહે અટકાવ્યાં અને એકલું માથું બહાર રહ્યું[17] કોઇ માને છે કે મુસલમાનો મંદિરને ભ્રષ્ટ ન કરે માટે હિંદુઓએ આ વાત યોજી હશે. સદનશાહ નામના કોઇ મુસલમાન સાધુનો પાવાગઢ સાથે સંબંધ હોય એટલું તો લાગે છે. સદનશાહનો દરવાજો ને એમના પંથના ફકીરનું સ્થાન પણ છે. પરંતુ આ દંતકથાનો હજી યોગ્ય ખુલાસો થયો નથી.[18] અહીં આપણે અઢી હજાર ફીટ પરની ઊંચાઇએ આવીએ છીએ.



જુમામસ્જિદનું પ્રવેશદ્વાર પણ ભરચક છતાં સપ્રમાણ શિલ્પ-શણગારથી અત્યંત સોહામણું કરેલું છે. ગુજરાતભરમાં તેનો જોટો નથી. (ફોટો · મફતલાલ દૂધિયા)

૧૪: 'મકાઇ' અને 'નવલખા' નામના બે કોઠારો, ઘુમટની બાંધણીવાળા, પાવાગઢ ઉપર છે. બંને મુસલમાન સમયના છે. ૧૫: દંતકથા કહે છે કે ભદ્રકાલિ કાલિકા દેવી સાથે રીસાયાં છે તેથી બંનેનાં મુખ ઉલટી દિશામાં છે. ૧૬: આ આખા યે શિખર ઉપર એક કાળે બીજા ઘણા મહેલો ને મકાનો હોવાનો સંભવ છે, કેમકે અહીં ખંડેરો ખૂબ છે. ૧૭: દંતકથા ગમે તે કહે, પણ કાલિની મૂર્તિ બીજાં સ્થળોમાં પણ એકલા મુખવાળી જ છે એમ શ્રી રમણલાલ વ. દેસાઈના પુસ્તકમાં કહ્યું છે તે ખરું છે. ૧૮: સદનશાહના શિષ્યોનું સ્થાન વડોદરામાં છે એમ કહેવાય છે.

પાવાગઢની ટોચે


મંદિરની ઉપરની અગાશીમાંથી ચારે બાજુનું દૃશ્ય અત્યંત રમણીય લાગે છે. છેક વડોદરા સુધીનાં મેદાનો ઉપર દૃષ્ટિ પડે છે. નીચે કિલ્લાનાં સ્થાનો અને છેક ચાંપાનેરનાં ખંડેરો ને આસપાસની વનસ્પતિ જોઇ શરીરનો અને મનનો થાક ઊતરી જાય છે. ભાવિક લોકો દૂધિયાના ઠંડા પાણીમાં સ્નાન કરી, ભૂખ્યે પેટે ચઢાણનો થાક સહન કરી, માતાજીનાં દર્શન કર્યા વિના કાંઇ પણ ખાતા નથી. પ્રાચીન સ્થળોનો ઐતિહાસિક દૃષ્ટિનો શોખ ન ધરાવતા માણસને પણ, નીચેનાં ખંડેરો અને ઝાડી જોતાંજોતાં છેક ઉપર આવીને સ્થાપત્ય સ્વરુપે પથ્થરમાં સૂતેલી મહાસરસ્વતી, પર્વતશૃંગ ઉપર સ્થલની અધિષ્ઠાત્રી મહાકાલિ, અને ચારે બાજુએ વ્યાપ્ત વનશ્રી રૂપે–કુદરત સ્વરૂપે રહેલી મહાલક્ષ્મી, એમ આદ્યશક્તિનાં ત્રણે સ્વરૂપો જોતાં અંતઃકરણ ખૂબ જ તૃપ્ત થાય છે. અને આગળ ઉલ્લેખેલા મહાકાવ્યના અનેક રસો ઉપરાંત મનમાં ભક્તિભાવ પણ ઉત્પન્ન કરે છે. ભક્તિ કેમ ન ઉપજે ? ક્યાં આપણાં અંધારા ઘરમાં નાના ગોખમાં રહેલી ટચલી આંગળીથીયે નાની દેવમૂર્તિઓ ને ક્યાં આવા સુંદર વિશાળ સ્થળમાં રહેલી ભગવાનની શક્તિનું અને અનંતકાલનું ભાન કરાવતી દેવતા મૂર્તિ! અંતઃકરણ જાણે સંકુચિતતામાંથી ઉદારતાનો અનુભવ કરે છે, અણુમાંથી મહાનનો અનુભવ કરે છે અને અણુ તથા મહાનની એકતા તરફ લઇ જાય છે.

આમ ગુજરાતનાં આ મહાન ‘ખંડેરોના શહેર’ની રમણીયતા સર્વતોમુખી છે એનાં જંગલોમાં હજી ઘણું ખોદકામ કરીને સંશોધન કરવાની જરૂર છે. ઘણાં પ્રાચીન શહેરોની બાજુમાં આજે નવાં સ્થાન ઉત્પન્ન થયાં છે. પણ ચાંપાનેરની સ્થિતિ દક્ષિણના ‘ભૂલાયલા મહારાજ્ય’ વિજયનગરનાં ખંડેરો જેવી છે. જોકે વિજયનગરનાં ખંડેરોમાં અને એના ઇતિહાસમાં ચાંપાનેર-પાવાગઢ જેટલી વિવિધતા નથી. બંનેના નાશ આપણી લશ્કરી અવ્યવસ્થાનું ભાન કરાવે છે. બંનેનું પુનરૂત્થાન ન થયું તેનાં કારણો બંને કોઈ વેપારી મહામાર્ગ ઉપર નથી એ જ છે.

ગુજરાતની રસવૃત્તિને બે શબ્દ

ગુજરાતીઓ ધનના ધનેરૂ કહેવાય છે. એમને કમાવા સિવાય બીજી કાંઇ પડી નથી, એટલે એ માત્ર પોતાને નફો આપતી ચીજની જાહેરાત કરે છે. બીજી કોઈ વસ્તુ માટે એમને જાહેરાત કરવાની ટેવ નથી. આથી આપણાં કેટલાંક આખી દુનિયામાં પંકાય એવાં સ્થળોની હિંદના બીજાં સ્થળો જેટલી પ્રસિદ્ધિ નથી. અમદાવાદનું સૌંદર્ય એની ધૂળ, ધૂણી અને વણિકવૃત્તિમાં ઢંકાએલું છે. ગિરનાર અને આબુની પ્રસિદ્ધિ પણ દક્ષિણનાં સ્થળો અને દિલ્હીનાં સ્થળો જેટલી થઈ નથી. ખૂણે પડેલું ચાંપાનેર તો છેક ભુલાઈ ગયું છે. ચાંપાનેર અને પાવાગઢ ઉપર માચીના સ્થાન પાસે અને એક દૂધિયા તળાવ આગળ એમ કાંઈક સગવડવાળાં, ખાવાપીવાનાં સાધનવાળાં સ્થાનો બંધાય તો રસિક માણસોની સહેલગાહ વૃત્તિને ઉત્તેજન મળે. પશ્ચિમની પેઠે સહેલગાહ વૃત્તિ વધે તો એમાંથી સાહસિકોને નફો પણ મેળવવાનો સંભવ ખરો. પશ્ચિમના લોકોએ તો આવી સહેલગાહની રસવૃત્તિને વેપારીવૃત્તિ સાથે એક કરી છે. એવું આપણે ત્યાં કેમ ન થાય ? ગુજરાતીઓમાં આવી રસવૃત્તિ જાગશે ? આ લેખ માત્ર ચાંપાનેર-પાવાગઢનાં વર્ણન માટે નથી લખાયો. સ્થળની ઐતિહાસિક ચર્ચા એનાં સૌંદર્યનો ઉલ્લેખ તથા એના મહત્ત્વનું સમગ્રતામાં દર્શન કરાવવા માટે એ લખાયો છે. એથી વર્ણન પણ જરૂરી સ્થળોનાં જ કર્યાં છે. સ્થળોના વિગતવાર વર્ણન માટે તો પ્રસિદ્ધ નવલકથાકાર શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈની ‘પાવાગઢ’ નામે પુસ્તિકા ને મુંબાઈ ગેઝેટીઅરનો ‘પંચમહાલ’નો ગ્રંથ ઉત્સુકોએ જોવો.

રત્નમણિરાવ ભીમરાવ





પૃ. ૧૭ ઉપર આપેલા જીર્ણ પણ શિલ્પસમૃદ્ધ રોજામાંના બાર થાંભલાઓ પરની વેલપત્તીઓનાં અત્યંત બારીક, પ્રમાણબદ્ધ અને સમૃદ્ધ વૈવિધ્યવાળી અદ્ભુત કોતરણીના બે નમૂના.

નૃત્યનાં વિશેષ સ્થાનકો

આપણા પ્રાચીન નાટ્યશાસ્ત્ર તથા તેની અનુષંગી
નૃત્યાદિ કળાઓનો પરિચય
આપતી લેખમાળા [૨૯]

★

લેખક
યોગેન્દ્ર પ્રિયદર્શી

આપણાં ભારતીય નૃત્યોમાં આવતી હાથની મુદ્રાઓ પાછળ જે સંકેતો રહેલા છે તેના અર્થ શા હોય છે તે તથા તેમાંના ઊભા રહેવાનાં, બેસવાનાં તથા હાથ-પગની સ્થિતિનાં આસનો તેમજ સ્થાનકો કેમ યોજવાં તે સમજાવતા જે સચિત્ર અને રસમય ઉપયોગી હપતાઓ આ માળામાં અગાઉ આવી ગયા તેને અનુસંધાને આ હપતામાં બીજાં વિશેષ સ્થાનકો સમજાવ્યાં છે.



વિષમસૂચિ સ્થાનક

નૃત્યમાં વિવિધ સ્થળે પ્રયોજાતાં 'વૈષ્ણવમ્' આદિ જે સ્થાનો નાટ્યશાસ્ત્રમાં દર્શાવેલાં છે તે આપણે આગળ જોઈ ગયા છીએ. પરંતુ એ ઉપરાંત અન્ય શાસ્ત્રોમાં પણ બીજાં કેટલાંક સ્થાનકો આપેલાં છે. જેમકે 'સંગીત રત્નાકર'માં આવાં ત્રેવીસ સ્થાનકો વર્ણવેલાં છે તે સરળરીતે દર્શાવેલાં હોવાથી સહેલાઈથી સમજી શકાય તેવાં છે. તે આ પ્રમાણે છે: (૧) સ્વસ્તિકમ્ (૨) વર્ધમાનમ્ (૩) નદ્યાવર્તમ્ (૪) સંહતમ્ (૫) સમપાદમ્ (૬) એકપાદમ્ (૭) પૃષ્ઠોત્તાનતલમ્ (૮) ચતુરસ્રમ્ (૯) પાર્ષ્ણિવિદ્ધમ્ (૧૦) પાર્ષ્ણિપાર્શ્વગતમ્ (૧૧) એક પાર્શ્વગતમ્ (૧૨) એક જાનુગતમ્ (૧૩) પરાવૃત્તમ્ (૧૪) સમસૂચિ (૧૫) વિષમસૂચિ (૧૬) ખંડસૂચિ (૧૭) બ્રાહ્મમ્ ૧૮) વૈષ્ણવમ્ (૧૯) શૈવમ્ (૨૦) ગારુડમ્ (૨૧) કૂર્માસનમ્ (૨૨) નાગબંધમ્ (૨૩) વૃષભાસનમ્.

આમાં સમસૂચિ, વિષમસૂચિ, ખંડસૂચિ, ગારુડમ્, કૂર્માસનમ્ નાગબંધમ્ ને વૃષભાસનમ્ એ આસનો છે અને બાકીનાં સ્થાનકો છે. તેમાંથી પાર્ષ્ણિવિદ્ધમ્, પાર્ષ્ણિપાર્શ્વગતમ્, એકપાર્શ્વગતમ્ વગેરે સ્થાનકોની રચના સ્પષ્ટરીતે સમજી શકાય તેવી નથી. સ્થાનકોનાં લક્ષણો નીચે મુજબ છે, જેમાંનાં કેટલાકનાં ચિત્રો આપ્યાં છે:

સ્વતિકમ્: જમણા પગને ડાબી તરફ અને ડાબા પગને જમણી તરફ રાખવા અર્થાત્ બન્ને પગને cross કરવા. પગ સહેજ નમેલા તથા એકબીજાને સ્પર્શેલા હોવા જોઇએ.

વર્ધમાનમ્: બન્ને પગની પાની એકબીજીને અડકેલી રાખીને ફણા વિરુદ્ધ દિશામાં રાખવા તે. એટલેકે જમણા પગનો ફણો જમણી તરફ ને ડાબા પગનો ફણો ડાબી તરફ રહે તેમ ઊભા રહેવું તે.

નદ્યાવર્તમ્: ઉપરના જ સ્થાનમાં બન્ને પગને છ થી બાર આંગળને અંતરે રાખી ઊભા રહેવું તે.

સંહતમ્: બન્ને પગને જોડાજોડ રાખી, બન્નેના અંગૂઠા તથા ઘૂંટી એકબીજાને અડે તેમ ઊભા રહેવું તે.

સમપાદમ્: બંને પગ એક વેંતને અંતરે સમાન રીતે રાખવા તે. આ સ્થાન વૈષ્ણવ આદિ સ્થાનો સાથે આગળ આવી ગયું છે.

એકપાદમ્: સમપાદમાં એક પગ ઉંચો લેવો તે.

પૃષ્ઠોત્તાનતલમ્: એક પગ સીધો ને પાછળ બીજો પગ પાની ઊંચી કરી ફણા પર મંડિત રાખવો તે. અર્થાત્ એક પગે પાછળ ઠેકી દેવી તે.

ચતુરસ્રમ્: નદ્યાવર્તમાં બન્ને પગ અઢાર આંગળ દૂર રહે તે.

પાર્ષ્ણિવિદ્ધમ્: એક પગની પાનીને બીજા પગના અંગુઠાનો સ્પર્શ થાય તેમ ઊભા રહેવું તે.

પાર્ષ્ણિપાર્શ્વગતમ્: ડાબો પગ સીધો રાખી, જમણા પગની પાની ડાબા પગ તરફ રહે તેમ તેને આડો રાખી ઊભા રહેવું તે.

એક પાર્શ્વગતમ્: ઉપરના સ્થાનકમાં જમણો પગ ઊલટી રીતે–અર્થાત્ જમણા પગની પાની જમણી તરફ રહે તેમ ઊભા રહેવું તે.

એકજાનુગતમ્: એક પગ સીધો રાખી બીજો પગ બાજુમાં ચાર આંગળ દૂર ઘૂંટણમાંથી સહેજ વળેલો રાખવો તે.

પરાવૃત્તમ્: ડાબા પગની પાની પાસે જમણા પગનો અંગૂઠો અને જમણા પગની પાની પાસે ડાબા પગની કનિષ્ઠિકા (ટચલી આંગળી) રહે તેમ—પગ અવળસવળ રાખી ઊભા રહેવું તે.



સ્વસ્તિકમ્



વર્ધમાનમ્



નદ્યાવર્તમ્



સંહતમ્



પરાવૃત્તમ્



ગારુડમ્



કૂર્માસનમ્



નાગબંધનમ્


સમસૂચિ: પાની તથા જાંઘ જમીનને સ્પર્શે તેમ બન્ને પગ ત્રાંસા લાંબા રાખવા તે.

વિષમસૂચિ: સમસૂચિનો એક પગ પાછળ લંબાવવો તે. અર્થાત્ એક પગ આગળ અને એક પગ પાછળ લંબાવીને બેસવું તે.

ખંડસૂચિ: ઉપરના આસનનો એક પગ સંકોચી લેવામાં આવે તે. કયો પગ સંકોચી લેવો તે જણાવ્યું નથી; પરંતુ આસનની દૃષ્ટિએ આગળનો પગ વાળી લેવો તે વધુ પ્રમાણભૂત જણાય છે.

બ્રાહ્મમ: એક પગ સીધો રાખી, બીજો પગ પાછળ પીઠ તરફ, બન્નેના ઘૂંટણ સમાન રહે તેમ વાળવો તે.

વૈષ્ણવમ્: આ સ્થાન આગળ જોઇ ગયા છીએ.



વૃષભાસનમ્



બ્રાહ્મમ્

શૈવમ્: ડાબો પગ સરખો રાખી જમણો પગ ઘૂંટણ સુધી આગળ ઊંચો કરી સહેજ વળેલો રાખવો તે. આગળ જોઈ ગયા છીએ તે 'વૈશાખમ્' અને આ સ્થાન એક જ જણાય છે. 'નટરાજ'ના વિશ્વવિખ્યાત પ્રાચીન શિલ્પમાં આ સ્થાન યોજાએલું દેખાય છે.

ગારુડમ્: ડાબો પગ આગળ સંકોચેલો રાખી જમણો પગ, તેનો ઘૂંટણ જમીનને અડે તેમ પાછળ રાખવો તે.

કૂર્માસનમ્: જમણા પગનો ઘૂંટણ તથા બહારની ઘૂંટી જમીનને અડે તેમ ચોપટ બેસી ડાબો પગ ઊભો રાખવો તે.

નાગબંધનમ્: ડાબા પગના સાથળ પર જમણો મૂકી બેસવું તે.

વૃષભાસનમ્: બન્ને ઘૂંટણ જમીન પર જોડાજોડ કે છુટાછુટા રાખી બેસવું તે. નાટ્યશાસ્ત્રનું 'જાનુગત' તથા આ એક જ હોય તે બનવાજોગ છે.

આમાંનાં કેટલાંક સ્થાનકો તથા આસનો કરણોમાં પણ યોજાએલાં જોવામાં આવે છે. જેમકે:–

સ્વસ્તિકમ્: આ સ્થાનક સ્વસ્તિકમ્, અર્ધ સ્વસ્તિકમ્, વક્ષસ્વસ્તિકમ્, પૃષ્ઠ સ્વસ્તિકમ્ વગેરે સ્વસ્તિક કરણોમાં યોજાએલું છે.

વર્ધમાનમ્: આ સ્થાનક તલપુષ્પપુટમ્, રેચિતનિકુટ્ટકમ્, છિન્નમ્ તથા બીજાં ઘણાં કરણોમાં યોજાએલું છે.

સંહતમ્: સમનખમ્ તથા લીનમ્ એ બે કરણોમાં યોજાએલું છે

નદ્યાવર્તમ્: અપવિદ્ધમ્, અર્ધરેચિતમ્, ભુજંગત્રસ્તમ્, રેચિત વગેરેમાં યોજાએલું છે.

ચતુરસ્રમ: તે મંડલસ્વસ્વિતકમ્, સ્વસ્તિક રેચિતમ, કટિસમમ ઉન્મત્તમ્ વગેરે કરણોમાં યોજાએલું છે.

ગારુડમ્: તે 'કુંચિતમ્'માં યોજાએલું છે.

આ જ પ્રમાણે બીજાં સ્થાનકો પણ અન્ય કરણોમાં યોજાએલાં છે. ઉપરનાં સ્થાનકો ઉપર જણાવેલાં કરણો સાથે સરખાવી જોવાથી તે સમજી શકવામાં વધુ સરળતા થશે. (ચાલુ)

મહત્તા

'મહત્તા'નો અર્થ જગતના કેટલાક લોકોના ઓઠ પર આપણું નામ થોડા કાળ માટે નાચવું, એવો નથી. હિમાલયની ખીણોમાં એવાં પ્રચંડ વૃક્ષો હશે કે જેમનાં નામ જગત જાણતું નથી; પૃથ્વીના ગર્ભમાં તારા જેવા તેજસ્વી હીરા પડ્યા હશે પણ માનવજાતને હજુ તેનાં દર્શન થયાં નથી; ઉપર અનંત આકાશમાં એવા અનંત તારા હશે કે જે શ્રેષ્ઠ દૂરબીન વડે પણ દેખાયા નથી. મહત્તાનો અર્થ જગતને માહિતી હોવી એવો હું કરતો નથી. હું નિર્દોષ બનતો જાઉં છું, ધીરેધીરે ઉન્નત થાઉં છું એવું જેને લાગે છે તે મહાન જ થતો હોય છે.

સાને ગુરુજી





ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ





પહેલું ઇનામ: મોકૂફ; બીજું ઈનામ: 'વફાદાર'–કંચનરાય અમીન (અમદાવાદ); ત્રીજું ઇનામ: 'એકડે એક'–સુગનભાઈ શેઠ (ગિયાંગામ કરજણ); નોંધપાત્ર: (૧) 'બાળ-નટ'–લક્ષ્મીચંદ મેઘાણી (મુંબાઇ); (૨) 'નિર્દોષ હાસ્ય'–હંસરાજ કાપડિયા (મુંબાઇ).

આ વખતે પસંદગી પામેલાં ચિત્રો રોજિંદા જીવનના પ્રસંગોમાંથી પણ કેવી રીતે રસમય ચિત્ર ઝડપી શકાય તેનાં ઉદાહરણ રૂપ છે.

બીજું ઈનામ જીતનાર ભાઈ કંચનરાય અમીનનું 'વફાદાર' રમૂજી અને આકર્ષક વિષય છે. બાળકના માથામાંથી જૂ વીણતા વાંદરાની ક્રિયા જેટલી સહજ ને સ્વાભાવિક છે, તેટલી સહજ રીતે ફોટોગ્રાફ લઈ શકાયો નથી. સામા પ્રકાશને બદલે સીધા પ્રકાશમાં અને જરા દૂરથી, આકૃતિઓ આખી આવે તે રીતે લેવાયો હોત તો વધુ આકર્ષક ચિત્ર બનત. આવા પ્રસંગે જુદાજુદા કોણથી વિચારપૂર્વક ચારપાંચ સ્નૅપ લઇને, આવી સારી તકનો પૂરો લાભ લેવો જોઈએ. વળી, ચિત્રમાં માથાળે આવી ગએલો આછો પટ્ટો દૂષણ રૂપ છે.

ઘરને ખૂણે 'એકડે એક' ઘૂંટવામાં લીન બનેલા બાળકના ત્રીજું ઇનામ મેળવનાર સુગનભાઇ શેઠના ચિત્રમાં તેની બેઠકની ઢબ અને મોંના ભાવ લાક્ષણિક ઊતર્યાં છે. પરંતુ આ ચિત્રમાં પણ જેટલી સ્વાભાવિકતા પાત્રમાં છે તેટલી સ્વાભાવિક રીતે ચિત્રાયોજન થઈ શક્યું નથી. કૅમેરાનો કોણ બાળકના માથા નજીક જરા ઊંચેથી લેવાયો હોઈ માથું વધારેપડતું મોટું જણાય છે. ઉપરાંત, ભીંતમાં જમણા હાથે આવતો ઊભો કાળો પટ્ટો નડતર રૂપ છે. પણ સૌથી કદરૂપા તો લાગે છે બે લાંબા પગ, જે આપણી દૃષ્ટિને ચિત્રની બહાર ખેંચી જાય છે. ખૂણામાંથી શરૂ થતું આવું કોઇ પણ ચિત્ર આમ દૂષણવાળું જણાય ત્યારે એટલો ભાગ ખૂબી તથા સાવધાનીથી વિચારપૂર્વક વેતરી કાઢીને આ ખામી ટાળી શકાય. આ ચિત્રમાં મૂળ પ્રિન્ટના નીચેના ભાગમાંથી લગભગ ૦॥। ઇંચ પટ્ટી કાપી નાખવાથી ચિત્રમાં જોનારની દૃષ્ટિ ઉચિત સ્થળે કેન્દ્રિત બનશે.

નોંધપાત્ર ચિત્રોમાં ભાઈ લક્ષ્મીચંદ મેઘાણીનાં 'બાળ-નટ' ચિત્રમાં પ્રસંગવિષય સારો ઝડપ્યો છે. હથેળીમાં બાળકને સમતોલ રાખી રમાડતા પુરુષ અને બાળક બંનેના ભાવ અને ક્રિયામાં આનંદ અને ગતિ છે. પાછલી બાજુએ ખૂંચતા મકાનના ભાગને બદલે સાદી ભીંત કે ખાલી આકાશ હોત અને એક્સ્પોઝર ખામીવાળું ન હોત તો ચિત્ર ઇનામને લાયક બની રહેત.

ભાઈ હંસરાજના 'નિર્દોષ હાસ્ય'માં વિષય, ગોઠવણી કે વિચારમાં નવીનતા નથી. હાસ્યને અનુરૂપ પ્રકાશ હોત તો ચિત્ર દીપી આવત. એક્સ્પોઝર ને ટેકનીક બરોબર છે.

શ્રીદામ ભટ્ટ

અબરખ

આજની આદ્યોગિક સંસ્કૃતિમાં અગત્યનો ફાળો આપતું અજાયબ ખનિજ
જેની ઊંચામાં ઊંચી જાતથી હિંદ સમૃદ્ધ છે, અને જેની દુનિયાભરની ૭૦ ટકા ખપત એકલું હિંદ પૂરી પાડે છે

લેખક
ડૉ. નરસિંહ મૂ. શાહ, એમ.એસસી.પીએચ.ડી.

અબરખ કોણે નહિ જોયું હોય? કાચ જેવા પારદર્શક ચમકતા તેના ટુકડા બાળકોને ખૂબ પ્રિય હોય છે ને તેનાં ચશ્માં બનાવી આંખે તે ચડાવી બાળકો રમે છે. ગામડાંમાં સોનીની દુકાનેથી બાળકોને એ મળી રહે છે. અબરખ ખનિજ પદાર્થ છે ને તેના જેવો પદાર્થ બનાવવાના મનુષ્યોના પ્રયત્નો લગભગ અફળ રહ્યા છે. અબરખની કેટલીય જાતો જમીનમાંથી નીકળે છે, તેમાં ત્રણ મુખ્ય છે:

(૧) સફેદ અબરખ-મુસ્કોવાઇટ. આ જાતનું અબરખ ઍલ્યુમીનિયમ અને પોટાશિયમની સાથે સિલિકોન તથા ઑકિસજનનું વિષમ સંયોજન થવાથી પેદા થયેલો પદાર્થ છે. એટલે કે અબરખ એ ધરતીના પેટાળમાં પેદા થએલો વિષમ સિલિકેટ છે. જૂના વખતમાં તેનો ઉપયોગ મુસ્કોવી(રશિયા)માં બારીના કાચ તરીકે કરવામાં આવતો તે પરથી તેનું નામ મુસ્કોવાઇટ પડ્યું. આપણે ત્યાં બિહાર, મદ્રાસ ને લોર જિલ્લામાં તેના થર આવેલા છે. છેલ્લાં ત્રીસ વરસથી આખી દુનિયાની જરૂરીઆતનો ૭૦ ટકા ભાગ હિંદના આ થરો જ પુરો પાડે છે. અમેરિકામાં આ જાત નીકળે છે પુષ્કળ પ્રમાણમાં, પણ તેનાં પડ બરાબર ઉખડતાં નથી, એટલે તેનો માત્ર થોડો અંશ કામમાં આવે છે ને બાકીનો ભાગ દળીને ઝીણો લોટ બનાવીને વાપરવામાં આવે છે. આ અબરખના સામાન્ય સ્ફટિકો એકાદ બે ઇંચથી માંડીને એકાદ ફૂટ કદના હોય છે. તેની જાડાઈ એકબે ઇંચની હોય છે. જોકે કોઈવાર અસાધારણ સ્ફટિક જડી આવે છે. એકવાર બાર ફૂટ વ્યાસનો અખંડ મુસ્કોવાઈટ સ્ફટિક જડી આવ્યો હતો. અમેરિકામાંથી એકવાર બે ટન વજનનો એક સ્ફટિક મળી આવ્યો હતો! જેમાંથી અખંડ પડ ઊખડે તે સારી જાતનો અબરખ ગણાય છે ને તેમાંથી ઇંચના એક હજારમા ભાગ જેટલાં બારીક પડ નીકળી શકે છે. જેમ ચોપડીનાં પાનાં એક પછી એક ઊઘડે તેમ આ પડ નીકળે છે, એટલે અબરખના સ્ફટિકને 'અબરખની ચોપડીઓ' કહેવામાં આવે છે.

(૨) કેરબાના રંગવાળો અબરખ—ફ્લોગોપાઈટ. આ જાતમાં ઍલ્યુમીનિયમ, પોટાશિયમ મૅગ્નેસિયમ સિલીકેટ છે. તે કૅનેડામાંથી નીકળે છે ને ત્યાં આખી દુનિયાની માગણીને પહોંચી શકે એટલું ઉત્પાદન થાય છે. જોકે છેલ્લા દશકામાં માડાગાસ્કરે આ ખનિજની બાબતમાં અગત્યનું સ્થાન મેળવ્યું છે. ફ્લોગોપાઈટને એક હજાર ડિગ્રી સેન્ટીગ્રેઇડ સુધી તપાવવામાં આવે તોપણ ગરમીની તેના પર કાંઈ અસર થતી નથી. મુસ્કોવાઇટ માત્ર ૫૫૦ ડિગ્રી સુધી જ ટકી શકે છે. આથી મુસ્કોવાઇટના કરતાં તેની કિંમત હમેશાં ઉંચી રહે છે. રશિયામાં પણ ફ્લોગોપાઈટ નીકળે છે.

(૩) કાળું યા ભૂરું અબરખ—બીયોહાઈટ. પ્રથમની બે જાતના અબરખોમાં આવેલાં તત્ત્વો ઉપરાંત આ જાતના અબરખમાં લોહ હોય છે. બીયોહાઈટનાં પડ ભાગ્યે જ નીકળે છે તેથી તેનો ભુક્કો જ વિશેષ ઉપયોગમાં આવે છે. બીજી જાતને મુકાબલે બીયોહાઈટ ઘણા જૂજ વપરાય છે, અને તેનો ઉપયોગ છાપરાંનાં ધાબાં, રબર, મકાનનાં બાંધકામ વગેરેમાં પૂરક પદાર્થ તરીકે યા પટ દેવામાં થાય છે.

ઉદ્યોગોમાં અબરખ વિધવિધ ઉપયોગમાં લેવાય છે: મુસ્કોવાઇટનાં પતરાંની ૯૦ ટકા પેદાશ વીજળીના ઉદ્યોગમાં વપરાય છે. શ્રેષ્ઠ જાતનું જ અબરખ આ કામમાં આવે છે. ટેલિફોન, ડાયનેમો, પરિવર્તન સાધકો (Commutators) અને વીજળી વડે ગરમી પેદા કરવાનાં-સાધનો હીટરો વગેરેની બનાવટમાં અબરખની આસપાસ તાર વિંટવામાં આવે છે કેમકે તેના પર ગરમીની અસર એકદમ ઓછી થાય છે. વળી વીજળીના પ્રવાહના વહન સામે તેનો અવરોધ (Resistance) ખૂબ છે. ટૂંકમાં વીજળીના ઉદ્યોગમાં અબરખનું સ્થાન ત્રાંબા જેટલું જ મહત્ત્વનું બન્યું છે. છેલ્લાં થોડાં વર્ષોમાં અબરખનો ઉપયોગ રેડિયો, મોટર અને એરોપ્લેનના સ્પાર્ક-પ્લગની બનાવટમાં પુષ્કળ વપરાય છે. આમ, આધુનિક સંસ્કૃતિમાં અબરખનો ફાળો નાનોસૂનો નથી, અને તેની અવેજીમાં વાપરી શકાય એવો બીજો પદાર્થ હજી સુધી બનાવી શકાયો નથી. સ્ટવ, સગડી અને ભઠ્ઠીમાં જોવા માટે બારીઓની આડે મૂકવામાં આવતાં પારદર્શક પતરાં તથા ન ફૂટે એવી દીવાની ચીમનીઓ પણ અબરખમાંથી બને છે. અબરખ સ્થિતિસ્થાપક છે: રબરની માફક તે વળે છે અને પાછું મૂળ સ્થિતિમાં આવી જાય છે.

દળેલા યા ભુક્કાનો અબરખ ૧૦ ટકા વિલાયતમાં ભીંતે ચોડવાના કાગળોમાં, ૭ ટકા રંગોમાં ને ૬ ટકા રબર-ઉદ્યોગમાં વપરાય છે. પરચુરણ બીજા ઉપયોગોમાં, અબરખનો ભુક્કો સૂકા ઉંજણાં તરીકે કામ આવે છે. તેમાંથી બનાવટી પથ્થરનાં ચોસલાં પણ બને છે. કોંક્રીટનાં મકાનોમાં ચમક આપવા માટે પણ તે વપરાય છે.

અબરખના સ્ફટિક અલગઅલગ આવેલા હોવાથી તે કાઢવો મુશ્કેલ પડે છે. મુસ્કોવાઈટ કરતાં ફ્લોગોપાઇટમાં વિશેષ મુશ્કેલી હોય છે.

૧૯૩૫માં અબરખની બધી જાતોનું દુનિયામાં ઉત્પન્ન ૩૫ હજાર ટન હતું. એમાં ૫૦ ટકા અમેરિકાનો, ૧૩ ટકા રશિયાનો, ૨૦ ટકા હિંદુસ્તાનનો અને બાકીનામાં દક્ષિણ આફ્રિકા, કૅનેડા ને માડાગાસ્કરનો હિસ્સો હતો. ૧૯૩૭માં આ ઉત્પન્ન ૫૦ હજાર ટન સુધી પહોંચ્યું હતું. તેમાં મુસ્કોવાઇટ અબરખી પતરાંની દુનિયાની ૯૦ ટકા માગણી હિંદુસ્તાને એકલાએ પૂરી પાડી હતી. હિંદમાં આ ઉદ્યોગ અઢી લાખ મજુરોને રોજી આપે છે.

યુદ્ધ દરમિયાન જર્મનીએ બનાવટી અબરખ નીચે આપેલી રીતે પ્રયોગશાળામાં તૈયાર કરેલું: વિશુદ્ધ કરેલી રેતી, ધાતુઓના ઑકસાઇડ, સોડિયમ પોટાશિયમ ક્લોરાઈડ ને સિલીકો ક્લોરાઈડ ગ્રેફાઈટના મૂષકોમાં મૂકી, મૂષકની ઊર્ધ્વ ધરીના કાટખૂણે મજબૂત લોહચુંબકીય ક્ષેત્રને ગોઠવીને ૧૨૭૦-૧૨૯૦ની ઉષ્ણતાએ ગરમ કરવામાં આવ્યાં. પરિણામે અબરખ જેવો પદાર્થ બનાવી શકાયો, પરંતુ તે મોટા પાયા પર મુકાયાનું જણાયું નથી.

હીરાની જેમ અબરખ પણ માનવીને કુદરતની જ ભેટ છે. પૃથ્વીના પેટાળમાં જે અતુલ બળો આ પદાર્થો પેદા કરે છે તેની બરોબરી હજી માનવ વિજ્ઞાનથી થઈ શકી નથી એ ખાસ નોંધવા જેવું છે.

કાષ્ઠનો ઘોડો (અનુસંધાન પૃ. ૧૦થી ચાલુ) તે તમારે માટે છે; પરંતુ તમે કાલે સવારે બહારની વાડીમાં એકાંતે આવો તો ત્યાં એની ખૂબી બતાવું.' કુંવરને તો બહુ તાલાવેલી લાગી હતી, એટલે બીજે દિવસે સવારે વહેલો ઊઠી સુતારને ઘેર ગયો ને બંને મિત્રો સાથે ચાલ્યા. કુંવર પોતાના ઘોડા પર હતો. સુતારે કાષ્ઠનો અશ્વ પલાણ્યો.

વાડીમાં જઈ કુંવર કાષ્ઠના ઘોડાની કરામત જોઇ ખૂબ ખુશ થઇ ગયો અને આમતેમ ફેરવી જોયો. પછી સુતારને કહે: 'તું મારાં વસ્ત્રો પહેરી લે; હું તારાં વસ્ત્રો પહેરી તારે ઘોડે બેસું.' વસ્ત્રો બદલી કુંવર કાષ્ઠના ઘોડે ચડ્યો અને બંને નગર તરફ ચાલ્યા. રસ્તામાં કુંવરે ઘોડાની દોરી જરા જોરથી ખેંચી, એટલે ઘોડો આકાશમાં ચડ્યો અને દૂરદૂર ઊડી ગયો. સુતારનો પુત્ર તો ચિંતાથી ઊંચે જોઈ રહ્યો.

એવામાં મોડું થવાથી રાજાના સેવકો કુંવરને શોધતા આવ્યા. તેમણે સુતારને કુંવરના વેશમાં જોયો અને કુંવર ત્યાં નહોતો, એટલે માન્યું કે તેણે કુંવરનો ઘાત કર્યો છે. કાષ્ઠના ઘોડાની વાત કોઇએ માની નહિ. રાજાએ તેને કેદમાં નાખ્યો ને શૂળીએ ચડાવી દેવાનું ઠરાવ્યું.'

વિક્રમની વાત આટલે પહોંચી ત્યાં એક પહોર ગયો અને પોપટ ઊંઘી ગયો. હોંકારો બંધ થયો એટલે રાજા વાત કરતો અટકી ગયો. પણ તરત વૈતાલ મેનામાં પ્રવેશ્યો એટલે તે બોલી: 'રાજાજી, વાત આગળ ચલાવો. કુંવર ક્યાં ગયો? સુતારનું હવે શું થશે?'

અંદર બધી દાસીઓ અને સ્ત્રીઓ વાર્તામાં લીન થઈ ગઈ હતી, તે પણ બોલી ઊઠી: 'હા હા, વાર્તા આગળ ચલાવો.' ઇન્દુમતીને પણ રસ લાગ્યો હતો. તેણે કહેવડાવ્યું કે બીજા તોરણ નીચે આવો અને વાર્તા ચલાવો. તેણે બીજો પડદો છોડાવી લઇ ત્યાં રાજાને આસન આપ્યું. પછી રાજાએ વાર્તા આગળ કહેવા માંડી:

સુતારે રાજા આગળ વાત કરી કે 'હું પરદેશથી કુંવર માટે સંચાવાળો ઘોડો લાવ્યો હતો. તે પર કુંવર હઠ કરી બેઠા ને ઉતાવળે કળ ખેંચી. હવે હું જાણતો નથી કે તે ક્યાં હશે, પણ હું સાચું કહું છું કે જ્યાં હશે ત્યાં તે જીવતા હશે ને જરૂર પાછા આવશે.' રાજા કહે: 'તેની ખાત્રી કેમ થાય? તે પાછો આવે ત્યાંસુધી તને કારાગૃહમાં જ રાખીશ.'

બીજી તરફ કુંવરનો ઘોડો ઊડતો ઊડતો કનકપુર નામના નગરે ઊતર્યો. કુંવર ભૂખ તરસથી હેરાન થઇ ગયો હતો. સુંદર ગામ ને વાડી જોઈ તે ખુશ થયો અને થાકથી વાડીમાં જ ઊંઘી ગયો. એવામાં ત્યાં માલણ આવી. તે સુંદર બત્રીસ લક્ષણો રાજકુમાર જોઈ આનંદ પામી. તેને પુત્ર નહોતો, એટલે તેણે તેને હેતથી જગાડ્યો ને કોણ છે તે પૂછ્યું. કુંવરે કહ્યું: 'દુ:ખનો માર્યો આવ્યો છું અને આશરો માગું છું.' માલણે કહ્યું: 'તમે મારા પુત્ર અને હું તમારી માતા. મારે ઘેર ચાલો.'

એ રીતે કુંવર નિરાંત પામ્યો. માલણ રોજ રાજદરબારે ફૂલહાર આપવા જતી અને રોજ રાજકુંવરીના રૂપની વાત કરતી. તે પરથી કુંવરને તેને નજરે જોવાનું મન થયું, પણ તેને મહેલમાં જવા કોણ દે? એટલે તેણે ફૂલની એક કાંચળી બનાવી તેમાં પોતાની અતિ કીમતી વીંટી ગોઠવી અને માલણની સાથે મોકલી. કુંવરીએ તે પહેરી તે વખતે વીંટીનું દબાણ થતાં તેને હાથે ચડી. આવું કીંમતી નંગ પહેરનાર કોઈ રાજવંશી જ હશે એમ તેણે માન્યું ને માલણને તે વિષે ખાનગીમાં પૂછ્યું. ત્યારે માલણે કહ્યું કે એ તો મારો પુત્ર છે તેની વીંટી છે. અંતે કુંવરીએ સોગન આપી પૂછ્યું ત્યારે સાચું કહ્યું કે આકાશમાંથી એક રાજપુત્ર વાડીમાં આવ્યો તેની એ છે. એ પરથી રાજકુંવરીને કુંવરને જોવાની ઈચ્છા થઇ. તેણે એક ચિઠ્ઠી લાડુમાં નાખી માલણને આપીને કહ્યું કે આ રાજકુંવરને આપજે. તે ચિઠ્ઠી રાજકુંવરને મળી. તેમાં કુંવરીએ મળવાનું એકાંત સ્થાન બતાવ્યું હતું કે રાજમહેલની પાછળ વાડીમાં એક એકાંત બંગલી છે ત્યાં હું એકલી મળીશ. પરંતુ ત્યાં આવવું મુશ્કેલ છે; છતાં તમે શક્તિવાળા છો તો આવજો. કુંવરની પાસે તો કાષ્ઠનો ઘોડો હતો. એટલે રાત્રે તે ઊડીને ત્યાં ગયો અને કુંવરીને મળ્યો. કુંવરી તેને જોઇને અને વાતો કરીને તેના પર મુગ્ધ થઈ ગઈ ને ગાંધર્વ લગ્નથી બંને પરણ્યાં. પણ આ વાત ઘણા વખત સુધી છૂપી રહેશે નહિ એમ લાગ્યું; એટલે એક અંધારી રાતે કુંવરીએ અલંકારો ને રત્નોનું પોટકું બાંધી લીધું અને બંને જણ એ નગર છોડી આકાશમાર્ગે ચાલી નીકળ્યાં. દૂર ગયા પછી એક એકાંત જંગલમાં તે ઊતર્યાં ને કુંવરીને એક ગુફામાં બેસાડી, રાજકુંવર કંઇ ખોરાક-પાણીની શોધમાં અશ્વ ઉપર નીકળ્યો અને એક ઝરણ આગળ પાણી ભરવા ઊતર્યો. પાછા વળતાં જંગલમાં મોટી આગ લાગી તેથી ઘોડાની દોરીઓ સળગી ગઈ અને તે હેઠે પડ્યો. ત્યાં ગુફામાં કુંવરીને થોડીવારે બાળકનો જન્મ થયો. તે ઉચાટ ને વિલાપ કરતી બેઠી. એવામાં રાત્રે વનશિયાળ આવી બાળકને ઉપાડી ગયું.

અહીં સુધી વાત આવી ત્યાં મેનાનો હોંકારો બંધ થયો એટલે તરત વૈતાળ મોરમાં પેસીને બોલ્યો: 'રાજાજી, મેના સૂઈ ગઈ, પણ હું તો જાગું છું. આ રસિક વાત આપ પૂરી કરો.' પેલી બાઈનું, બાળકનું શું થશે, એ જાણવા સૌ સ્ત્રીઓ પણ અધીરી થઇ હતી, એટલે આતુરતાથી તેમણે કહ્યું કે 'આપ અહીં ત્રીજા તોરણ નીચે આવી બેસો અને વાત પૂરી કરો.' મોરે હોંકારો ચાલુ કર્યો અને વાર્તા આગળ ચાલી:

અશ્વ ઉપરથી નીચે પડેલો રાજકુંવર એક નદીમાં પડ્યો. ત્યાં એક મોટા મચ્છે તેને પેટમાં સમાવી દીધો. અકસ્માત તે મચ્છ એક ખારવાની જાળમાં સપડાયો, તેણે તેને એકદમ ચીરીને રાજકુંવરને બચાવી લીધો. તે ખારવાનો ધંધો વહાણવટાનો હતો. તેણે કુંવરને પોતાની પાસે રાખીને તેને વહાણવટી વેપારી બનાવ્યો.

પાછળ ગુફામાં રહી ગએલી પેલી રાજકુંવરી પોતાનું બાળક વનશિયાળ લઇ ગયો તે જોઇ ગાંડા જેવી બની રઝળતી કોકિલપુર નામના નગરમાં પહોંચી. ત્યાં ગામ બહાર એક ડાકણ વસતી હતી. લોકો તેનાથી ડરતા હતા તેથી તેને ત્યાં એકલી વસાવી હતી. તેણે રાજકુંવરીને આશરો આપ્યો. ત્યાં તેણે પોતાનું નામ શાકણ જણાવ્યું અને સુખમાં રહેવા લાગી. થોડે વખતે ડાકણ મરી ગઇ એટલે તેની બધી સંપત્તિ કુંવરીના હાથમાં આવી, તેથી તેણે એક સુંદર વાડીની વચ્ચે એક મહેલ બંધાવ્યો અને તેમાં ખૂબ વૈભવથી રહેવા લાગી.

તેના બાળકને લઇને ભાગતું શિયાળ ઓચિંતું એક ગામનો રાજા શિકારે ચડ્યો હતો તેની નજરે પડ્યું ને ભય પામીને તે બાળકને પડતો મૂકીને નાઠું. આવો રૂપાળો બાળક જોઈ અપુત્ર રાજા આનંદ પામ્યો ને તેને પ્રભુએ આપેલું બાળક સમજી પોતાના નગરમાં લઈ જઇ પોતાનો પુત્ર કરી ઉછેરી મોટો કર્યો. તે મોટો જુવાન થયો, તેવામાં તેનો પાળકપિતા-રાજા મૃત્યુ પામતાં તેને રાજપાટ મળ્યું. તેણે હવે પરણવા ધાર્યું અને મનગમતી સ્ત્રી શોધવા ચારે તરફ ગુપ્ત વેશે ફરવા લાગ્યો. એવામાં ગામની બહાર રહેતી શાકણ તેની નજરે પડી. તેનું રૂપ જોઈ તે મોહ પામ્યો અને જાહેર કર્યું કે મેં જે સ્ત્રી જોઇ છે તેને જ હું પરણીશ માટે તેને જલદી જાણ કરો.

શાકણને તે ખબર પહોંચ્યા ત્યારે તેણે કહેવડાવ્યું કે 'મારો એક પતિ સોળ વર્ષ પહેલાં મને રણમાં છોડી ગયો છે. તે જીવે છે કે મર્યો છે તેની મને ખબર નથી, માટે તમે વિચાર કરો.' રાજાએ કહેવડાવ્યું કે 'રાજાની મરજી વિરુદ્ધ કોઈથી ના ન પડાય. સોળ વર્ષથી જે ગયો તે જીવતો હોય જ નહિ; માટે તમે નહિ માનો તો જોરજુલમથી તમને મારા મહેલમાં લાવીશ.'

રાણીએ જોયું કે હવે ચાલવાનું નથી એટલે માનપાન સાથે રાજાના મહેલમાં ગઈ અને પોતાનો ખંડ શણગારી રાજાની વાટ જોતી બેઠી.

અહીં મોર હોંકારો દેતો અટકી ગયો, એટલે રાજાએ વાત બંધ કરી. પણ અંદર બાઇ ને તેની સખીઓને હવે વાત પૂરી સાંભળવાની તાલાવેલી લાગી હતી. તેવામાં ઢેલ બોલી ઊઠી: 'ધન્ય છે રાજા તમારી વાણી! તમે ખુશીથી હવે આગળના તોરણમાં આવો.' તે એટલું બોલી ત્યાં તો બાઇના હુકમથી દાસીઓએ પડદો છોડી નાખ્યો અને હવે સૌની સામે જઇને બેસીને રાજાએ વાત આગળ ચલાવી:

રાણી વાટ જોતી ખંડમાં બેઠી હતી ત્યાં તો રાજા આવ્યો. બેમાંથી કોઈ કોઈને ઓળખતું નથી; પણ બારણા આગળ ગાય ને વાછરડું વાત કરી રહ્યાં હતાં તે રાજાએ સાંભળી. ગાયે કહ્યું કે 'આજે મહાપાપ થવાનું છે.' વાછરડાએ પૂછ્યું: 'મા, શું કહો છો?' ગાયે કહ્યું કે 'માને પરણનારો પાપી રાજા હવે ક્ષત્રીપણું જ ગુમાવશે અને પૃથ્વી રસાતાળ જશે.' આ સાંભળી રાજા વિચાર કરતો તરત પાછો વળી ગયો અને રાજમાતા પાસે જઇને પૂછ્યું કે 'મારી ખરી માતા કોણ? ખરું કહો કે મારો જન્મ ક્યાં ને કયારે થયો? સાચું નહિ કહો તો હું આત્મહત્યા કરીશ.' તેથી રાણીએ તેને સાચી હકીકત કહી.

પછી તે શાકણને મંદિરે ગયો. તેઓ સામસામાં મળતાં જ કુંવરીને તેના પર માના જેવું વહાલ છૂટ્યું અને તેની છાતીએથી દૂધ છૂટ્યું, એટલે કુંવરે શરમથી પ્રણામ કરી સાચી વાત પૂછી. તે પરથી જંગલમાં તેનો પતિ છોડી ગયો અને બાળકને શિયાળ લઈ ગયો, એ બધી તેણે વાત કરી. આથી રાજાને બહુ પશ્ચાત્તાપ થયો ને પોતાનું પાપ કેમ કરી ટળે તેનો ખુલાસો પંડિતોને પૂછ્યો. તેમણે શાસ્ત્ર જોઇ કહ્યું કે 'ચાર અતિ કીમતી રત્નો ગુપ્તરીતે દાન કરવાથી આ પાપ જાય.'

એવામાં પરદેશથી આવતાં વહાણોમાં એક શ્રીમંત વેપારી ચાર રત્નો લઇ રાજસભામાં આવ્યો. તેનું રૂપ ને ખાનદાની જોઇ રાજાએ પાસે બેસાડ્યો અને પૂછ્યું કે 'દેખાવ પરથી તમે વેપારી લાગતા નથી. માટે તમે કોણ છો તે ખરેખરું કહો.' રાજાની લાગણી જોઇ તેણે કહ્યું: 'હું એક રાજાનો પુત્ર છું. અકસ્માતે હું મારી સ્ત્રીથી વનમાં વિખૂટો પડી ગયો. એ સ્ત્રી કયાં હશે તે જાણતો નથી. મને એક ખારવાએ આશરો આપ્યો તેથી હું હવે વહાણનો વેપારી થયો છું.'

આ સાંભળી જુવાન કુમાર સમજી ગયો અને પોતાની માતાને તેનું પડદે દર્શન કરાવ્યું. તેણે તુરત પોતાના પતિને ઓળખી કહાડ્યો ને કહ્યું: એ જ તારો ખરો પિતા છે. એથી રાજકુમારે વેપારીને અંદર બોલાવી પ્રણામ કર્યા, ને માતાપિતા ને પુત્ર ભેગાં થઈ બહુ સુખ પામ્યાં. પણ રાજાને પોતાના સુતાર મિત્રની ચિંતા હતી. એટલે કેટલોક રસાલો લઇ પિતાના નગરમાં ગયો. વૃદ્ધ માતાપિતા તેને સ્ત્રીપુત્ર સહિત જીવતો જોઇ બહુ આનંદ પામ્યાં અને તુરત સુતારને કારાગૃહમાંથી મુક્ત કરી તેડાવ્યો. બંને મિત્રો હર્ષથી ભેટી પડ્યા.


વાર્તા પૂરી થઈ એટલે રસમાં લીન બનેલી ઇન્દુમતીએ આગળ આવી રાજાને ચરણે પડી કહ્યું: 'હે પરદુઃખભંજન રાજા, હું આપના ચરણની દાસી છું. મારું સર્વસ્વ આપને સોંપું છું.'

વિક્રમ કહે: 'તમે ઘણા પુરુષોને દુઃખી કર્યા છે. હવે હું કનોજના બ્રાહ્મણને તમારો હાથ સોંપું છું. માટે મારી સાથે ચાલો.' એમ કહી વિક્રમ તેને પેલા મંદિરમાં બ્રાહ્મણ હતો ત્યાં લાવ્યા અને તે સ્ત્રીપુરુષ સુખી થાય એટલું ધન ને ભૂમિ આપી તેમને સુખી કર્યા.

'આપણી વનસ્પતિ'નો ૨૩મો હપતો

સંખેશ્વર

લેખક-**પ્રો. જયંતીલાલ દે. ઓઝા** એમ. એસસી.



મનોહર લાલ ને પીળાં ફૂલો આપતી આ વનસ્પતિ હિંદભરમાં 'સંખેશરા' નામે પણ સારીરીતે જાણીતી છે. તેને સંસ્કૃતમાં 'રત્નગંધી', 'સિદ્ધેશ્વર' ને 'કૃષ્ણચૂડ', હિંદીમાં 'ગુલતરો', મરાઠીમાં 'શંકાસૂર' ને અંગ્રેજીમાં 'Peacock flower' કહે છે. તેનું શાસ્ત્રીય નામ 'સીસાલ્પીનીઆ પલ્ચેરીમા' (Caesalpinia pulcherrima swartz).

એનું મૂળ ઉત્પત્તિસ્થાન અમેરિકા, વેસ્ટ ઈન્ડીઝ અને બાર્બાડોઝ ટાપુઓ. હિંદમાં બધે તે બાગબગીચાઓમાં ઉગાડવામાં આવે છે.

સંખેશ્વરનું વૃક્ષ મધ્યમ કદનું થાય છે ને તેની શાખાઓ પર છૂટાછવાયા થોડા કાંટા હોય છે. તેનાં પાન દાંડીવાળાં, સંયુક્ત અને ૮ થી ૧૨ નાનાં પાનનાં જોડકાંના બનેલાં હોય છે. તેને લગભગ બારે માસ રૂપસુંદર ફૂલો આવે છે. તે લાલ અગર પીળાં ને શાખાઓની ટોચે સમૂહમાં હોય છે. આ વૃક્ષ શિંબી વર્ગની વનસ્પતિ હોઇ તેની શીંગ લંબગોળ, સાંકડી ને પાતળી હોય છે અને તેમાં ૬ થી ૮ બીજ હોય છે.

સંખેશ્વરનો ઉપયોગ શોભા તેમજ છાયાવૃક્ષ તરીકે ખૂબ જાણીતો છે. તેનાં પાન, ફૂલ અને બીજનો ઉપયોગ દવા માટે પણ થાય છે. આયુર્વેદમાં તે ત્રિદોષ, વાત, ચાંદાં તેમજ ગાંઠ ઉપર અસરકારક કામ આપે છે. હિંદી ચીનમાં આ વનસ્પતિ શક્તિવર્ધક અને ઉત્તેજક ગણાય છે. તેનાં મૂળનો ઉપયોગ કૉલેરામાં કરવામાં આવે છે અને તેનાં પાનનો ઉકાળો આર્તવજનક ગણાય છે.

ફિલિપ્પાઇન ટાપુઓમાં તેનાં પાન રેચક અને ઉત્તેજક તથા તેની છાલ શક્તિશાળી ને આર્તવજનક ગણાય છે. તેનાં ફૂલનો ઉકાળો તાવ ઉતારવામાં તથા ખાંસી, દમ અને મૅલેરીઆ ઉપર આપવામાં આવે છે.

પચ્ચીસ વર્ષ પહેલાં

નિરવધિ કાળના અફાટ સાગરમાં પચીસ વર્ષ એ તો મોજાંની એક નાની લહેર ભી જેવાં લેખાય; પણ માનવ-આયુષ્યના માપથી તો પા સદીનો કાળખંડ એક પેઢી જેટલો ગાળો ગણાય, ને એટલી અવધમાં પેઢીનાં વિચાર વલણ ને પરિસ્થિતિમાં કંઈકંઈ પ્રગતિ અને પલટા આવી ગયા હોય. 'કુમાર'નો પહેલો અંક બહાર પડ્યાને આજ પચ્ચીસ વર્ષ થયાં. એ પચ્ચીસી દરમ્યાન પ્રજાજીવને શા શા પલટા તથા પ્રગતિ જોયાં તેનો મુકાબલે ખ્યાલ આવે, તેમજ આજથી પચ્ચીસ વર્ષ પહેલાંની ભાવનાઓ તથા તેને નિર્દેશતાં સાધનો કેવાં હતાં એ જાણવા મળે એ હેતુથી આ નાનકડો વિભાગ શરૂ કર્યો છે. તેમાં દર મહિને, બરાબર પચ્ચીસ વરસ પહેલાંના તે તે માસના 'કુમાર'ના અંકના વાતાવરણનો ખ્યાલ તથા તેની સામગ્રી પૈકી શ્રેષ્ઠની કૈંક ચૂંટણી આપ્યા કરવાની યોજના છે. એથી આ પચ્ચીસી દરમ્યાન નવા થયેલા વાચકને કાંઇ ને કાંઈ કુતૂહલપ્રેરક સામગ્રી સાંપડવા ઉપરાંત, સાથોસાથ જૂના વાચકોને પણ એ કાળખંડમાં ડોકિયું કરવાનો રસાસ્વાદ મળશે.

ઈ. ૧૯૨૪ના જાન્યુઆરીમાં (પોષ ૧૯૮૦ની પૂનમે) બહાર પડેલો 'કુમાર'નો પહેલો અંક અમદાવાદમાં સારંગપુરમાં આવેલા નવજીવન મુદ્રણાલયમાં છપાયો ને રાયપુરમાં બાકઆની પોળમાં આવેલા શ્રી રવિશંકર રાવળના મકાનમાંથી બહાર પડ્યો. જોકે તે પહેલાં 'કુમાર' પોતાનું બ્લૉક બનાવવાનું ખાતું તો દેવદીવાળીએ—એટલેકે ૧૯૨૩ના ડિસેમ્બરની ૨૦મી તારીખ ને મંગળવારે શરૂ કરી ચૂક્યું હતું; (એટલે આજ પણ કુમાર કાર્યાલયનો સ્થાપના દિન દેવદીવાળી ગણાય છે.) ત્યાર સુધીમાં બહાર પડેલાં બધાં સામાયિકોમાં તદ્દન અનોખાં ધ્યેય ને ભાવનાઓથી પ્રકટેલા 'કુમારે' કુતૂહલ ને આશા જગાડેલાં. 'મિજલસ,' 'માધુકરી' આદિ તેના વિભાગો વિશિષ્ટ ને લાક્ષણિક હતા. એવું જ લાક્ષણિક તેનું પૂઠું હતું, જેના પરના ઘોડેસવારના ચિત્રમાં ધ્યેયનિષ્ઠ, દૃઢસંકલ્પ ને સાહસાકાંક્ષાભરી નવી પેઢીનું ભાવપ્રતીક આલેખેલું હતું, અને જે ત્યારથી 'કુમાર' સંસ્થાનું સંજ્ઞાચિહ્ન બની રહ્યું છે.

પહેલાં પાનાનાં પ્રાર્થના કાવ્ય (જે શ્રી દેશળજી પરમાર નિયમિત લખતા) પછી 'મિજલસ'માં તંત્રી વાચકો સાથે નિકટભાવની જે વાતો કરતા, તેની પહેલા જ અંકની વાનગી જુઓ:

'કાલની ભૂલો આજે વેઠવી પડી એથી તમે નિરાશ થઇ કાં બેઠા? હજી એક મોટી તક બાકી છે: 'આવતી કાલ' તમારી છે. 'આજ'ની તે સુંદર પુત્રી છે. પણ એ સુંદર 'આવતી કાલ'નું દર્શન કરવા સારુ 'આજ' તમારે બહુ વિચારપૂર્વક, નિશ્ચયથી ને સંયમથી ગાળવી પડશે.'

આજ પચ્ચીસ વરસ સુધી 'કુમાર'નું જે અખંડ અંગ રહ્યું છે તે 'જીવનચરિત્ર'ની માળાની શરૂઆત પહેલા અંકમાં એક ઝિંદાદિલ ગુજરાતી કરસનદાસ મૂળજીના ચરિત્રથી થએલી. એવું જ 'કુમાર'નું બીજું જે અખંડિત અંગ તેનાં કલાચિત્રોનું, તેમાં પણ પહેલા અંકમાં 'અરુણ'નું રંગચિત્ર ને દેલવાડાનાં મંદિરોના જગવિખ્યાત શિલ્પ-દર્શનથી થએલી. શ્રી ત્રિભુવન વ્યાસના કુદરતકાવ્ય 'શિયાળો' ઉપરાંત કવિ ખબરદારનું પ્રેરક ઉદ્‌બોધનકાવ્ય હતું. જેની શરૂની બે લીટીઓ આ અંકના છેલ્લા પાનાને મથાળે ઉતારી છે.

'માધુકરી' વિભાગમાં સંઘરેલી વિવિધ વાનગીમાં 'સાહિત્ય'ના તંત્રી સ્વ. મટુભાઈ કાંટાવાળાએ ઉમરેઠ વિદ્યાર્થીસંમેલનમાં ઊગતી પ્રજાને ઉદ્‌બોધીને કહેલાં પ્રોત્સાહક વચનો તો આજે યે ઉતારવા જેવાં લાગે છે: 'જીવનમાં આપણે માટે વેતરું સરજાયું હોય, મોટા કુટુંબનું ભરણપોષણ કરવામાં આપણો વખત જતો હોય ને બીજું કાંઇ આપણાથી થતું ન હોય, એવી સ્થિતિમાં દૂર રહ્યે રહ્યે પણ આપણે માત્ર આપણાં કર્તવ્યોનું પાલન કરીએ તો તેથી યે દેશસેવા જરૂર થાય. સારામાં સારો પાક ઉતારનાર ખેડૂત, સત્યથી લડનાર વકીલ, ગરીબોને મદદરૂપ થનાર દાક્તર, એઓ શું દુનિયાની ઓછી સેવા બજાવે છે?... લોકસેવાના દેખીતા માર્ગો પર આપણાથી પ્રયાણ ન થાય તો નિરાશ થવાનું કારણ નથી. દરેક માણસ ઈશ્વરે સોંપેલા કાર્યમાં મચ્યો રહે તો તે દુનિયાને ઉપકારક સેવા બજાવે છે. ગમે તેટલું વિકટ જીવન આપણે ગાળતા હોઈએ છતાં વિચારને માટે થોડી પળ મળ્યા વિના ન રહે. ગોરસલીનું ફૂલ સુકાતું જાય તેમ તેની મીઠી સુવાસ વધતી જાય છે; કેવડો દૂર પડી ચગદાતો હોય તો તેનો પમરાટ વધારે ફેલાય છે; તેવી રીતે જેમ મનુષ્ય પર કામનું ભારણ વધારે તેમ તેનું વ્યક્તિત્વ વધારે પ્રકાશે ને વિકસે છે.'

હવે છેલ્લે એ અંકમાં શ્રેષ્ઠ લાગેલી એક રૂપકકથાની તારવણી ઉતારીને આ પરિચય પૂરો કરીએ:

ઘોડાનું બંધન

પહેલાં ઘોડો આજની જેમ માણસનો ગુલામ ન હતો. બીડમાં તે મનભાવતી હરીઆફરી કરતો. તેના મોંમાં લોહનું ચોકડું ન હતું, પીઠ પર કોઈ સવાર ન હતું કે છાતીએ ગાડીનું ધૂંસરું ન હતું.

એક વખત બીડમાં છેટે એને કંઈ કાળું કાળું દેખાયું. તે કાન ઊભા કરીને જોવા લાગ્યો. ધારીને જુએ છે તો કાળા ડુંગર જેવું એ કંઇક ચાલે છે અને હળવે હળવે બીડ તરફ વધી રહ્યું છે. હવે ઘોડો ગભરાયો. હતું તેટલું જોર કરીને તે બીડને સામે છેડે દોડી ગયો. ત્યાં ઘાસની ઓથે લપાઇને જોઇ રહ્યો.

પેલો કાળો ડુંગર જેવો હાથી હતો. સુંદર ઘાસથી ભરેલું બીડ જોઇને તેના હરખનો પાર રહ્યો નહિ. તેણે બીડમાં જ ધામો નાખ્યો. ઘોડો મુશ્કેલીમાં આવી પડ્યો. ચોવીસે કલાક ભયને લીધે તેની છાતીમાંથી થડકાટ ખસતો ન હતો. અને વિશાળ પેટવાળો હાથી છપ્પનિયા કાળની પેઠે વીઘાંનાં વીઘાં ચરી જઇને બીડને હથેળી જેવું કર્યે જતો હતો એ તેનાથી દીઠું જતું ન હતું.

આ રોજનું દુઃખ કેમ ખમાય? હાથીનું કાસળ કોઈ પણ ઉપાયે કાઢવું તો જોઈએ જ. ઘોડાએ વિચાર્યું: 'આપણા એકલાથી તો આની જોડે નહિ લડાય. કોઇની મદદ મેળવવી જોઈએ. ઘાસ ન ખાઇ શકે એવું કોઈ શોધવું જોઇએ. સિંહ પાસે જાઉં, પણ એની સામે જવાને પગ કેમ ઊપડે? મદદ માંગવા જાઉં ને મને જ ફાડી ખાય તો? હં, માણસ જ ઠીક. ઘાસ એ ખાઈ શકનાર નથી, એટલે મારું બીડ સહીસલામત જ છે. અને મારી જાત પણ તેટલી જ સહીસલામત છે; કારણ, મને મારવા કરવા આવશે ત્યારે દોડીને એના હાથમાંથી છટકવું શું મુશ્કેલ છે?'

માણસ ઘણું ચતુર પ્રાણી છે એમ તે જાણતો હતો. બળ ન હોવા

છતાં બુદ્ધિ વડે માણસ હાથી જેવા બળવાન પ્રાણીને મારશે એમ જાણનાર ઘોડાએ એટલું ન જાણ્યું કે એ જ બુદ્ધિ વડે માણસ ધારે તો તેને પણ મારી શકે. ગરજવાન એટલી અક્કલ ક્યાંથી દોડાવી શકે? ઘોડો માણસને શરણ ગયો.

ઘોડાએ આવીને માણસના પગમાં લાંબા પડીને નમસ્કાર કર્યા અને ગદ્‌ગદ્‌ કંઠે પોતાના આવવાનું કારણ નિવેદન કર્યું: 'માણસ કાકા, અત્યારે મને એક તમારો જ આધાર છે. ગમે તેમ કરો, પણ મારું આટલું એક કામ કરી આપો. તમારો પાડ હું કદી નહિ ભૂલું.'

ઘોડાએ તે વખતે માણસની આંખ તપાસીને જોઈ હોત તો તેમાં 'ઠીક લાગ આવ્યો છે' એવી લુચ્ચાઇભરેલી વૃત્તિ તે ઉકેલી સક્યો હોત. પણ ગરજવાનને અક્કલ ન હોય.

માણસે કહ્યું 'તારા જેવા સુંદર પ્રાણીનું કામ કોણ ન કરે? પણ તું જાણે છે કે હું તો સાવ નાનો છું. મારાથી ઉતાવળે દોડી પણ શકાતું નથી. તારો વેરી હાથી કેવડો જબરો! એનું બળ કેટલું? છતાં હું કહું તેમ તું કરે તો મને ઉમેદ છે કે હું તને મદદ કરી શકીશ.'

ઘોડાએ કબૂલ કર્યું, 'જેમ કહેશો તેમ કરીશ, મારે માટે કરવું છે ને? ક્યાં તમારું કામ છે?' ઘોડાએ મોંમાં આંગળી આપી, એટલે હવે માણસ હળવે હળવે એનો પોંચો ગળવાની તૈયારી કરવા લાગ્યો. એણે કહ્યું, 'મને તારી પીઠ પર બેસવા દે.' ઘોડો કહે, 'ખુશીથી.'

'મારે કઈ તરફ જવું છે એ તને ખબર પડે તેટલા માટે તારા મોંમાં લગામ નાખવા દે.' 'ઘોડો કહે, 'કબૂલ.'

'મારે ઉતાવળું કે ધીમું ચાલવું છે તે તું સમજે તે માટે તારાં પડખાંમાં લોખંડી એડીઓ મારવા દે.' ગરજુ ઘોડાએ કહ્યું, 'ભલે તેમ.'

કબૂલાત થઇ ગઈ. ઘોડા ઉપર ચડીને માણસ હાથીને હરાવવા લાગ્યો. યુદ્ધમાં બુદ્ધિમાન માણસે હાથીને પાડ્યો.

માણસ એ બીડમાં જ રહ્યો. ઘોડાના મોંમાં લગામ કાયમ હતી.

માણસ હવે આજ જશે, કાલ જશે, એમ ઘોડો દહાડા ગણતો હતો. પણ પેલાની તો જવાની દાનત જરા યે જણાતી ન હતી. એક દિવસ ઘોડાએ કહ્યું, 'માણસ કાકા, આ જન્મમાં તો હું તમારું ઋણ નહિ ફેડી શકું. પણ મારી ખાતર હવે તમારે તમારાં બૈરીછોકરાંનો વિયોગ ખમવાની જરૂર નથી. હવે તો હું મારું ફોડી લઇશ.'

પરોપકારી માણસ બોલ્યો, 'તને એમ એકલો મૂકીને મારાથી કેમ જવાય? બૈરીછોકરાંને તો હું અહીં સાથે જ તેડી લાવનાર છું. તેં મારું શરણ લીધું તો મારે તને પૂરી મદદ કરવી એ મારો ધર્મ છે. તું તારા પોતાના જ જોર વડે એકલો રહેવા જેટલો હોશીઆર થઈ જા, ત્યાર પછી જ હું અહીંથી ખસી શકું.'

ઘોડાને કાળજે હવે ફડકો પેઠો. થોડા દિવસ રહીને એણે ડરતાં ડરતાં કહ્યું, 'મારી જીભમાં છાલું પડ્યું છે. મારા મોંમાંથી આ લગામ...' ડોળા કાઢીને મોટો ઘાંટો તાણીને માણસ બોલ્યો, 'ફિટકાર છે તને, નિમકહરામ! તારે માટે મેં મારાં ઘરબાર છોડ્યાં, જીવનું જોખમ ખેડીને મેં હાથી જેવા મહા બળવાન પ્રાણી સાથે યુદ્ધ કર્યું, અને આટલી એક લગામ પણ તારાથી નથી ખમાતી? આવા નિમકહરામનો ભરોસો શો? કાંટાવાળી લગામ પહેરાવ્યા વગર તું પાંસરો ચાલવાનો જ નથી.'

ઘોડાએ ઘડીક ઠેકડા માર્યા. લગામના કાંટાથી તાળવું ફુટી જતું હતું. ચાબુકના ફટકાથી પીઠ ચીરાઇ જતી હતી. એડીના ઘાથી પડખાં વીંધાઇ જતાં હતાં. તેના ઠેકડા બધા સુકાઇ ગયા.

ઘોડાનો આજની ઘડી સુધી છુટકારો થયો નથી. સ્વતંત્રતા શું એ હવે તો એને યાદ પણ નથી રહ્યું. **જુગતરામ દવે**

૨૭ (જાન્યુઆરી ૧૯૪૯)

ભવિષ્યપુરાણ

માણસને થયું કે ઘોડો હવે સ્વતંત્રતા ભૂલી ગયો છે. પણ જેમ ડૂબી ગએલો સૂરજ રાત પૂરી થયા પછી ઊગ્યા વગર રહેતો નથી, તેમ જ સ્વતંત્રતાનો ખ્યાલ પણ ફરી ઊગ્યા વગર રહેતો નથી. ઘણાં વરસ માણસની સેવા કર્યા પછી ઘોડાએ જોયું કે પોતે એકલાએ જ સ્વતંત્રતા ખોઈ નથી. ઘોડાની સેવા પર આધાર રાખીને માણસ પણ પરાવલંબી થયો હતો. ઘોડાએ વિચાર્યું, 'વફાદારીથી સેવા કરું તોયે લોઢાની એડીનો માર તો ખાવો જ પડે છે. કાંટાવાળી લગામ પણ પોતાનું કામ કર્યા જ કરે છે. આવું દુ:ખ સહન કરવા કરતાં મરવું બહેતર.' ઈશ્વરનો સ્વભાવ વિચિત્ર છે જે મરવાને તૈયાર થાય છે તેને જીવવાનો માર્ગ તે તરત જ બતાવી દે છે.

ધૂર્ત માણસના ધ્યાનમાં ન આવે એની એક યુક્તિ ઘોડાને સૂઝી. મનમાં કંઇક નિશ્ચય કરી તે નીરાંતે સૂઇ ગયો. બીજે દિવસે તેણે માણસે આપેલું ઘાસ ખાવાની ના પાડી. માણસ ગભરાયો. અત્યાર સુધી ઘોડાને લાગતું હતું કે પોતાને માટે જ તે ઘાસ ખાય છે. પોતે ઘાસ ખાય એમાં માણસનું પણ હિત રહેલું છે, એ વાત તે રાત્રે તેના ધ્યાનમાં આવી. માણસ ક્રોધે ભરાયો. ઘોડા ઉપર જીન કસીને તેણે સવારી કરી. માણસે વિચાર કર્યો, 'આજે એનો ડૂચો કાઢવો જોઈએ, એટલે એની મેળે ઘાસ ખાશે.' ઘોડો થાકીને લોથ થઇ ગયો ને ઘેર આવ્યો. માણસે એની આગળ ઘાસ નીર્યું. પણ હરિના કસમ, ઘોડો ઘાસ ખાય તો! માણસ મૂંઝાયો: 'હવે શું થશે? ઘોડાને આધારે મેં આટલી પ્રવૃત્તિ વિસ્તારી છે. એના વગર તેને હું કેમ પહોંચી વળું? બીજે દિવસે એણે ચાબુક લઇને ઘોડાને ઝંઝેરી નાખ્યો. ઘોડાને થયું: 'લત્તાપ્રહાર કરી દાંત વતી માણસને કરડી ખાઉં!' પણ પાછો વિચાર થયો: 'ધૂર્ત માણસ આગળ મારી શક્તિ ચાલે એમ નથી, તો પછી શક્તિ નકામી વાપરીને ક્ષીણ થઇ જવું શા કામનું?' ઘોડાએ ગમ ખાધી અને મૂંગે મોઢે માર ખાઇ રહ્યો. હવે ઘોડાને નવો ઉપાય સૂઝ્યો: 'મારા પોતાના બચાવ માટે હું પગ ન હલાવું તો આ જાલિમ માણસને લઇ જવા માટે તો શાને જ હલાવું?'

બીજે દિવસે માણસે જીન કસ્યું, લગામ ચડાવી અને ઘોડા ઉપર સવાર થયો. 'ડચ ડચ, ડચ ડચ. કેમ? ઘોડો કેમ નથી ચાલતો?' 'કડાબ ફટ!' ચાબુકનો અવાજ થયો, પણ વ્યર્થ. પૂતળાની માફક ઘોડો ઊભો જ રહ્યો. માણસે વિચાર કર્યો: 'મારવાથી ઘોડો મરી જશે તો ઘોડા કરતાં મારું જ નુકસાન વધારે થશે.' દૂરંદેશી વાપરીને માણસે મિજમેજ ઉતારી નાખ્યા, લગામ કાઢી નાખી અને ઘોડાના ગળામાં એક દોરડું બાંધીને સવાર થયો.

ઘોડાએ પણ વિચાર કર્યો, 'થયું એ ઘણું થયું. હવે તો આપણે ચાલી શકીએ.' ઘોડો બધા રસ્તા જાણતો જ હતો. ક્યારે ક્યાં જવાનું હોય છે એ પણ એના ધ્યાનમાં હતું. એટલે માણસ અને ઘોડો સુખેથી રહેવા લાગ્યા પણ નહિ. મરીને સજીવન થએલી સ્વતંત્રતા આટલાથી કેમ સંતોષ માને? ઘોડાને દોરડું પણ અસહ્ય થઈ પડ્યું. જૂનું દોરડું કાઢીને નવું દોરડું બાંધવા માણસ આવ્યો ત્યારે ઘોડાએ ફરી પોતાનું રૂપ પ્રકાશ્યું. માણસે બીચારે લાચારીથી દોરડું યે કાઢી નાખ્યું. હવે તો ઘોડાની ઇચ્છા થાય ત્યારે જ તે માણસને લઇ જાય ને મનમાં ન આવે ત્યારે ચોક્ખી ના પાડે. આવી અનિશ્ચિત સેવાથી માણસ કંટાળ્યો. ધીમેધીમે તેણે પોતાની પ્રવૃત્તિ ઓછી કરી. તે સ્વાવલંબી બન્યો ને ઘોડાને પણ પોતાનું બીડ મળી ગયું. જે સ્થિતિ પહેલાં હતી તે સ્થિતિ ઉપર બન્ને આવ્યા. પણ બન્નેના અનુભવમાં કેટલો ઉમેરો થયો હતો! **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**



માધુકરી

લોપવી સીમ, અણદીઠને દેખવું,
તાગવો અતલ દરિયાવ, તળિયે જવું,
ઘૂમવાં દિગ્દિગંતો, શૂળી પર સૂવું,
નિત્ય યૌવન ચહે એહ વિશ્વ જીવવું. —ઝવેરચંદ મેઘાણી

ગુજરાતના સમર્થ પક્ષીતત્ત્વવિદ્ સ્વ. કંચનલાલ દેસાઈ

ગઇ ૨૧મી ડિસેમ્બર ૧૯૪૮ના રોજ ભાવનગરમાં કંચનલાલ ગિરજાશંકર દેસાઈના થએલા અવસાન સાથે ગુજરાતના એક વિરલ પક્ષીજ્ઞાનવિદ્નું અસ્તમન થયું એ કેટલા ગુજરાતી જાણતા હશે? એમનો જન્મ ભાવનગરના એક શ્રીમંત નાગર ગૃહસ્થ કુટુમ્બમાં થયો હતો. ભાવનગરના રાજકારણમાં નાગરોના અધિકારનો એ મધ્યાહ્ન હતો, એટલે કંચનલાલના જીવનનો આરંભકાળ સ્વાભાવિકરીતે ઐશ્વર્યમાં વીતેલો. એ સમયે સુન્દર ઊંચી ઓલાદના ઘોડા રાખવા, કેળવવા અને દોડાવવાનો તથા કબૂતર પાળવા-ઉડાડવાનો અને બાજદારીનો શોખ એમને લાગેલો. એવામાં સમર્થ પક્ષીવ્યવહારવિદ્ ઉસ્તાદ હસનમિયાં જેવા મિત્રોના સંબંધના યોગે એ પક્ષીપાલનના માર્ગે વળ્યા અને એમના સમગ્ર જીવનનું પરિવર્તન થઈ ગયું. ત્યારથી એ પક્ષીઓને પાળવામાં, એમના સંવર્ધનમાં, એમની વાણીવિદ્યા અને ગાનશક્તિને કેળવવામાં પડયા. વ્યાવહારિક જીવનની સર્વ ઉપાધિઓને દૂર કરી અને પક્ષીપાલન એમના જીવનનો પ્રધાનમંત્ર બની બેઠો. પોતાનાં સમગ્ર ધન, સિદ્ધિ, વાડીવજીફો, પરિવાર અને જાતને પક્ષીઓના ચરણે ધરી દીધાં. એમના જીવનમાં એવું કશું ય ન હતું જે પક્ષીઓની સેવાને યોગ્ય ન ગણાયું હોય; કોઈ પક્ષી એવું ન હતું જેનું મૂલ્ય એમણે મોંઘું ગણ્યું હોય. કોઈ પક્ષી એવું ન હતું જે એમની દૃષ્ટિએ ક્ષુદ્ર ગણાયું હોય. એમના આંગણે કોઈ પક્ષીને જાકારો ન હતો. એમનો પક્ષીપ્રેમ વ્યવહારમગ્ન ઈશ્વરોપાસકની સેવાભાવનાથી શતગુણ વધારે હતો. તખ્તેશ્વરમાં આવેલા પોતાના બંગલાનાં બારીબારણાંને જાળીઓ જડી દઇને એના ખંડેખંડને એમણે પક્ષીનાં નિવાસસ્થાન બનાવ્યાં હતાં અને પોતે સપરિવાર, નોકરો માટેની બેચાર ઓરડીમાં સમાવેશ કર્યો હતો! એમણે ધીમેધીમે જીવનના સર્વ વ્યવહારોનો ત્યાગ કરી દીધો અને પોતાની પાસેનું સર્વસ્વ પક્ષીઓની સેવામાં સમર્પીને કુટુંબનો ભાર ઈશ્વરને સોંપી દીધો.

કંચનલાલની ધ્યેયનિષ્ઠા ને તિતિક્ષા અદ્ભુત હતાં. દિવસે એ પક્ષીઓની પરિચર્યામાં મગ્ન રહેતા અને રાત્રે પક્ષીઓ નિરાંતે ઊંઘતાં હોય ત્યારે પોતે શાંત ચિત્તે પરમ સંતોષથી એમની વચ્ચે જાગતા બેસતા! પક્ષીને અસ્વસ્થ જોઇ એ વ્યાકુલ-વિહ્વલ થઈ જતા અને એની શુશ્રૂષામાં ઊભે પગે રહેતા. પક્ષીઓના વ્યાધિઓના પોતાના ઊંડા જ્ઞાનના બળથી એ બીમારી મટાડવા પ્રયત્ન કરતા અને એને રોગમુક્ત થઇને પુનઃ હરતુંફરતું જોઇને કરુણા-માયાથી એમની આંખો છલકાઇ જતી.

અને આમાં એમની કેવળ ઘેલછા ન હતી, પણ પરમ તત્ત્વાર્થીની નિર્મળ જિજ્ઞાસાવૃત્તિ હતી. પક્ષીજીવનની વિવિધ સમસ્યાઓને સમજવાનો એ એકચિત્ત પ્રયત્ન હતો. અને તે માટે પુસ્તકોનો આશ્રય ન લેતાં એનો ઊકેલ એ પક્ષીઓની પોતાની પાસેથી જ લેતા. પક્ષીઓ કોઈવાર એમની જિજ્ઞાસા તૃપ્ત કરતાં અને એ કૃતકૃત્યતા અનુભવતા. કવચિત્ અનેક દિવસોની ઉપાસનાને અંતે પણ એમને ઉત્તર મળતો નહિ અને એમની વ્યાકુળતા શતગુણ વધી જતી. પરંતુ નિરાશાને એમના જીવનમાં સ્થાન જ ન હતું. દ્વિગુણિત ઉત્સાહથી એ પક્ષીને મનાવવા, ફલાવવા, પટાવવા પ્રયત્ન કરતા ને અંતે સિદ્ધિ એમને વરતી.

છતાં કંચનલાલના આ પ્રયત્નો અને વિજ્ઞાનશાળાઓમાં થઇ રહેલા પ્રયોગો વચ્ચે ભારે

માસમાસનાં પંખી [૩૧] વૈયાં



શિયાળામાં અત્યંત વ્યાપક ને અનાજના પાકને મહાઉપદ્રવ કરનાર આ પંખીનું નામ તો ઘણાખરાએ સાંભળ્યું હોય છે; પણ એને જોયું હશે કેટલાએ? એ મેના-કાબરની જાતનું પંખી; દેખાવે કાબર જેવડું ને જેવું જ; પણ માથા પર ફુલાવેલા વાળના જથ્થાને લીધે ઝટ વર્તાઇ આવે છે. ચિત્રમાં બતાવ્યાં છે તેમ, એનું માથું, ગરદન, છાતી, પાંખો ને પૂછડી વાદળી રંગની છાયાવાળા કાળા રંગનાં; બાકીનું આખું શરીર ગુલાબી. આથી અંગ્રેજીમાં એને 'રોઝી પૅસ્ટર' કે 'રોઝ કલર્ડ સ્ટાર્લિંગ' કહે છે; (અને એના ઉપદ્રવને લીધે 'જુવારી બર્ડ' પણ કહે છે.) એની ચાંચ પણ ગુલાબી કે લાલ, પગ મેલા બદામી.

કાબરના વર્ગમાં સૌથી 'વગડાઉ' પંખી આ. અને બધી મેનાઓમાં સૌથી મોટાં ટોળાં દેખાતાં હોય તો તે પણ આ વૈયાંનાં જ: ૨૫-૫૦ થી ૧૦૦-૨૦૦ના કે તેથી યે મોટાં. એટલે, જે ખેતર પર પડયાં તેનો તો ધાણ જ કાઢી નાખે. પરંતુ અનાજ સાથે જંતુ પણ એમનો આહાર હોવાથી જ્યારે ખેતરોમાં તીડ પડે છે ત્યારે એ મહામારીનો નાશ કરવામાં વૈયાં જ મોખરે હોય છે. એટલા પૂરતાં એ ખેતીને ઉપકારક પણ ગણાય.

વરસનો મોટો ભાગ એ દેખાતું હોવા છતાં તે આપણા દેશનું સ્થાયી વાસી નહિ. અહીંનો શિયાળો માણી તે ઉનાળે મે માસની આખર સુધીમાં પોતાના મૂળ વતન યુરોપ તથા એશિયાના મધ્યપ્રદેશમાં પહોંચી જાય છે તે પાછાં જુલાઇની અધવચમાં ટોળે વળીને આવી પહોંચે છે. એટલે આપણે ત્યાં નથી દેખાતાં માત્ર ખાસ-દોઢ માસ. ઇડાં-બચ્ચાં એ વતનમાં જ ઉછેરે છે. ['વનેચર']



ભેદ હતો. વૈજ્ઞાનિકોનું ધ્યેય પક્ષી-જગતના વ્યવહારોને માનવબુદ્ધિની કસોટીએ કસવાનું હોય છે. કંચનલાલનો માર્ગ ભિન્ન હતો. મનુષ્યની લાગણીઓ આદિનું પ્રતિબિંબ પક્ષીઓના જીવનમાં અવલોકવાનો એ કદી પ્રયત્ન ન કરતા. એમનું સમગ્ર ધ્યાન પક્ષીઓના વ્યવહારને પક્ષીઓની જ દૃષ્ટિએ ઉકેલવા પર હતું. એટલા પૂરતા એ મનુષ્ય મટીને પક્ષીરૂપ થઈ જતા હતા. પરિણામે, પક્ષીઓની અને એમની વચ્ચે વિશિષ્ટ પ્રકારની એકતા—એકરૂપતા આવી ગઇ હતી. એટલે જ ગમે એવું ક્રૂર અને કઠોર પક્ષી પણ એમના સહવાસમાં સુકોમળ બની જતું, અત્યંત ભયભીત અને વ્યાકુળ પક્ષી એમના સાન્નિધ્યમાં શાંત અને વિશ્વસ્ત થઇ જતું. અમાપ કરુણતા, મોઠાશ, માર્દવ અને નિર્ઝરતા પ્રેમભાવ વડે એ પક્ષીઓને ઉછેરતા, પાળતા, પોષતા, રીઝવતા, શીખવતા, અને પક્ષીઓ પણ એમને વશવર્તી થઇ જતાં. એમના સહવાસમાં આવનાર પક્ષીને પ્રથમ મિલને જ કંચનલાલ પ્રત્યે એવો અનિર્વચનીય ભાવ થતો કે કોઇ અકથ્ય બંધનથી બંધાઇ એ સદાકાળ માટે એમનું બની બેસતું. કંચનલાલના પ્રથમ દર્શને એમના આવા લોકોત્તર પક્ષીપ્રેમની સહેજે પ્રતીતિ ન થતી. બાહ્ય દર્શને એ કઠોર અને જડ લાગતા, પરંતુ મર્મજ્ઞને તો એમનું હૃદય પક્ષીપ્રેમથી છલોછલ ભરેલું અનુભવાતું.

શુભ ધ્યેયની સિદ્ધિ અર્થે મરી ફીટનારા પણ પડયા છે, એનું જેને જ્ઞાન નથી એવાઓને તો આ બધું અતિશયોક્તિભર્યું લાગશે. પરંતુ કંચનલાલ જેવા લોકોત્તર પક્ષીપાલકના પરિચય માટે આપણી ભાષા યે પૂરતી સહાયક નથી. એમની પ્રચંડ ઉપાસનાના પરિચય અર્થે અતિશયોક્તિનો આધાર લીધા વિના છૂટકો નથી. એમની સાધના, ઉપાસના જેટલાં લોકોત્તર હતાં એટલાં જ એમનાં બલિદાન અને ત્યાગ અનન્યસાધારણ હતાં. એમના જીવનમાં સમાનશીલ વ્યક્તિઓ સિવાય અન્યને સ્થાન ન હતું. એટલે જ એમને મળવા રાજમહારાજાઓને પણ યાચના કરવી પડતી અને ક્વચિત એવી યાચનાઓનો અસ્વીકાર પણ થતો. છતાં એકાદ ભાંગેલી પાંખવાળી ચકલી કે કાગડાને માટે એમનાં દ્વાર સદૈવ ઉઘાડાં રહેતાં!

કંચનલાલના આવા જીવનનું મૂલ્યાંકન કરવાનું સરળ નથી. જે માર્ગે તે ચાલ્યા એ માર્ગના પ્રવાસી સિવાયનાને કદાચ એમની જીવનપ્રણાલિ અને પ્રક્રિયા સહેજે સમજાય એવાં નથી. અંતરના જે આદેશ અને આવેગને લઇને એમણે પક્ષીજીવનના પરિચય અર્થે સમગ્ર જીવનનું બલિદાન આપ્યું, એ ધ્યેય એ કેટલા અંશે સિદ્ધ કરી શકયા એ તો એ જાતે જ કહી શકત. કારણ કે એવી તિતિક્ષા અને તપસ્યા તથા ઉપાસના વિના એવા જ્ઞાનનો અધિકાર દુર્લભ છે. પક્ષીઓનાં અંગછેદન કરીને કે એમને પાંજરાંમાં ગોંધી રાખીને એમનો પરિચય કરવાનું તો સરળ છે; પરંતુ કંચનલાલે જે 'પરિચય' કર્યો એવા પરિચયની ઝાંખી પણ એ માર્ગે તો દુર્લભ છે. કારણ આજે તો પક્ષીઓને ઓળખવાં એટલે વગડામાં કે પક્ષીગૃહમાં જઇને એમને જોવાં, નામ જાણવાં અને એમના નાચગાનથી આનંદિત થઈ પરિપૂર્ણતા અનુભવવી એટલું જ. કંચનલાલ આવી કૃતકૃત્યતાના અભિલાષી ન હતા. એ તો એવા યુગના વારસ હતા કે જ્યારે પક્ષીઓને જાણવા-ઓળખવા માટે પક્ષીરૂપ થવું પડતું હતું, એમની સાથે તાદાત્મ્યવૃત્તિ કેળવવા ભક્તજનની ધ્યેયનિષ્ઠાથી રાત્રિદિવસ આરાધના કરવી પડતી.

કંચનલાલે એમની સિદ્ધિનાં પુસ્તકો લખ્યાં નથી કે ભાષણો કર્યા નથી. એમનું જીવન તો 'ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં શિષ્યાસ્તુ છિન્નસંશયા:' જેવું હતું. એવા ભાવગ્રાહી શિષ્ય એમને કેટલા મળ્યા હશે, એ તો કહેવું સહેલું નથી. પણ એમના ગુણોથી આકર્ષાઇને એમના ફરતું સારું એવું મંડળ વીંટળાઈ રહેતું. એમાં રાજવંશીઓ હતા, વિદ્યાનુરાગી જનો પણ એમાં સ્થાન પામીને ગૌરવ અનુભવતા. પરદેશી ગુણજ્ઞ પક્ષીતત્ત્વવિદો પણ એમનો પક્ષીપ્રેમ જોઈ મુગ્ધ થઇ જતા. છતાં કંચનલાલની સિદ્ધિની યથાર્થ ઝાંખી એમના સત્પુત્ર શ્રી પદ્મકાન્ત વિના બીજા કોઈને થઈ હશે કે કેમ એ સંદિગ્ધ છે.

કંચનલાલને પોતાનું મિથ્યા ગૌરવ કે અભિમાન પણ ન હતું. એમની બેપરવાઈમાં ઐશ્વર્યવાનની જડતા કે વિદ્યાભિમાનીની કટુતા ન હતી. રાજવંશીઓને એમને આંગણેથી પાછા વાળવામાં એમનો ઘમંડ કે અવિનય કારણભૂત ન હતો; પરંતુ પોતાની ઉપાસનાની એક પળ પણ વેડફાય, નિરર્થક જાય તે એ સહન કરી શકતા નહિ, એટલે એ કોઈને મળતા નહિ-મળવાના પ્રયત્નને ઉત્તેજન પણ આપતા નહિ. એ જ હેતુથી એમના જેવા આત્મનિષ્ઠ પુરુષને પોતાની વેદના કે વિહ્વળતાની ચર્ચા અન્ય સાથે કરવાનું અશક્ય હતું, એમને થતા આનંદની માત્રાથી એ કોઇને વંચિત રાખતા નહિ. પરંતુ પક્ષીતત્ત્વના ઉકેલ સંબંધની પોતાની મૂંઝવણો અને મનોમંથન તો એ એકલા જ અનુભવતા. અરધી સદીની આવી એકધારી ઉપાસના અને તપસ્યા દ્વારા થએલી સિદ્ધિ અને જ્ઞાનપ્રાપ્તિને એમણે ધાર્યું હોત તો ૨૫-૫૦ પ્રથમ પંક્તિના ગ્રન્થોમાં એ સહેજ લખી, લખાવી શકયા હોત. પરદેશોમાં જન્મ્યા હોત અથવા આપણા દેશના જ એ નવીન શિક્ષણ પામેલા યશોલોભી હોત તો દેશ પરદેશની મોટી જ્ઞાનમંડળીઓના સન્માનિત સભ્ય થઈ શકયા હોત. પણ એમના નિર્મોહ જીવનમાં આમાંના કશાને સ્થાન ન હતું. એક પરિમિત વર્તુલમાં પોતાના જીવનની સૌરભ ફેલાવીને એ મહાપ્રયાણ કરી ગયા. ગુજરાતે એમના જ્ઞાનનો લાભ ન લીધો—અરે એમના અસ્તિત્વના જ્ઞાનથી પણ એ વંચિત રહ્યું! 'ગુજરાત પ્રકૃતિ મંડળ' જેવી એકાદ સંસ્થાનું સન્માન્ય સભ્યપદ કંચનલાલે સ્વીકારેલું, તે કેવળ એ મંડળને ગૌરવભાક બનાવવા પૂરતું જ; કારણ કંચનલાલનું સમગ્ર જીવન-વર્તન વિદ્યાવ્યાસંગી માટે ધ્રુવતારા સમાન હતું. પક્ષીઓ પ્રત્યેનો કંચનલાલનો આવો પ્રેમ, આવી મમતા, આટલી ઉપાસના, આટલી એકરૂપતાના વિચાર માત્રથી સહૃદયીનું મસ્તક શ્રદ્ધા અને આભારથી એમની આગળ નમી પડે છે.

ગુજરાતનું પરમ દુર્ભાગ્ય છે કે પ્રકૃતિ-વિજ્ઞાનના ક્ષેત્રમાં છેલ્લાં ત્રણ વર્ષમાં એણે બે મહાન વિભૂતિઓ ગુમાવી છે. પહેલા, પ્રાગૈતિહાસિક જીવવંશવિદ્ શ્રી સ્મિથ; બીજા આ પક્ષીતત્ત્વવિદ્ શ્રી કંચનરાય. બંનેએ સમગ્ર જીવન ગુજરાતના જ્ઞાનોદય-યજ્ઞમાં હોમ્યાં હતાં. બંનેએ ૪૦-૫૦ વર્ષના સતત પ્રયત્ન દ્વારા ગુજરાતની પ્રકૃતિની ઉપાસના કરી હતી. બંનેનાં અસ્તિત્વ ને સિદ્ધિઓથી ગુજરાત સાવ અજાણ હતું. એમનાં અવસાનથી ગુજરાતની સંસ્કૃતિના અંચળના બે ખૂણા ખાલી પડી ગયા. એમનાં સ્થાન લેનાર આજે તો કોઈ નથી. પાકે ત્યારે વાત. —હરિનારાયણ આચાર્ય (ગુજરાત સમાચાર)

રામકૃષ્ણ આશ્રમ—ત્યાગ અને સેવાનું કેન્દ્ર

૧૯મી સદીના પ્રથમ ચરણ(ચતુર્થાંશ)માં બ્રિટિશ સલ્તનતની જડ હિંદમાં નંખાયા પછી તેણે ભારતીય પ્રજાના પ્રાચીન વારસાનાં જળમૂળો જ ઉખેડવા માંડયાં. અત્યાર સુધી અખંડ રહેલા ભારતના સનાતન સાંસ્કૃતિક સ્રોત ઉપર દશે દિશાથી હુમલા થવા લાગ્યા. હિંદુ ધર્મ પણ પડતીના છેલ્લા પગથારે જઇને ઊભો. પશ્ચિમની સંસ્કૃતિની વ્યવસ્થિત જોરદાર ચડાઈ આગળ આજ સુધી અણનમ રહેલો ભારતીય સંસ્કૃતિનો આત્મા હારી જશે કે શું એવો ભય ઊભો થયો. પડતીના એ કાળમાં રાજા રામમોહનરાયના નેતૃત્વ નીચે પુનર્જાગ્રતિનો જુવાળ આવ્યો ત્યારે બંગાળમાં દેવેન્દ્રનાથ તથા કેશવચન્દ્ર સેનના બ્રાહ્મો સમાજે, ઉત્તરમાં સ્વામી દયાનંદ સરસ્વતીના આર્ય સમાજે તથા દક્ષિણમાં થીઓસોફિકલ સોસાએટીએ પાશ્ચાત્ય સંસ્કૃતિના એ મહાપૂરને ખાળી રાખ્યું. પણ અંધાધૂંધી તથા અવ્યવસ્થાના એ કાળમાં ભારતીય સંસ્કૃતિનું પુનર્શોધન, તથા વેરણછેરણ થઇ ગએલા તેના આધ્યાત્મિક બળનું સંગઠનનું મહત્ત્વનું કાર્ય કર્યું સ્વામી રામકૃષ્ણ પરમહંસ તથા તેમના તેજસ્વી શિષ્ય વિવેકાનંદે. સ્વામી શ્રી રામકૃષ્ણે તો સર્વ ધર્મોનું પ્રત્યક્ષ આચરણ કરી પોતાને લાધેલા આંતર્ધાર્મિક બંધુત્વની અવિરત બોધવર્ષા કરી અને વેદ તથા ઉપનિષદના આત્માનું પુનર્નિર્માણ કર્યું. ઈ. ૧૮૮૬માં રામકૃષ્ણે દેહત્યાગ કર્યા પછી તેમના અધૂરા રહેલા કાર્યને પૂર્ણ કરવાની ઈચ્છાથી તથા 'બહુજનહિતાય બહુજન સુખાય'નું ધ્યેય અમલમાં લાવી ભારતનું પુનર્નિર્માણ કરવા માટે સ્વામી વિવેકાનંદે રામકૃષ્ણ આશ્રમની સ્થાપના કરી. આશ્રમના ધ્યેય તરીકે તેમણે બે આદર્શો રાખ્યા: (૧) રામકૃષ્ણના જીવનમાંથી પ્રેરણાપાન કરીને જગતની બની શકે તેટલી સેવા કરવા સંન્યાસી ઉપદેશકો બહાર પાડવા અને (૨) જાતિ કે ધર્મના ભેદભાવ વિના ધાર્મિક તેમજ સેવાનાં પરોપકારી કાર્યો કરવાં. પાછળથી ઇ. ૧૮૯૭માં બીજા ઉદ્દેશની પ્રાપ્તિ માટે તેમણે 'રામકૃષ્ણ મિશન એસોસીએશન' નામની સંસ્થાની સ્થાપના કરી જે ૧૯૦૯થી 'રામકૃષ્ણ મિશન' તરીકે રજિસ્ટર્ડ થઇ; અને પ્રથમ ઉદ્દેશની પૂર્તિ માટે ઈ. ૧૮૯૯માં તેમણે 'રામકૃષ્ણ મઠ'ની સ્થાપના કરી. બંનેનું કેન્દ્ર બંગાળમાં, હાવરા જિલ્લામાં બેલૂડ મુકામે રાખ્યું.

રામકૃષ્ણ મિશને પોતાનો ઉપર્યુક્ત ઉદ્દેશ પાર પાડવાના સક્રિય કાર્યક્રમ તરીકે અધ્યાત્મવિદ્યાનો અભ્યાસ કરવો-કરાવવો; સાહિત્ય વિજ્ઞાન તથા ઉદ્યોગને લગતા અભ્યાસમાં ભાગ લેવો; તે માટે યોગ્ય શિક્ષકો તાલીમ આપી તૈયાર કરીને જનસમૂહમાં શિક્ષણનો પ્રચાર કરવો; વિદ્યાલયો, કૉલેજો, અનાથાલયો, ઔષધાલયો, દુષ્કાળ પીડિતોને રાહત આપતી સંસ્થાઓ આદિનું સ્થાપન, સંચાલન તથા પાલન કરવું; પોતાની આદર્શપૂર્તિ માટે વર્તમાનપત્રો, સામયિકો તથા પુસ્તકો બહાર પાડવાં; આદિ અનેક પ્રવૃત્તિઓ શરૂ કરી. પોતાના મુખ્ય કેન્દ્ર બેલૂડમાં સંન્યાસીઓનો આશ્રમ, એક પુસ્તકાલય વાચનાલય, અતિથિગૃહ તથા ધર્માદા ઔષધાલય ચલાવવા ઉપરાંત મિશન એક રેસિડેન્શિયલ કૉલેજ તથા યંત્રવિદ્યાની શાળા પણ ચલાવે છે. બેલૂડ મઠના એ પ્રધાન કેન્દ્રની દેખરેખ નીચે ૧૯૪૫માં ભારતમાં ૪૧ મિશનનાં કેન્દ્રો, ૧૯ મઠ તેમજ મિશનનાં સંગઠિત કેન્દ્રો તથા ૩૧ મઠનાં કેન્દ્રો ચાલતાં હતાં. આ ઉપરાંત અમેરિકામાં ૧૨, સીલોનમાં ૫ તથા બ્રહ્મદેશ, મલાયા, ફીજી, મોરિશિયસ, ઇંગ્લંડ, ફ્રાન્સ તથા આર્જેન્ટિનામાં પણ એક એક કેન્દ્ર ચલાવે છે. તેનાં ૬૧ ઔષધાલયોમાં ૧૫ લાખ રોગીઓની સારવાર થએલી.

તારાઓ ઉપરથી વખત જાણવાની રીત

હિંદુ પંચાંગ આકાશની સ્થિતિ પર રચાએલું છે. તેથી તેની મદદથી આપણે આકાશનો અભ્યાસ કરવા ઉપરાંત વખત, દિશાઓ વગેરે વ્યવહારની ઉપયોગી બાબતો જાણી શકીએ છીએ.

એ પૈકી તારાઓની મદદથી રાત્રે વખત કેમ જાણવો તેની રીત અહીં જોઇએ. આપણા મહિનાઓનાં નામ નક્ષત્રો ઉપરથી પડયાં છે. નક્ષત્રો એટલે તારાઓનાં ઝૂમખાં. તે આ પ્રમાણે છે: કૃત્તિકા ઉપરથી કારતક, મૃગશીર્ષ ઉપરથી માગશર, પુષ્ય ઉપરથી પોષ, મઘા ઉપરથી માહ, ઉત્તરા ફાલ્ગુની ઉપરથી ફાગણ, ચિત્રા ઉપરથી ચૈત્ર, વિશાખા ઉપરથી વૈશાખ, જ્યેષ્ઠા ઉપરથી જેઠ, પૂર્વાષાઢા ઉપરથી અષાઢ, શ્રવણ ઉપરથી શ્રાવણ, પૂર્વા ભાદ્રપદા ઉપરથી ભાદરવો, ને અશ્વિન ઉપરથી આસો.

ઉપર જે મહિના માટે જે નક્ષત્ર આપ્યું છે તે નક્ષત્ર તે મહિનામાં હમેશાં સાંજે ઊગે અને સવારે આથમે. એક નક્ષત્ર ઊગવા કે આથમવા માટે લગભગ એક કલાક લાગે. આ ઉપરથી ઊગતું કે આથમતું નક્ષત્ર જોઈને વખત જાણી શકાય છે. અથવા કોઇ જાણીતું નક્ષત્ર આકાશમાં કયે ઠેકાણે છે તે જોઇને પણ વખત જાણી શકાય છે.

એક દાખલો લઇએ. માગશર મહિનામાં મૃગ એટલે હરણ મુખ્ય નક્ષત્ર છે. સાંજે તે પૂર્વ દિશામાં ઊગે છે, પછી ઊંચે જાય છે. મધરાતે તે માથા ઉપર આવે છે અને સવારે તે પશ્ચિમમાં આથમી જાય છે. આ ઉપરથી રાતમાં ગમે ત્યારે તેને જોઈને વખત જાણી શકાય છે. ઊગવાથી માથે આવતાં સુધી છ કલાક લાગે છે. અને ત્યાર પછી આથમવા સુધીમાં બીજા છ કલાક લાગે છે. એ હિસાબે વખતનો અંદાજ કરી લેવો. પંચાંગમાં દરરોજ સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયો આપવામાં આવે છે તેની પણ જરૂર હોય તો ઉપયોગ કરવો.

એક બીજો દાખલો લઇએ માગશર મહિનામાં રાત્રે ઊઠીને જોયું તો મઘાના તારા પૂર્વમાં ઊગતા દેખાય તો વખત કેટલો હશે?

આપણે ઉપર જોયું કે માગશર મહિનામાં હરણના તારા દિવસ આથમ્યે ઊગે છે. મૃગશીર્ષથી માંડીને મઘા એ પાંચમું નક્ષત્ર છે. (મૃગશીર્ષ ગણવું નહિ.) કલાકના એક નક્ષત્રના હિસાબે પાંચ નક્ષત્ર માટે પાંચ કલાક લાગે; તેથી સૂર્યાસ્ત પછી પાંચ કલાક ગયા છે.

મહા નગરી

ન્યૂ યૉર્ક શહેરનો મેયર ૮૦ લાખ લોકો પર રાજ્ય ચલાવે છે, જે ઘણાં યે મહારાજ્યોની વસતિ કરતાં પણ વધારે છે. ન્યૂ યૉર્કમાં આયર્લૅન્ડની રાજધાની ડબ્લિન કરતાં યે વધારે (૫૦૦૦૦) આઇરિશો વસે છે, સમસ્ત પૅલેસ્ટાઇનના કરતાં ય વધારે (૨૦ લાખ) યહૂદી વસે છે, અને રોમ જેટલા જ (૧૦,૯૫,૦૦૦) ઈટાલિયનો રહે છે. આ ઉપરાંત ત્યાં ૪૧૨૦૦૦ પૉલ, ૫૭૦૦૦ ઝેક, ૫૪૦૦૦ નૉર્વેજિયન, ૫૩૦૦૦ ગ્રીક ને ૫ લાખ હબસી રહે છે. મેયરના તાબા હેઠળ ૧૯૦૦૦ પોલિસો, ૧૧૦૦૦ બંબાવાળા ને ૧,૨૦,૦૦૦ મ્યુનિસિપલ નોકરો છે.

એક જ દિવસમાં ન્યૂ યૉર્ક ૧ હજાર અબજ ગૅલન પાણી વાપરે છે, ૨૩૫૦૦ ટન અનાજની આયાત કરે છે, અને રોજનો ૮૦૦૦ ટન કચરો બહાર નાખી દે છે. શિયાળામાં તેને બે કરોડ ગૅલન બાળવાના તેલની જરૂર પડે છે. તેની ૨૩૭ માઈલ લાંબી જમીન અંદરની અને જમીનથી ઊંચે બાંધેલી રેલવેમાં રોજના ૬૦ લાખ લોકો મુસાફરી કરે છે અને ૧૫ લાખ લોકો જમીન પરનાં વાહનોનો ઉપયોગ કરે છે. ન્યૂ યૉર્કની આજુબાજુનાં પરાંમાંથી ૪ લાખ લોકો ત્યાં આવે છે. રાતદિવસ દર અરધી મિનિટે એક ટ્રેન તેના સ્ટેશનમાં દાખલ થાય છે.

(ટાઇમ)

અન્નવિષ

વાસી મિષ્ટાન્ન જમનારાઓ કોકવાર કપરાકપરી ઝાડા ઊલટીના ભોગ થઇ પડી મૃત્યુ પામતા આપણે સાંભળીએ છીએ. આના કારણરૂપ ખોરાકમાં ગરોળી કે તેની અધાર પડી હોવાનું મનાય છે. પણ વસ્તુતઃ ખોરાક જ ઝેરી બની ગએલો હોઈ એ જીવલેણ ઝાડા-ઊલટી થતાં હોય છે. ગરોળી પડેલો ખોરાક ખાવાથી કંઇ હાનિ થતી નથી; તેમજ એની અધારથી કોઈના જાન ગયાના પુરાવા નથી.

દૂધ ને તેની બનાવટો–ખાસ કરીને વાસી બાસુદી ખાનારા આવા 'અન્નવિષ'ના ભોગ થઈ પડે છે. આ મોટા ભાગે ગરમીના દિવસોમાં બને છે. આગલી રાતે બનાવી રાખેલા બાસુદી કે ખોરાક જો ગરમ સ્થળે રહે તો તે થોડાક કલાકમાં ઝેરી બની જાય છે.

અન્નને આમ ઝેરી બનાવનાર સર્વવ્યાપી સામાન્ય 'સ્ટેફીલોકૉકસ' નામના જીવાણુઓ છે. એ આપણાં નાક, ગળાં, ચામડી ને સર્વ સ્થળે એટલી વ્યાપકરીતે વસતાં હોય છે કે તે જ અન્નને વિષમય કરી મૂકે છે એ માનવામાં ન આવે. પણ ઈ. ૧૯૩૦માં શિકાગોના ડૉ. જી. એમ. ડેકે તેમને જ ખોરાકમાં ઝેર ઉત્પન્ન કરનાર તરીકે સચમુચ 'પકડી પાડયાં' છે. એમણે સાબિત કર્યું છે કે પકવેલા ખોરાકને ગરમ સ્થળમાં રાખવામાં કે ઢાંકી મૂકવામાં આવે તો આ જીવાણુઓ પાંચ કલાકમાં તો તેમાં જીવલેણ વિષ પેદા કરે છે. ટાઢું દૂધ જીવાણુઓને વસવાનું ને વધવાનું ઉત્તમ સાધન છે. આવા દૂધમાં જો આ જીવાણુઓએ વિષ ઉત્પન્ન કર્યું હોય તો પછી તેને ફાવે તેટલું ગરમ કરવામાં આવે તોપણ તે વિષમુક્ત થતું નથી. વળી આમ ઝેરી બનેલા ખોરાકને કોઈ ખાસ પ્રકારની ગંધ કે સ્વાદ હોતાં નથી, કે જેથી માનવીને ખાધા પહેલાં કોઇ પ્રકારની શંકા પણ થાય.

એટલે ખોરાકને ઉનાળાના દિવસોમાં ચૂલા પાસે કે ગરમ જગ્યાએ રાખવો ના જોઈએ. દૂધ અને તેની બનાવટનાં ખાદ્યોની પેઠે તળેલો ખોરાક (ભજિયાં, મૂઠિયાં, ઓઢવો વગેરે) પણ સ્ટેફીલોકૉકસની અસરથી ઝેરયુક્ત બને છે. વળી ખોરાક ગરમ હોય તો તેને ઢાંકીને રાખી મૂકવો ના જોઈએ. એમ કરવાથી જીવાણુઓને ઝેર ઉત્પન્ન કરવાનું સુગમ પડે છે.

ખોરાક ઉપરાંત ખૂબ પાકી ગએલાં કે કહોવાતાં ફળો પણ વિષભર્યાં બની જાય છે. આ વિષ ઉત્પન્ન કરનાર એન્ટેરાઈટીડિસ અને ગાર્ટનર નામના જીવાણુઓ હોય છે. આ જીવાણુઓ ગરમીમાં મચ્છી, ચીઝ, દૂધ, દૂધની બનાવટો વગેરેમાં ઝેર પેદા કરે છે. આવા ખોરાકથી થતી ઝેરી અસરોમાં ચૂંક આવીને થતા પાણી જેવા પાતળા ઝાડા, વારંવાર ઊલટી ને કૉલેરા જેવાં ચિહ્નો થાય છે. પશ્ચિમી વૈદકશાસ્ત્રમાં એને ટોમાઈન (Ptomine) કે 'ફૂડ પૉઈઝનિંગ' કહેવામાં આવે છે.

અન્નવિષમાં ભયાનક 'બોટુલીનીસ' નામે ઝેર છે. ડબ્બામાં આવતાં ફળો કે માંસમાં એચ. બોટુલીનીસ જીવાણુઓની પ્રક્રિયાથી એ ઝેર પેદા થાય છે. આ ચીજો ફરીથી રાંધ્યા વિના ખવાય તો ઝેરની અસર થાય છે. દરદીને ફેર આવવા, આંખે દેખાવું બંધ થવું, ગળે કશું ઊતરવું બંધ થવું, શરીરનું ઠંડું પડવું વગેરે ઉપદ્રવો તેથી થાય છે. આ ઝેરથી ૫૦ ટકા દરદીઓ શ્વાસોચ્છ્વાસ બંધ થવાથી મરણ પામે છે.

ઝેરોમાં બોટુલીનીસ ઝેર હળાહળ ગણાય છે. અમેરિકાના જીવવિજ્ઞાનશાસ્ત્રીઓએ તેને શુદ્ધ રૂપે એકઠું કર્યું છે. એક અધોળ જેટલું તદ્દન સફેદ, સોય આકારના પાસા જેવા દેખાવનું એ ઝેર, ચાર મણ વજનના તંદુરસ્ત એવા વીસ કરોડ માણસોને એક સપાટે મારી નાંખે એવું કાતિલ હોયછે. વજનના પ્રમાણમાં આવું ગજબનાક હળાહળ ઝેર હજુ સુધી જાણવામાં આવ્યું નથી.—ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આ માસ (જાન્યુઆરી) ઈતિહાસમાં

તા. ૧ વિક્ટોરિયા હિંદની મહારાણી તરીકે જાહેર થઈ, ૧૮૭૭.
તા. ૪ સુરત શહેરને ભસ્મીભૂત કરી નાખનારી ભીષણ આગ, ૧૧૯૧.
તા. ૭ પાણીપતમાં દુર્રાની સામે મરાઠાઓની હાર, ૧૭૬૧.
તા. ૮ હુમાયૂંએ શેરખાન પાસેથી ચુનારનો કિલ્લો લીધો, ૧૫૩૮.
તા. ૧૨ કર્મયોગી સંન્યાસી સ્વામી વિવેકાનંદનો જન્મ, ૧૮૬૩.
તા. ૧૭ બેન્જામિન ફ્રાંકલિનનો જન્મ, ૧૭૦૬.
તા. ૧૯ અંગ્રેજોએ એડન કબજે લીધું, ૧૮૩૯.
તા. ૨૪ કલકત્તા યુનિવર્સિટીની સ્થાપના, ૧૮૫૭.
તા. ૨૬ શીતળાની રસીના શોધક એડવર્ડ જેનરનું અવસાન, ૧૮૨૩.
તા. ૨૮ મુંબાઈમાં કૉંગ્રેસની પહેલી બેઠક ભરાઈ, ૧૮૮૫.



આ માસની વ્યક્તિવિશેષ

આચાર્ય આનંદશંકર ધ્રુવ

જેમની પ્રગાઢ વિદ્વત્તાએ ગુજરાતને હિંદભરમાં ગૌરવ અપાવ્યું તે અભિજાત સંસ્કારમૂર્તિ, પ્રબુદ્ધ જ્ઞાનમૂર્તિ આચાર્ય આનંદશંકર ધ્રુવનો જન્મ અમદાવાદમાં વડનગરા નાગર કુટુંબમાં ઈ. ૧૮૬૯ની ૨૨મી જાન્યુઆરીએ થયો હતો. સંસ્કારી ને શ્રીમંત પિતાએ તેમને લાડ ને કોડથી ઉછેર્યાં. નાનપણથી જ રમ્ય તથા મધુર વ્યક્તિત્વવાળા એ તેજસ્વી બાળકે અભ્યાસમાં મોખરે રહી મુંબાઇ યુનિવર્સિટીની મૅટ્રિકની પરીક્ષા બીજે નંબરે પાસ કરી, ને બચ્ચા ઝા આદિ નામાંકિત મૈથિલી પંડિતો પાસે ઘેર સંસ્કૃતનું ઉત્કૃષ્ટ જ્ઞાન મેળવી તે અમદાવાદની ગુજરાત કૉલેજમાંથી ઇ. ૧૮૯૨માં એમ.એ. અને પછી એલ.એલ. બી. થયા. તરત જ કૉલેજના એમના સંસ્કૃતના પ્રોફેસર નિવૃત્ત થતાં એ જગ્યાએ નિમાયા, અને ૧૯૧૯ સુધી એ પદે રહીને પોતાની ઊંડી વિદ્વત્તા, અંગ્રેજી તથા સંસ્કૃત ઉપરના અદ્ભુત પ્રભુત્વ તથા અપાર વાગ્વૈભવથી એક આખી પેઢીના વિદ્યાર્થીઓમાં આદર્શ શિક્ષાગુરુ તરીકે પૂજનીય બની ગયા ને મુંબાઈ પ્રાંતની મહાશાળાઓમાં સમર્થ અધ્યાપક તરીકે નામના મેળવી.

૧૭-૧૮ની વયે એમણે સાહિત્યપ્રવૃત્તિ આદરેલી, અને પાછળથી સાક્ષરવર્ય મણિલાલ નભુભાઇ સાથે એટલા નિકટના પરિચયમાં આવ્યા કે મણિલાલના અવસાન પછી એમનું 'સુદર્શન' માસિક ચારેક વર્ષ ચલાવ્યું. તે પછી ૧૯૦૨માં નવા યુગની ભાવનાને અનુરૂપ 'વસન્ત' શરુ કરીને તેજસ્વી કલમ વડે એને ગુજરાતની ભાવનાઓ તથા સંસ્કારિતાનું પ્રતિનિધિ એવું ઉત્તમ માસિક બનાવ્યું ને ૪૦ વર્ષની એની કારકિર્દીમાં ગુજરાતનું બૌદ્ધિક જીવન એ દ્વારા ઘડયું.

એમની આ વિદ્વત્તા ને જ્ઞાનસાધનાથી ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારથી એમના પ્રતિ આકર્ષાએલા, ને પછી તો નિકટ પરિચયથી એટલા મુગ્ધ થએલા કે ૧૯૧૯માં માલવીયજીએ બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય માટે કોઇ સમર્થ ને વિદ્વાન કેળવણીકારની માગણી કરી ત્યારે ગાંધીજીએ એમનું નામ સૂચવ્યું. બનારસમાં કૉલેજના આચાર્ય તથા વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિ તરીકે ૧૭ વરસ સુધી કામ કરી, કટોકટીમાંથી પસાર થતા એ સંસ્થાના તંત્રને વ્યવસ્થિત કરીને પોતાની વિદ્વત્તા, શીલ તથા કૌશલથી તે અખિલ હિંદના નામાંકિત પુરુષ બન્યા. ત્યાંથી ૧૯૩૬માં નિવૃત્તિ લઈ અમદાવાદ આવી રહ્યા પછી તેમની તબિયત નરમ થતી ગઈ, ને ઇ. ૧૯૪૨ની ૭મી એપ્રિલે દેહ છોડયો.

હાથ જોડી ના બેસો રે ભાઇ હાથ જોડી ના બેસો
કરવું હરિને હાથ ખરું, પણ સાથ શું શ્રમ નહિ લેશો?

—કવિ ખબરદાર—

આશ્રમમાં એક વાર ગાંધીજીના શરીર પરની ચાદરમાં સાપ ચડેલો તે વેળા તેમની સાથે વાતો કરતા રાવજીભાઇએ તેમને સ્થિર રહેવાનું કહી સફાઇથી સાપને ચાદરમાં લપેટી લઈ દૂર ફેંકી દીધેલો એ વાત તો જાણીતી છે. 'એ પ્રસંગે તમારા મનમાં શું થયું હતું' એમ પૂછતાં ગાંધીજીએ કહેલું: 'ક્ષણભર તો હું ગભરાયો; પણ એ ક્ષણભર જ. પછી કાંઈ જ ન લાગ્યું. પછી મને વિચાર આવવા લાગ્યા કે જો સાપ મને કરડશે તો સૌને એ જ કહીશ કે એને મારશો નહિ. સામાન્યરીતે તો અહીં સાપને જોતાં તમે બધા તેને મારવા તત્પર થઈ જાઓ છો, અને મેં તમને હજી એમ કરતાં રોકયા નથી; પણ જે સાપ મને કરડે તેને તો અભયદાન જ મળવું જોઇએ.'

કહેવતોના અર્થ: 'ઘાનને આધારે ઢોકળું ચડે'-એક મુખ્ય કે સારી પ્રવૃત્તિની પાછળ બીજી ગૌણ પ્રવૃત્તિઓ ચાલ્યા કરે યા આડકતરા લાભ પામે તે દર્શાવવા આ કહેવત વપરાય છે. તેને મળતી બીજી કહેવતો: 'શેરડી પાછળ એરંડી પાણી પીએ.' 'ચૂડામાં મૂડો સમાય' વગેરે.

અનેકાર્થી શબ્દ: **ખાતર**=ખેતર સુધારવા માટે તેમાં નખાતા છાણ, કાંપ વગેરે પદાર્થો; ચોરે ભીંતમાં પાડેલું બાકું; ચોરી; ચાકરી કે બરદાસ; તરફદારી; વાસ્તે કે માટે.

૧ થી ૨૪ સુધીના આંકડાને નીચે પ્રમાણે અનુક્રમમાં ચાર હારમાં ગોઠવવાથી પ્રત્યેક ઊભી હારનો સરવાળો ૫૦ જ આવે છે!

૧	૨	૩	૪	૫	૬
૧૨	૧૧	૧૦	૯	૮	૭
૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮
૨૪	૨૩	૨૨	૨૧	૨૦	૧૯
૫૦	૫૦	૫૦	૫૦	૫૦	૫૦

ખીલવાળા મોં પર રાત્રે સૂતી વેળા દૂધની મલાઈ મસળવાથી મોં પરના ખીલ, ડાઘ વગેરે મટી જઇ ચામડી મુલાયમ બને છે.

સૃષ્ટિનાં મજબૂત અને મોટામાં મોટાં બધાં પ્રાણીઓ ફળાહારી છે. દા. ત. હાથી, જિરાફ, ગોરિલા, હિપોપોટેમસ, ગેંડો વગેરે.

અત્યાર સુધી ૨૩ જાતની ટારઝન ફિલ્મ તૈયાર કરવામાં આવી છે.

લંડનનું સુપ્રસિદ્ધ બિગ બેન ઘડિયાળ ૧૮૫૪માં તૈયાર કરવામાં આવેલું, પણ તેનો ઘંટ ૧૮૫૮માં બનાવાએલો. એ ઘંટનું વજન ૭૫૬ મણ છે. એ વિશાળ ઘંટ સાથે બીજા ૪ નાના ઘંટ પણ વાગે છે. એ ઘડિયાળનો મિનારો (ટાવર) જમીનથી ૩૨૦ ફૂટ ઊંચો હોઇ ત્યાં પહોંચવા માટે ૨૯૨ પગથિયાં છે. ઘડિયાળના ચંદાનો વ્યાસ ૨૩ ફૂટ છે, ને મિનિટના બે આંકા વચ્ચે એકએક ફૂટનું અંતર છે! દરેક આંકડાની ઊંચાઈ બબ્બે ફૂટ અને મિનિટના કાંટાનું વજન ૨૦૦ રતલ છે. એ કાંટો વરસમાં લગભગ ૧૦૦ માઈલની મુસાફરી કરે છે. તેના ૧૩ ફૂટ લાંબા લોલકનું વજન ૬૮૫ શેર થાય છે. અઠવાડિયામાં ત્રણ વખત વીજળિક મોટરથી તેને ચાવી અપાય છે. તે પહેલાં બે માણસોને અઠવાડિયામાં બે વખત ચાવી આપતાં ૮ કલાક થતા. ઇ. ૧૮૬૧માં ઘડિયાળમાં કંઈક ગોટાળો થતાં સામટા ૧૦૦ ટકોરા પડયા હતા! અને આ એક વિશિષ્ટ અકસ્માત હતો, કારણ બરાબર તે જ વખતે રાણી વિકટોરિયાના પતિ પ્રિન્સ કૉન્સોર્ટ મૃત્યુશૈયા પર પડેલા હતા!

ઍલ્યુમીનિયમથી માંડીને લાકડા સુધી અને રેડિયમથી માંડી રેશમ સુધી લગભગ ૧૦૦૦ કરતાં યે વધારે વસ્તુઓ વિમાનની બાંધણીમાં વપરાય છે.



ફોટોગ્રાફીના અથવા સાદા કાગળ પર ઉપર મુજબની ઘરની વિવિધ ચાવીઓનાં છાયાચિત્રો લઈ, તેની નીચે તે શાની છે તે લખી રાખવાથી બે લાભ થશે: એક તો ઝૂડામાંથી જોઈતી ચાવી તે તે છાયાચિત્ર સાથે મેળવીને જલદીથી શોધી શકાશે, ને બીજું, કોઈ ચાવી ખોવાઇ જતાં, તેના આ છાયાચિત્ર પરથી નવી ચાવી સુગમતાથી બનાવી શકાશે.



કલાકણિકા: ગયા અંકમાં વર્ણવેલા પૂનાના શ્રી ડી. જી. કેળકરના કલાત્મક સૂડીઓના સંગ્રહ પૈકીનો એક વધુ નમૂનો, જેમાં કરેલું ઘોડેસવારનું આયોજન કોઈકને 'કુમાર'ના પ્રતીકની યાદ આપશે.

સળેખમ થતાં કેટલાક માણસો તે દૂર કરવા નાકમાં બજારમાં મળતી દવાઓનાં ટીપાં નાખે છે. આથી લાભ થવાને બદલે હાનિ જ થાય છે. કારણ એ દવાથી શ્વસનમાર્ગનું સંરક્ષક આવરણ દૂર થઇ સળેખમના અતિસૂક્ષ્મ જંતુઓને હુમલો કરતાં સારી પેઠે ફાવે છે. હજુ સુધી સળેખમ પર તો કોઇ દવા જ શોધાઈ નથી. આરામ, ગરમ વાતાવરણ, ઊનાં પીણાં અને આનંદી વૃત્તિથી જ તે નરમ પડે છે.

માટલામાં ભરી રાખેલું મીઠું જલદી ઊખડતું ન હોય તો તેમાં બે રીંગણ મૂકી રાખજો; ઊખડી આવશે.

લંડનની 'સ્કૂલ ઑવ્ ઓરીએન્ટલ ઍન્ડ આફ્રિકન સ્ટડીઝ'માં ૨૩ આફ્રિકન ભાષાઓ, ૯ સેમેટિક ભાષાઓ, ૨૮ ઇંડો-યુરોપિયન ભાષાઓ, ૪ દ્રવિડિયન ભાષા, ૧૩ ચીની–તિબેટન ભાષા, ૬ તુર્કી-મૉંગોલિયન ભાષા, ૩ ઑસ્ટ્રેલેશિયન ભાષા અને બીજી અગણિત ભાષાઓ શીખવવામાં આવે છે.

ઍલાસ્કાનો દરિયાકાંઠો એટલો લાંબો છે કે આખી પૃથ્વીના પરિઘને ફરી વળી રહે!

મધમાખી ડંખ કેમ મારે છે?

મધમાખીઓમાં પણ અમુક જાતો છે. તેમાંની 'કામગરી' મધમાખી જ ડંખે છે. પણ તે જ્યારે ખૂબ હેરાન થઇ ગઇ હોય અથવા ખાસ કરીને મધપૂડાનું રક્ષણ કરવાનું હોય છે ત્યારે જ ડંખે છે. તે જે ડંખ મારે છે તેમાં ખાસ ઝેર નથી હોતું, પણ તે એક પ્રકારનો વાંકો કાંટો હોય છે, જે ડંખ મારતાં જ તેના શરીરમાંથી તૂટી જઈ આપણા શરીરમાં પેસી જાય છે. ખૂબી તો એ છે કે ડંખ્યા પછી એ માખી થોડીવારમાં જ મરી જાય છે! આમ કુદરતે મધપૂડાના રક્ષણ માટે મરી ફીટવાની ઉત્કટ ભાવના મધમાખીમાં મૂકી છે.








મુંબાઇ કલાશાળાની કૃતિઓ: મુંબાઈનીસર જે. જે. સ્કૂલ ઑવ આર્ટ પહેલી જ વાર હિંદી ડિરેકટરના હાથમાં આવ્યા પછી તેમાં રાષ્ટ્રીય સંસ્કૃતિ અને ભાવનાઓને વિશેષ આદર અને સ્થાન મળ્યાં છે, એમ તેના છેલ્લા પ્રદર્શનમાંથી જણાય છે. તે સાથે નવી શૈલીઓના ચેપથી મુક્ત રહી ચિત્રશિક્ષાના પાયારૂપ નિરીક્ષણશક્તિ ને આલેખનશુદ્ધિ કેળવવા પાછળનો ડિરેકટરનો આગ્રહ વિદ્યાર્થીઓને યોગ્ય ભૂમિકા માટે જરૂરી છે. એક દસકા પહેલાં રામાયણ-મહાભારત તથા બુદ્ધનાં ખૂબ ઘુંટાએલાં ચિત્રોનો પડી ગએલો અખખો દૂર થાય છે ને ઇતર પ્રાંતના વિદ્યાર્થીઓ પણ ગ્રામ-જીવન ને રાષ્ટ્રજીવનના પ્રસંગો પર નજર ચલાવી નવું વાતાવરણ સર્જવા મથે છે. કેટલાક હોનહાર ગુજરાતી વિદ્યાર્થીઓનાં ચિત્રો આશાસ્પદ છે.–ર. મથાળે: ડાબી બાજુથી–માતૃપદ (મોરાર ઠાંક); રાસ (કેશવાળા); ગરબો (કુ. ભક્તિદેવી શાહ); નીચે: ગૌદોહન (અમીતા તેજા); સ્વાતંત્ર્યદિન (જે. વી. ગોવેકર); નવરાત્ર (રતુ શાહ).